بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ


**અહલે સુન્નત વ જમાઅત**

**ચા'ને મસ્લકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર**

**બફય્ઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ** رحمۃ اللہ علیہ

**બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رحمۃ اللہ علیہ


# માસિક બરકાતે ખ્વાજા


**બરકાતે ખ્વાજા** *(માસિક)*

**૧-સપ્ટેમ્બર-૨૦૦૭**

શાબાનુલ મોઅઝ્ઝમ-રમઝાનુલ મુબારક

**હિજરી સન : ૧૪૨૮**

**વર્ષ : ૦૪, અંક : ૦૯, સળંગ અંક : ૪૫**

**★ સ્થાપક અને પ્રકાશક ★**

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



**પત્ર વ્યવહારનુ સરનામું**

**બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફય્ઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મોબાઈલ : ૯૪૨૭૪૬૪૪૧૧**

Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫-૦૦ |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૨૦-૦૦ |
| વિદેશ માટે | £ | 15-00 |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૩૦૦-૦૦ |
| આજીવન | રૂા. | ૩૦૦૦-૦૦ |
| વિદેશ માટે પેટ્રન | £ | 150-00 |
| વિદેશ માટે આજીવન | £ | 250-00 |


**★ માનદ તંત્રી ★**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc)**


## ઈબ્લીસ કે સિપાહી (નઝમ)

રજૂકર્તા : જનાબ **'જિગર'** નબીપુરી–લંડન

શહરસે આ રહે હૈં ઈબ્લીસ કે સિપાહી
દેહાત જા રહે હૈં ઈબ્લીસ કે સિપાહી
હમ દીન કે ખાદિમ કલ્મા પળ્હા રહે હૈં
દર પર ગીલા રહે હૈં ઈબ્લીસ કે સિપાહી
અપની તરફ જો હક્ક઼ કે રસ્તે પે ચલ રહે હૈં
ઉનકો બુલા રહે હૈં ઈબ્લીસ કે સિપાહી
ભટકે હુવે કો હક્ક઼ કા, ખાદિમ બતા રહે હૈં
ઉલ્ટા પળ્હા રહે હૈં ઈબ્લીસ કે સિપાહી
ફિકરે અયાં ગાયબ, બીવીસે બે ખબર હૈં
લંડન સે આ રહે હૈં ઈબ્લીસ કે સિપાહી
કયા હૈ હકૂકે ઝૌજહ, બતલા દિયા તો ઉલ્ટે
આંખ દિખા રહે હૈં ઈબ્લીસ કે સિપાહી
બદ્ નિય્યતી કી ગઠરી કાંધે પે રખ કે સબકો
તક઼વા દિખા રહે હૈં ઈબ્લીસ કે સિપાહી
મુશ્રિકોં કે આગે, સર કો ઝુકા રહે હૈં
નૂરે નબી કે દુશ્મન, ઈબ્લીસ કે સિપાહી
સુન્નત કો યૂં ભૂલા કર મસ્જિદોં મેં વો અબ તો
ખાના પકા રહે હૈં ઈબ્લીસ કે સિપાહી
સોએ તો ફર્શ કો આખિર નાપાક કર રહે હૈં
કયા ઝુલ્મ ઢા રહે હૈં ઈબ્લીસ કે સિપાહી
કર કે નજિશ ચટાઈ, વક્તે સહર ઉઠે તો
ક્યા મુંહ બના રહે હૈ ! ઈબ્લીસ કે સિપાહી
લોગોંને જબ નિકાલ મસ્જિદસે ઉન્કો ફિર ક્યું
મસ્જિદ મેં આ રહે હૈં ઈબ્લીસ કે સિપાહી
હલકા બના કર ઈમાન લૂંટને કો
દેખો વો જા રહે હૈં ઈબ્લીસ કે સિપાહી
તબ્લીગે દીન કા દઅવા બાતિલ હૈ ઉનકા 'નાઝાં'
મક઼સદ છૂપા રહે હૈં ઈબ્લીસ કે સિપાહી

*જનાબ 'નાઝાં' ફૈઝી (ગયા)ના સંગ્રહમાંથી*

**નોંધ** **આ સાથેના વર્તુળમાં લાલ ચોકડી હોય તો સમજવું કે તમારું લવાજમ પૂરું થયું છે. તો જલ્દીથી મોકલાવી દેવું.**

# બરકાતે ખ્વાજા (માસિક) સપ્ટેમ્બર-૨૦૦૭

**વર્ષ : ૦૪** **અંક : ૦૯** **સળંગ અંક : ૪૫**


| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | **મુસલમાન ! અને ઈસ્લામી સિદ્ધાંતો–સુન્નતોથી સુગ ?!** | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી *(તંત્રી લેખ)* | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક** : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યાલય) | ૦૯ |
| ૦૩. | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | **અઝ** : મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ | ૧૧ |
| ૦૪. | શિફા શરીફ | **લેખક** : હઝરત ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ<br>(ગુજરાતી અનુવાદક) ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી | ૧૩ |
| ૦૫. | દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ એટલે **કાનૂને શરીઅત** | **લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ<br>**અનુવાદક** : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી | ૧૪ |
| ૦૬. | રહમતે દારૈન ﷺના શયદાઈ | **રજૂકર્તા** : ફરઝાના સાજિદ પટેલ–દયાદરા | ૧૬ |
| ૦૮. | ઈમાનદારીનું ફળ | **રજૂકર્તા** : મૌલાના મુહમ્મદ શાકિર મિસ્બાહી દયાદરવી | ૧૭ |
| ૦૭. | ગુનાહોનો ઈલાજ | **લેખક** : મૌલાના હકીમ મુહમ્મદ અસ્લમ શાહીન કાદરી<br>**અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર મિસ્બાહી દયાદરવી | ૧૯ |
| ૦૯. | રમઝાન શરીફની ફઝીલત તથા હિકમત | અઝ : હઝરત અલ્લામા મૌલાના યુનુસ મિસ્બાહી | ૨૧ |
| ૧૦. | દુનિયાની મહોબ્બતમાં પડનારને તેના નબીનો સંદેશ ! | **રજૂકર્તા** : અલ્તાફ હુસૈન મુહમ્મદ હનીફ કુરચનવી<br>*(મુતઅલ્લિમ જામિઆ અશરફિયહ–મુબારકપુર, યુ.પી.)* | ૨૪ |
| ૧૧. | કોઈની સાથે એની તુલના યોગ્ય ગણાશે નહીં અલ્લાહ અલ્લાહ છે ! કુર્આન કુર્આન છે ! | **કાર્યાલય** | ૨૫ |
| ૧૨. | **'ઈસ્લામિક વોઈસ' કે 'ગેર ઈસ્લામિક વોઈસ' ?!** | **રજૂ.** ડો. અબ્દુન્નઈમ અઝીઝી–બરેલી શરીફ<br>**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી | ૩૦ |
| ૧૩. | **મૌલાના તાહિરુલ કાદરી વિશે જાણવા જેવું !** | **કાર્યાલય** | ૩૨ |
| ૧૪. | **મશીન થકી ઝબહ થતા જાનવરનો હુકમ** | **અઝ** : હઝરત અલ્લામા મુફતી નિઝામુદ્દીન મિસ્બાહી<br>**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી | ૩૩ |
| ૧૫. | હુઝૂર તાજુશ્શરીઅહ્ની જીવન ઝરમર પ્રથમ દૃષ્ટિએ | **રજૂકર્તા** : મૌલાના મોહસિન કાદરી રઝવી<br>*(ખતીબો ઈમામ : મસ્જિદે ગૌષિયા–બોલ્ટન, યુ.કે.)* | ૩૮ |
| ૧૬. | અલ્લામા તેહસીન રઝાખાં એક બાકમાલ શખ્સિયત | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી | ૪૦ |
| ૧૭. | મૌલાના શાકિર રઝવીને મુબારકબાદ ! | **કાર્યાલય** | ૪૨ |
| ૧૮. | ઈસ્લામના જંગી કાનૂન તથા તેની ખૂબીઓ | **રજૂકર્તા** : મૌલાના ઈમરાન દાઉદ ઝંઘારવી | ૪૩ |
| ૧૯. | બરકાતે ખ્વાજાની ટપાલ | **કાર્યાલય** | ૪૫ |
| ૨૦. | સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર | **કાર્યાલય** | ૪૮ |

# મુસલમાન ! અને ઈસ્લામી સિદ્ધાંતો–સુન્નતોથી સુગ ?!

**તંત્રી લેખ**

આજથી થોડાક વરસો પહેલાંનો બનાવ છે કે, એક નવયુવાન સુન્નતે રસૂલ (નિકાહ) અદા કરવા તથા જિંદગીને પાકીઝા તરીકાથી જીવવા માટે પોતાની જીવન સંગીનીની પસંદગી માટે એક સ્થળે જાય છે અને તેના માં બાપની સંમતિથી એક ખૂબસૂરત મુસલમાન ખાતૂનને મળે છે. એ ખૂબસૂરત ચહેરાવાળીના દિલમાં ઈસ્લામ તથા સુન્નતે રસૂલુલ્લાહ ﷺ પ્રતિ કેવા બદ્સૂરત ખયાલો છે તે જોઈ લો ! કે તેણી કહે છે કે, **"મને તમારું બધું જ પસંદ છે પણ (દાઢી તરફ ઈશારો કરીને કહે છે) એને સાફ કરાવી દો !"** જ્યારે મેં આ વાત સાંભળી હતી તો મને સખત સદમો લાગ્યો હતો કે યા અલ્લાહ ! આ આશિકે રસૂલ કહેવાતા લોકોની દીકરીઓ છે ! આ કેવા મુસલમાનો છે ?!

આશ્ચર્યમાં ન પડતા, કેમ કે એથીય અધિક આશ્ચર્યની વાત હવે હું તમને જણાવું છું કે એક "આલિમા" તથા "મુઅલ્લિમા" જે અમુક વરસો સુધી ઈસ્લામની તા'લીમ શીખી અને હવે ઈસ્લામી બહેનોને શીખવાડી રહી છે. એક નવયુવાન આલિમ નિકાહ માટે પસંદગી કરવાની નિય્યતે એ તેણીની મુલાકાત કરે છે, તો આ "આલિમા" કહે છે કે, **"તમે મને પસંદ છો પણ આ (દાઢી) કઢાવી નાખજો ! અને બીજી શરત કે શાદી બાદ હું પર્દો પહેરીશ નહીં !"**

## રક્ષક જ ભક્ષક બની રહ્યા છે !

પહેલા બનાવમાં તો આપણે એ વિચારીને મનને મનાવી લઈએ કે ભાઈ ! દીનથી અજ્ઞાન છોકરી છે, માં બાપે દીની માહોલમાં નથી રાખી અને ઘરોમાં ટી.વી., વી.ડી.ઓ.ના સેટ હજારોના મૂકી દીધા જેના પર પશ્ચિમી અસરોવાળા ગંદા પ્રોગ્રામોની અસર તેણીને થઈ છે જેથી ઈસ્લામથી બગાવત તથા સુન્નતોથી સુગ પેદા થઈ હશે. તેણીને સારો દીની માહોલ મળે તો શક્ય છે કે તૌબા કરી લે. પણ આ બીજા પ્રસંગમાં તો "આલિમા", "ફાઝિલા", "મુઅલ્લિમા" (દીની શિક્ષિકા) જ દીન તથા સુન્નતોથી જાણે ધૃણા પ્રદર્શિત કરતી જણાય છે ! હવે શું કહીને મનને મનાવીએ ?! ઈસ્લામની રક્ષા કાજે તા'લીમ મેળવનારા આ રક્ષક જ ભક્ષક બની રહ્યા છે !

મુસ્લિમ ખાતૂનો સંબંધે આવા બનાવો તો હવે સામાન્ય થઈ ગયા છે, તમારામાંથી પણ કેટલાયને આવા કે આથી બદ્તર અનુભવ થયા હશે. પણ હે મુસલમાનો ! આપણે મુસલમાન છીએ, અલ્લાહ તથા તેના રસૂલ ﷺને ચાહનારા છીએ તો આપણને અલ્લાહ વ રસૂલના એક એક ફર્માનથી દિલો જાનથી મહોબ્બત હોવી જોઈએ અને ઈસ્લામ વિરુધ્ધના વિચારો તથા કામોથી સખ્ત નફરત હોવી જોઈએ. કુર્આન હદીષનાં એક એક ફર્માન પર જાન લૂટાવવાનો જઝબો દિલમાં ઉછાળા મારી રહ્યો હોય તેનું નામ "ઈમાન" છે. સાંભળો ! ઉપર જણાવી તે મુસલમાન ખાતૂનો પર આપણે કોઈ હુકમ ફીટ નથી કરતા પણ એટલું તો જરૂર છે કે **"શરીઅતમાં છે કે જેણે અલ્લાહના રસૂલની કોઈ સુન્નતને હલકી જાણી તો તેણે "કુફ્ર" કર્યું કહેવાશે."** હવે આ તેણીઓએ આ સુન્નતને હલકી

જાણી, તુચ્છ જાણી કે કઈ રીતે તેનાથી અણગમો તથા નાપસંદગી તથા સુગ દર્શાવી એનો ફેંસલો તેણીઓ જાતે જ કરી શકે.

## ઈસ્લામમાં સંપૂર્ણપણે દાખલ થઈ જાવ !

મુસલમાનો ! દિલના કાનોથી સાંભળો ! જો તમારું ઝમીર મુર્દા નથી થઈ ગયું ! ખરેખર તમને અલ્લાહ વ રસૂલથી સાચી મહોબ્બત છે તો ગંભીરપણે આ પ્રસંગને વાંચો અને તમારું, તમારી ઔલાદનું, તમારા ઘરનું, તમારા માહોલનું નિરીક્ષણ કરો કે આપણે મુસલમાનીના દાવેદારો આશિકે રસૂલ હોવાના દાવેદારો ક્યાં ઉભા છીએ ! આપણી શું હાલત છે !

અલ્લાહના રસૂલ ﷺના એક સહાબી હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને સલામ જેઓ ઈસ્લામ લાવ્યા તે અગાઉ યહૂદીઓના જબરદસ્ત આલિમ હતા. આપે તૌરાતમાં નબી આખિરુઝ્ઝમાં ﷺની નિશાનીઓ વાંચી હતી જેના આધારે આપ આપણા નબી ﷺમાં તે નિશાનીઓ પામતાં આપણા નબી ﷺ પર ઈમાન લાવ્યા. ઈમાન લાવ્યા બાદ આપે જોયું કે ઈસ્લામમાં ઊંટનો ગોશ્ત ખાવો જાઈઝ છે, જ્યારે યહૂદી ધર્મમાં એની ઈજાઝત ન હતી. જેથી આપે વિચાર્યું કે ઈસ્લામમાં ઊંટનો ગોશ્ત ખાવો કાંઈ ફર્ઝ કે વાજિબ નથી, ન ખાય તો કોઈ ગુનોહ નથી અને શરીઅતે મૂસવીમાં મના છે, જેથી ન ખાવામાં બંને શરીઅતો પર અમલ થઈ જશે ! આવું વિચારીને ન ખાધો. અલ્લાહને ક્યાંથી પસંદ હોય કે મારા નબીનો કલ્મો પઢનારો અન્ય ધર્મોના કાનૂન પર અમલ કરવાનો વિચાર કરે ! જેથી કુર્આન શરીફમાં તરત જ આયત નાઝિલ ફર્માવી :– يَآيُّهَا الَّذِينَ اٰمَنُوا ادْخُلُوا فِى السِّلْمِ كَآفَّةً ''હે ઈમાનવાળાઓ ! ઈસ્લામમાં સંપૂર્ણપણે દાખલ થઈ જાવ !'' *(સૂ. બકરહ્, આ. ૨૦૮)*

વિચારો ! તૌરાત પણ આસ્માની કિતાબ છે, એની શરીઅત પણ અલ્લાહના મોકલેલ મહાન નબી હઝરત મૂસા عليه السلامની રજૂ કરેલ અને તે પણ અલ્લાહ તરફથી જ મળેલી શરીઅત હતી. પણ આપણા નબી આખિરુઝ્ઝમાં ﷺના આગમન પછી આગલી શરીઅતો મન્સૂખ (રદ) થઈ ગઈ અને હવે મુસલમાને કેવળ શરીઅતે મુહમ્મદી પર જ ચાલવાનું છે, એનો તાકીદી હુકમ નાઝિલ થઈ જાય છે. કોના માટે ?! એક સહાબીએ રસૂલના માટે કે જેમણે કોઈ ગુનોહ ન કર્યો હતો ! હરામ કામ પણ ન કર્યું હતું. પણ છતાં અલ્લાહ ફર્માવે છે કે, ''સંપૂર્ણપણે ઈસ્લામમાં દાખલ થઈ જાવ !'' તો જેઓ ખુલ્લમ ખુલ્લા અલ્લાહના કલામ કુર્આન શરીફના આદેશો તથા રસૂલુલ્લાહ ﷺના ફર્માનોની વિરુધ્ધ વર્તન કરી રહ્યા છે, જેઓ સરેઆમ ઈસ્લામી શરીઅત તથા અલ્લાહ جل جلاله તથા રસૂલ ﷺના ફર્માનોની વિરુધ્ધ વર્તી રહ્યા છે અને ઈસ્લામના દુશ્મનોના તરીકા પર ચાલી તેમના જેવી જિંદગી બનાવી ચૂક્યા છે તેમનાથી અલ્લાહ વ રસૂલ કેટલા નારાજ થતા હશે ?! તે ખૂદ વિચારી લે.

## આવી દૌલતથી સૂકો રોટલો બેહતર !

આજે મુસલમાનોની વિચારસરણી કેટલી હદે નિમ્ન કક્ષાએ પહોંચી ચૂકી છે તથા ગૈર ઈસ્લામી ઢબના ખયાલો તથા બેબાકીપણુ તથા ઈસ્લામના કાનૂનોથી બગાવતના ખયાલો કેટલી હદે પહોંચ્યા છે તે જુઓ કે આપણા એક ભાઈ મુસલમાનોના મહોલ્લામાં રહેતા હતા. મધ્યમ વર્ગના હતા તો ઘરમાં માહોલ પણ ઈસ્લામી હતો, ઔરતોનો વ્યવસ્થિત મુસ્લિમ લાગે તેવો લિબાસ હતો. અલ્લાહે

તેમને દૌલત આપી અને લાખો પતિ થઈ ગયા તો હવે "હાઈ સોસાયટી !"માં રહેવા ગયા જ્યાં ગૈર કૌમ સાથે ઉઠક બેઠક તથા વહેવાર થવા લાગ્યો. તો તેમની રહણીકરણી તથા લિબાસમાં ફરક આવી ગયો અને ગૈર ઈસ્લામી જીવન ઢબ તેમની થઈ ગઈ. તેમની યુવાન પુત્રી ફીટ પેન્ટ અને ટી શર્ટ પહેરીને ઓઢણી વિના વાળો બોબ્ડ કટ કરાવીને ગૈર કૌમના યુવાનો સાથે ફરવા લાગી. તો તેમના એક મિત્રે તેમને સવાલ કર્યો કે, ભાઈ ! આ શું થઈ ગયું ?! આપણે મુસલમાન છીએ, આ આપણને ન શોભે ! તો જવાબ મળ્યો કે, **યાર ! તમે પણ શું ૧૪૦૦ વરસ પૂરાણી નિરર્થક જૂનવાણીની વાતો કરવા માંડયા છો !** હવે જમાનો આગળ વધી ચૂક્યો છે, એવા બધા જૂના વિચારોને હવે ત્યજી દેવા જોઈએ. અને **અમારી સોસાયટીમાં ઉચ્ચ કક્ષાના એજ્યુકેટેડો ડોકટરો, ઍંજીનિયરો, મોટા મોટા બિઝનેસ મેનો વસે છે, તેમની પુત્રીઓ એડવાન્સ થઈને ફરે અને તમે ચાહો છો કે અમારી પુત્રી તથા સ્ત્રીઓ જૂનવાણી બનીને તેમના વચ્ચે રહે ?!**

સાચુ કહ્યું છે કોઈએ કે "દૌલત માણસને જન્નતમાં લઈ જાય છે અને જહન્નમમાં પણ." **૧૪૦૦ વરસ પૂરાણી વાતો એટલે કોની વાતો ?!** એ તો **અલ્લાહ વ રસૂલના હુકમો છે** જે જગતના માનવોની ભલાઈ કાજે આવેલા છે. એ તો તે ઈસ્લામી આદેશો છે જેણે જગતની સ્ત્રીઓને ઈજ્જત અતા કરી, તેને મુસલમાન જ નિરર્થક કહે છે ?! આવી દૌલતોથી સૂકો રોટલો બેહતર છે.

## તેઓ પણ મુસલમાન હતા અને આપણે પણ મુસલમાન છીએ !

આવો દોસ્તો ! ૧૪૦૦ વરસ પરના મુસલમાન કેવા હતા તેની અમુક ઝલકો જોઈ લઈએ કે કદાચ, આપણા દિલોમાં ઈસ્લામ માટે લાગણી જન્મી જાય અને આપણી બંને દુનિયા આબાદ થઈ જાય.

**"મુસલમાન"** એટલે **"અલ્લાહના હુકમ આગળ મસ્તક નમાવી દેનાર."** જાન, માલ, ઈજ્જત, આબરૂ સૌને કેવળ અલ્લાહ વ રસૂલની મહોબ્બતમાં તેમનાં ફર્માનો સમક્ષ લૂટાવી દેનાર. અને એઓ જ બંને જહાનમાં કામયાબી હાંસલ કરી શકે છે. મુટ્ઠીભર ગરીબ નિઃશસ્ત્ર મુસલમાનો ૧૪૦૦ વરસ પહેલાં હતા પણ અરબની ધરતીથી ઈમાની પાવર સાથે ઉઠયા તો આજની અમેરિકા જેમ ત્યારની સુપર પાવર તાકતો કૈસર તથા કિસ્રાના તખ્તોને ધૂળ ચાટતા કરી આપ્યા. જગતભરમાં ઈસ્લામની બોલબાલા કરી આપી, સેંકડો વરસોનાં ગૈરોનાં રાજપાટ ખતમ થઈ ગયાં અને અગણિત દેશોમાં ઈસ્લામી હુકૂમતો સ્થાપિત થઈ ગઈ. ગૈરો પર મુસલમાનોનો અનેરો પ્રભાવ છવાઈ ગયો. જ્યારે **આજે કરોડોમાં કહેવાતા મુસ્લિમો જગતભરમાં છે પણ કીડા મકોડા જેવી તેમની કિંમત અંકાઈ રહી છે.** ઠેર ઠેર માર ખાઈ રહ્યા છે. કદીક વિચાર પણ કર્યો કે આવું થયું એ આપણામાંની કઈ કમીનું પરિણામ છે ? લો ! જાતે તપાસી લો કે આપણામાં શું કમીઓ આવી છે ?

## નબીની તા'ઝીમ શિર્ક નથી પણ ઈમાન છે ! પૂછો સહાબાને !

સુલહે હુદૈબિયહ્‌ના પ્રસંગે ઉરવહ ઈબ્ને મસ્ઊદ જ્યારે હુઝૂર ﷺથી ચર્ચા કરી પરત જાય છે તો પોતાની કૌમને કહે છે કે, "હે કુરૈશની કૌમ ! હું કૈસર તથા કિસ્રા અને નજ્જાશી એટલે ઈરાન, રોમ તથા હબ્શાના રાજાઓ પાસે હાજર થયો છું, ખુદાની કસમ ! હરગિઝ કોઈ બાદશાહ પોતાની કૌમમાં

આટલો મોહતરમ (ઈજ્જતવાન) નથી જોયો જેટલા પ્રમાણમાં મુહમ્મદ (ﷺ) પોતાના સહાબીઓમાં ઈજ્જતવાન છે. **મેં કદી એવો બાદશાહ નથી જોયો કે તેના સાથીઓએ તેની આટલી બધી તા'ઝીમ કરી હોય જેટલી મુહમ્મદ ﷺના સહાબીઓ આપની તા'ઝીમ કરે છે.** આપ જ્યારે વુઝૂ કરે છે તો તેના ધોવણના પાણી માટે, આપના થૂંક મુબારક તથા નાકમાંના પાણીને માટે સહાબા પડાપડી કરે છે અને જેના હાથ આવે તે તેને પોતાના શરીરે મસળી ગર્વ અનુભવે છે ! **જે કૌમ પોતાના નબીની એટલી હદે તા'ઝીમ કરે કે તેમના શરીરથી લાગેલા પાણીને જમીન પર પડવા ન દે તે કૌમ તેમનું લોહી કઈ રીતે વહેવા દેશે ?!** ખબરદાર ! તેમની સાથે જંગમાં પડશો નહીં, નહીં તો તબાહ થઈ જશો." *(સહાબીઓનો ઈશ્કે રસૂલ)*

આપ ﷺના ઈશારા પર જાન લૂટાવવાને પોતાની ખુશનસીબી સમજતા હતા ! તે હતા સાચા મુસલમાનો ! અને આ અકીદો તેમનો ઘડેલો ન હતો બલ્કે કુર્આન હદીષના આદેશોના પર જ તેમનો એ અમલ હતો. જ્યારે આજે **"તાઝીમે નબી"** ﷺ કે જે **"ઈમાનની જાન"** છે તેને જ શિર્ક કહેનારા અસંખ્ય કહેવાતા મુસલમાનો જગતમાં ચહલ પહલ કરી રહ્યા છે. (જેમ કે અમેરિકા અંગ્રેજના ગુલામ વહાબીઓ) કેવળ નામ મુસલમાન છે, નહીં તો દિલમાં ઈમાન જ નથી. તો પછી લાખો નમાઝો પઢે અને ગમે તેવા અમલો કરે પણ ક્યાં રબની બારગાહમાં તે સ્વીકાર્ય થશે ! અને રબની બશારત જે છે કે, **"મો'મિનોનો મદદગાર અલ્લાહ છે."** તે મદદ ક્યાંથી મયસ્સર થવાની ?! અને આવી કૌમને બેઈજ્જત તથા ખુવારી મયસ્સર ન થાય તો શું થાય ?!

વળી મુસલમાનોના અમલો ઈસ્લામ વિરુધ્ધ થઈ ગયા જેથી ખુદા તઆલાની એ બશારતના પણ ક્યાંથી હક્કદાર બને કે, "ન ગભરાવ ! ન ડરો ! તમે જ કામયાબ થશો, શર્ત એ છે કે મો'મિન બની જાવ !" *(કુર્આન)*

## નોટો તીજોરીમાં ને કિતાબો કબ્રસ્તાનમાં !

વળી આજે દીનની રાહમાં દૌલત કાઢવાની આવે તો આજના મુસલમાનનો જાણે સોયના નાકામાં થઈને જીવ નીકળવા માંડે છે ! એશો આરામ માટે હજારો ખર્ચે, શાદીના પ્રસંગે હરામ કામો નાચ, ગાન, બેન્ડ, ડાન્સરોના શો વગેરે પાછળ ગાંડો બનીને લાખો ખર્ચે પણ દીનનો ઈલ્મ શીખવા ૫૦, ૧૦૦ રૂા.ની કિતાબ લેવાની થાય તો પચ્ચીસ વાર કિતાબને ફેરવી ફેરવીને જોશે પછી રાખી દેશે ! હરામ દશ્યો જોવા માટે ૧૫–૨૦ હજારનું ટી.વી. તથા તથા દુનિયાભરની ગંદી ચેનલો ઘરમાં ઠાલવવા ૨૫–૩૦ હજારની કેબલ લાઈન વગેરે પાછળ ગાંડો બની ખર્ચ કરશે, પણ વરસે ૫૦૦ રૂા. ની પણ કિતાબો ઘરમાં વસાવશે નહીં ! **બલ્કે ફ્રીમાં કિતાબો આવી હશે તેને પણ વીણી વીણીને ઘરમાંથી કબ્રસ્તાન દફનાવવા મોકલી આપશે, કે એની બેઅદબી ન થાય !** અરે ! જોવા જઈએ તો આવી **અમૂલ્ય કિતાબો જે ઈમાન તથા અમલની ઈસ્લાહ કરનારી છે તેને ઘરમાંથી જાકારો આપવો એ જ એની બેઅદબી છે !** ટી.વી.ની હિફાઝત માટે ૧૦–૧૨ હજારનો શો કેસ વસાવી શકો છો, રૂપિયાની હિફાઝત માટે હજારોની તીજારીઓ રાખી શકો છો, અને દીની કિતાબોને અદબથી રાખવા માટે સસ્તામાંનું કબાટ પણ નથી રાખી શકતા ! આ જ મુસલમાની છે !

## દીન માટે કુર્બાનીનો જઝબો તે આનું નામ !

શું ભૂલી ગયા ! આપણા નબી ﷺએ તો દીનની મદદ માટે જંગે તબૂક વખતે એલાન કર્યું તો દરેક સહાબીએ પોત પોતાની હૈસિયત મુજબ સામાન દીનની રાહમાં ખુશીભેર આપ્યો. હઝરત ઉમર رضی اللہ عنہઅડધો અડધ સામાન ઘરનો ખિદમતે રસૂલમાં ઉપાડી લાવ્યા ! તો વળી હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہતો પૂરેપૂરો સામાન એટલે સુધી કે પહેરેલાં કપડાં પણ રાહે હક્કમાં લાવ્યા અને પોતે ટાટનો પોશાક પહેર્યો ! ઈશ્કે નબી શીખવો હોય તો તેમનાથી શીખો ! કેવળ નારાઓ મારવાથી કાંઈ વળશે નહીં !

દોસ્તો ! આજે ઘણા યુવાનો, પુરૂષો, વડીલો, પોતાની પુત્રીઓને પત્નીઓને જે તેણીઓ પર્દો કરવા ચાહે છે તેમને પર્દો કરવાની ના પાડે છે ! સાંભળો ! તમે જે રસૂલ ﷺને જાનથી વધારે ચાહવાનો દાવો કરો છે તે રસૂલે પાક ﷺશું ફર્માવે છે :–

## ન તેણી પરાયાને ન પરાયો તેણીને જુએ !

હુઝૂરે અકદસ ﷺએ ખાતૂને જન્નત હઝરત ફાતિમા ઝોહરા رضی اللہ عنہاને ફર્માવ્યું કે **સ્ત્રીના હક્કમાં સૌથી શ્રેષ્ઠ શું** છે ? તો ખાતૂને જન્નતે અર્ઝ કર્યું, **"નામહરમ પુરૂષ (પર પુરૂષ) તેણીને ન જુએ."** તો આપે એમને ગળે લગાડી લીધાં. *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૧૦, નિસ્ફ અવ્વલ, પેજ–૨૮)*

વિચારો બહેનો ! કે જે પર્દો કરશે તેનાથી રસૂલે પાક ﷺ કેટલા રાજી થશે અને નહીં કરે તેનાથી કેટલા નારાજ થશે ! વળી આ પ્રસંગ પણ જુઓ :–

ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہاથી રિવાયત છે. કહે છે કે હું અને મૈમૂના હુઝૂર ﷺની ખિદમતમાં હાજર હતાં એવામાં અબ્દુલ્લાહ ઈબ્ને ઉમ્મે મકતૂમ દાખલ થયા (જે આંખે આંધળા હતા). રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "બંનેવ પર્દો કરી લો !" અમે કહ્યું, યા રસૂલલ્લાહ ! એ તો અંધ છે, એમનાથી પર્દો કેવો ! આપે ફર્માવ્યું : શું તમે બંનેવ પણ આંધળી છો ?! શું તમે નથી જોઈ રહી ! *(સુનને અબૂ દાઊદ, ૨૧૪/૬)*

સારાંશ કે ઈસ્લામ દરેક ફિત્નાના ખતરાથી દૂર કરવા ચાહે છે એટલે સ્ત્રી પોતાને તો પુરૂષોથી છુપાવે જ પણ સ્ત્રીએ પર પુરૂષોને પણ જોવા ન જોઈએ. જ્યારે આજે પર્દો કરવાની વાત આવે તો બહેનોને પર્દો કરવાની શરમ આવે છે ! હા ! ટૂંકા, ટાંચાં ને પાતળાં ફીટ કપડાં પહેરીને ફરતાં ખુલ્લા મોઢે શરમ નથી આવતી પણ જ્યારે પર્દો કરવામાં મોઢુ છુપાવવાનુ હોય છતાં શરમ આવે છે ! અને ટી.વી. પર કલાકો સુધી કાફિર તથા ફાસિક ખેલાડીઓ, હીરો વગેરે પરાયા પુરૂષોને તાકી તાકીને જોતી રહીને આંખો તથા દિલો દિમાગને ખરાબ કરવામાં એમને લજ્જા કે શરમ નથી આવતી !

હે મુસલમાન ભાઈઓ ! તથા બહેનો ! સાંભળો ! **આપણા આ અમલો મુસલમાન હોવા છતાં ઈસ્લામ સાથે જાણે બગાવત કરતા હોઈએ તેવું દર્શાવે છે,** તો આ દુનિયા શું કે આખેરતમાં શું ઈસ્લામની જે બરકતો, ફઝીલતો છે તેનો લાભ આપણને કેમ કરીને મળી શકે ?! માટે ગંભીર બની જાવ ! અને આજથી અહદ કરો કે અલ્લાહ વ રસૂલે પાક ﷺની મહોબ્બતને ખાતર અમે અમારા નફ્સની ઈચ્છાઓ પર નહીં, પણ કુર્આન–હદીષનાં ફર્માનો, શરીઅતના હુકમો પર ચાલીને પાકીઝા જિંદગી જીવીશું. ઈન્શાઅલ્લાહ !

## સિંહે તો પાણીમાં છબી બતાવીને કામ પાર પાડયું ! પણ...

આજે મોટાભાગે મુસલમાનની એ સ્થિતિ છે કે નમાઝો નહીં પઢવાની, દાઢી નહીં રાખવાની, જૂઠુ તો બોલવાનું, હરામ કે હલાલ કેવી કમાઈ છે તેની ચિંતા નહીં કરવાની, ગાળો બેફામ બોલવાની, દીની વાતો સાંભળવામાં રસ નહીં લેવાનો.... સારાંશ કે ઈસ્લામના લગભગ આદેશોથી વિરુધ્ધ ચાલવાનું અને ઉપરથી પોતાને કહેવાનું કે અમે મુસલમાન છીએ ! આશિકે રસૂલ છીએ ! આજે પરિસ્થિતિ એવી થઈ ગઈ છે કે અલ્લાહ જ સૌને તૌફીક આપે ! કોઈ કોઈની વાત સાંભળવાય જાણે તૈયાર નથી !

અંતમાં એક બોધદાયક હિકાયત મને યાદ આવી જે રજૂ કરું છું : એક સિંહનું નાનુ બચ્ચુ બકરીઓના ટોળામાં કોઈક રીતે જતુ રહ્યું, ત્યાં જ ઉછર્યું. બકરાંઓની સોહબતથી તે તેમના જેવું ડરપોક બની ગયું અને તેમના જેવી જ બોલી બોલવા લાગ્યું. એક દિવસ એક સિંહની નજર તેના પર પડી તો તે બચ્ચાને કહ્યું કે, અરે ! તું સિંહનું બચ્ચુ છે ! તું તો જંગલના રાજાનું બચ્ચુ છે અને આ બકરીઓમાં ક્યાંથી ?! અને તેમના જેવું ડરપોક અને તેમના જેવી તારી બોલી શાથી છે ?! તે બચ્ચાએ કહ્યું કે નહીં ! નહીં ! હું તો બકરીનું જ બચ્ચું છું ! તો તે સિંહ તેને કૂવા પાસે લઈ ગયો અને પાણીમાં તેની છબી બતાવી કે જો તું અને હું સરખા છીએ કે નહીં ! તો તે બચ્ચાને સમજાઈ ગયું કે, હેં ! હું સિંહનું જંગલના રાજાનું બચ્ચું છું ! તો તેની રગોમાં ખુમારી આવી ગઈ અને જંગલ તરફ જતુ રહ્યું અને સિંહ જેમ દિલેર બની ગયું !

દોસ્તો ! સિંહનું બચ્ચુ બકરીઓનાં ટોળામાં ભલે જતુ રહ્યું હતું પણ તેણે પોતાનો ચહેરો, દેખાવ બદલ્યો ન હતો, જેથી સિંહે પાણીમાં છબી દેખાડીને સફળતા મેળવી લીધી. પણ હે મુસલમાન ! તેં તો તારો ચહેરો પણ બદલી નાખ્યો ! તેં તો તારો દેખાવ પણ બદલી નાખ્યો ! તેં તો તારા વિચારો તથા બોલી બધું જ બદલી નાખ્યું ! હવે તને સમજાવું તો કઈ રીતે સમજાવું કે તારી રગોમાં ખાલિદ ઈબ્ને વલીદનું ખૂન વહી રહ્યું છે ! તારા પૂર્વજો કેવા જાંબાઝ ઈસ્લામના મુજાહિદો હતા ! હે બહેનો ! જન્નતી ઔરતોની સરદાર હઝરત ફાતિમા رضی اللہ عنہا ની પાકીઝગી તથા ખૌફે ખુદા તથા શરમ–હયા તેમનામાં કેવી હતી કે જિંદગીભર તો ગૈરોથી પર્દો કર્યો પણ મૃત્યુ બાદ પણ પણ પર્દાની ફિકર કરી કે મારો જનાઝો રાતના અંધારામાં લઈ જજો જેથી કોઈ નામેહરમ (પર પુરૂષ)ની નજર પણ મારા જનાઝા પર ન પડે ! તમને ખબર નથી ?! કે ગૌષ પાક رضی اللہ عنہ નાં વાલિદા તે પાકીઝા સ્ત્રી હતાં કે ન કોઈ ગૈર મેહરમે તેમને જોયાં ન તેમણે કોઈ ગૈર મેહરમ પ્રતિ નજર કરી. હે યુવાનો ! જરા સમજો ! તમારા પૂર્વજ બુઝુર્ગો કેવા હતા કે સુહાગ રાતની રાતમાં જ રસૂલે પાકના તરફથી જેહાદનું એલાન થતાં જંગમાં જોડાઈ ગયા અને શહીદ થઈ ગયા. શ્યામ હોવાથી શાદી માટે છોકરી કોઈ આપતુ ન હતું પણ રસૂલે પાક صلی اللہ علیہ وسلم ના કહેવાથી ઉચ્ચ ખાનદાનની રૂપરૂપનો અંબાર છોકરી સાથે નક્કી થયું અને નિકાહ માટે સામાન ખરીદવા ગયા ત્યાં રસૂલના મુનાદીનું એલાન સાંભળીને શાદીના સામાનને બદલે જંગનો સામાન ખરીદી મુજાહિદો સાથે જંગમાં જતા રહ્યા અને શહીદ થઈ ગયા. આ હતા ઈસ્લામના ચાહકો કે જેમની કુર્બાનીઓએ જ આજે આપણને કલ્મો નસીબ થયો, પણ આપણને તેની કોઈ જ કદર નથી ! અફસોસ ! અફસોસ ! એટલે જ કહેવું પડે છે કે બસ, અલ્લાહ جل جلالہ તેના હબીબ صلی اللہ علیہ وسلم ના સદકામાં મુસલમાનોને નેક તૌફીક આપે. (આમીન)

-કાર્યાલય

# તફસીરે ઝિયાઉલ કુર્આન

ضیاء القرآن

અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## ★ સૂરએ બકરહ્‌ની તફસીર ★

وَاِذَا سَاَلَكَ عِبَادِیْ عَنِّیْ فَاِنِّیْ قَرِیْبٌ ؕ
اُجِیْبُ دَعْوَةَ الدَّاعِ اِذَا دَعَانِ فَلْیَسْتَجِیْبُوْا لِیْ وَلْیُؤْمِنُوْا بِیْ
لَعَلَّهُمْ یَرْشُدُوْنَ ﴿۱۸۶﴾ اُحِلَّ لَكُمْ لَیْلَةَ الصِّیَامِ الرَّفَثُ اِلٰی
نِسَآىِٕكُمْ ؕ هُنَّ لِبَاسٌ لَّكُمْ وَاَنْتُمْ لِبَاسٌ لَّهُنَّ ؕ

**તર્જુમો** : "અને જ્યારે પૂછે[૨૧૯] તમને (હે મારા હબીબ !) મારા બંદાઓ મારા વિશે તો (તેમને જણાવી આપો) હું (તેમની) તદ્દન નજીક છું. કબૂલ કરું છું દુઆ[૨૨૦] દુઆ કરનારની જ્યારે તે દુઆ માંગે છે મારાથી. તો તેમણે જોઈએ કે મારા હુકમો માને અને ઈમાન લાવે મારા પર જેથી તેઓ ક્યાંક હિદાયત પામી જાય. હલાલ[૨૨૧] કરી દેવામાં આવ્યું છે તમારા માટે રમઝાનની રાતોમાં પોતાની પત્નીઓ પાસે જવાનું. તેણીઓ[૨૨૨] તમારા માટે પર્દો, ઝીનત તથા આરામ છે અને તમે તેણીઓ માટે પર્દો, ઝીનત તથા આરામ છો.

### તફસીર

**૨૧૯.** કેટલી પ્યારી આયત છે ! બલાઓના ઝુંડમાં મુસીબતના તોફાનોમાં, તબાહીના ભમ્મરોમાં ઘેરાયેલા ભગ્નહૃદયથી અને પરેશાન માનવીના માટે આ થોડાક શબ્દોમાં ઈત્મિનાન તથા સુકૂનનો કેટલો રૂહને તાજગી બખ્શનાર પયગામ છે ! તમે વિચારો, اِنِّی قَرِیْب ના બે શબ્દોમાં રાહત તથા સંતોષની એક દુનિયા સમેટીને રાખી દેવામાં આવી છે, કોઈ વસંત ઋતુની સવારની હવામાં કોઈ સપ્ટેમ્બરમાં વરસનાર વર્ષા (જેના પાણીથી છીપલામાં મોતી બને છે)ના જીવન બખ્શનારા બિંદુઓમાં તે અસર ક્યાં જે અસર આ બે શબ્દોમાં છે ! દુ:ખ દર્દનો માર્યો જ્યારે એ સાંભળે છે કે મારો માલિક મારો ખાલિક મારાથી અલગ થલગ ક્યાંક દૂર નથી કે તેને મારા હાલની ખબર ન હોય, રંજો ગમની ખબર ન હોય, બલ્કે તે નજીક છે, તદ્દન નિકટ તથા નજીક છે. ધોળી નસથી પણ અધિક નજીક ! તો એને કેટલું સાંત્વન મળી જાય છે. તમારી જીભ પર આવેલી વાત તો શું તમારા દિલમાં મોઢું છુપાવેલ રહસ્યો જે જીભ પર આવતાં શરમાય છે, ચિંતાઓ તથા આંશકાઓના તે નાઝુક ખયાલો જે જીભ પર લાવતાંય શરમાય છે એ સૌને તે જાણે છે. તે ક઼ાદિર (શક્તિમાન) પણ છે, રહમાન તથા રહીમ પણ, તમે દુઆ માટે હાથ તો ઉઠાવો ! તમે તલબનો દામન ફેલાવીને તો જુઓ ! તમે દિલના હાથો વડે તેના રહમતના દર પર ટકોરા તો મારો ! તે સાંભળશે તમારી ફરિયાદ ! તે કબૂલ કરશે તમારી દુઆ, તે બદલી નાખશે તમારી બગડેલી ક઼િસ્મત. પરંતુ **જ્યારે તે કરમ ફર્માવે તો સરકશ (નાફર્માન) ન બની જશો !** આ જ પ્રમાણે નિયાઝમંદીનું માથુ તેના પવિત્ર દર પર ઝુકાવી રાખશો. ઈસ્લામ કબૂલ કરવા પર જે જિમ્મેદારીઓ તમે કબૂલ કરી હતી, જે વાયદા તમે કર્યા હતા તેને નિભાવી રાખશો. રુશ્દો હિદાયત પામી જશો, કામયાબ તથા સફળ

જઈ જશો.

**૨૨૦.** શક્ય છે અહીં કોઈને શંકા થાય કે ઘણીવાર દુઆ કરતાં કરતાં વરસોનાં વરસ ગુજરી જાય છે પણ કબૂલ નથી થતી. એનું એક મોટુ કારણ રહમતે આલમ ﷺએ વર્ણન કર્યું છે : (અર્થ) હુઝૂરે એક શખ્સનું વર્ણન કર્યું કે તે દૂર દૂરનો સફર કરે છે, આસ્માનની તરફ હાથ ઉઠાવીને દુઆ માંગે છે, વાળો તેના વિખરાએલા, શરીર તેનું ધૂળમાં ભરેલું, (પણ) તેનું ખાવા, લિબાસ સૌ હરામ છે, તેના પેટમાં જે ખોરાક છે તે પણ હરામ છે (તો તે લાખ પુકારે અને દુઆઓ કરે) આવા હરામખોરની દુઆ કબૂલ થવાને પાત્ર નથી. (રિવાયત કરી મુસ્લિમએ) હુઝૂર ﷺએ પોતાના સહાબાને ફર્માવ્યું કે, **"જો ચાહતા હોઉ કે તમારી દરેક દુઆ ક઼બૂલ થાય તો હલાલ રોજી ખાયા કરો."** આપણે દુઆની ક઼બૂલિયતની આ શરતોને ભૂલાવી દીધી, બલ્કે **આપણે તો હલાલ તથા હરામમાં ફર્ક કરવાની તકલીફ કદી ઉઠાવતા નથી.** જો આપણી દુઆઓ ક઼બૂલ ન થાય તો આશ્ચર્યની વાત નથી બલ્કે આશ્ચર્ય તો તેની અમાપ રહમત પર છે કે આ બધું છતાં તે ફરિયાદો સાંભળી લે છે.

**૨૨૧.** પ્રારંભમાં (રોઝામાં) દિવસની જેમ રાત્રે પણ પત્નીઓથી અલગ રહેવાનો હુકમ હતો પરંતુ બાદમાં રાહત કરી દેવામાં આવી અને રાતમાં સોહબતની ઈજાઝત આપી દેવામાં આવી. અગણિત સલામ અને અસંખ્ય દુરૂદ એ ઝાતે પાક પર જે રહમત બનીને આવ્યા, રહમત લઈને આવ્યા. **رفث** એક સમૃદ્ધ શબ્દ છે પતિ પત્નીના ખાસ સંબંધોના સર્વ દરજ્જાઓને સમાવે છે.

**قال الزحاج الرفث كلمة جامعة لِكل مايريدالرّجل منُ امرأتُه** (કુર્તબી)

**૨૨૨.** આયતનો આ હિસ્સો ખાસ નોંધ પાત્ર છે. પુરૂષ તથા સ્ત્રીના આપસના સંબંધોને અતિશય સરસ રીતે વર્ણન કરવામાં આવ્યા છે. એટલે કે જેવી રીતે તે તમારા માટે લિબાસ છે એ જ પ્રમાણે તમે પણ તેણીઓના માટે લિબાસ છો. આ લેહાઝથી બંનેના હક્કો તથા ફર્ઝો સમાન છે. વળી લિબાસની તાબીર કેટલી અર્થસૂચક છે. સંક્ષિપ્ત શબ્દોમાં પર્દાનો લિબાસ છે જે દરેક અમલને છુપાવે છે, ઝીનત (શણગાર) છે જે હુસ્નો જમાલને નિખારે છે. રાહત છે જે શરદી તથા ગરમીથી બચાવે છે. શું એક સારી પત્ની પોતાના પતિના માટે અને એક સારો પતિ એ પત્ની માટે પર્દો, શણગાર તથા રાહત નથી ? યક઼ીનન છે ! જે મિલ્લત (ક઼ૌમ)ના દરેક ઘરમાં દાંમ્પત્ય જીવનનો આ ઉચ્ચ ખયાલ તથા આવી ઉમદા કક્ષા હોય તેના માટે આ દુનિયા જન્નત નથી તો બીજુ શું છે ? **ઈસ્લામ પર એ વાંધો ઉઠાવનારાઓ કે, "તેણે સ્ત્રીના હક્ક઼ોને પાયમાલ કરી દીધા છે," જો આ આયતના આ હિસ્સા પર નજર નાખે તો તેમને પોતાની ગલતી સમજાઈ જશે.** હા ! ઈસ્લામે મિલ્લતે ઈબ્રાહીમીની બેટીઓના ચહેરાએથી શર્મો હયાનો નકાબ ખેંચી કાઢવાનો હુકમ નથી આપ્યો. તેણે સ્ત્રીઓને નાચગાનની મેહફિલની શોભા બનવાની ઈજાઝત નથી આપી. એનું કારણ એ છે કે ઈસ્લામ એક મુસ્તક઼િલ (સંપૂર્ણ) દીન છે, તેને પોતાનો ક઼ાનૂન તથા પોતાનું જીવન બંધારણ છે અને તેની મજબૂતીની આ જ નિશાની છે કે તે હર હાલતમાં એ જ બંધારણનો પાબંદ છે ભલે કોઈને એ વાત પસંદ આવે કે ન આવે, કોઈ ખુશ થાય કે નાખુશ. ઈસ્લામને સર્વમાં પ્રિય બનાવવા અને તેને પશ્ચિમી સંસ્કૃતિ સાથે ભેળસેળ કરવાના માટે તેના ભોળાભાળા શુભેચ્છકોએ તેની કુદરતી સ્થિતિઓમાં જે દિવસે કાટ છાટ કરી લીધી તે દિવસે ઈસ્લામ એક સંપૂર્ણ જીવન બંધારણની હેસિયતથી આપણાથી છીનવાઈ જશે. અલ્લાહ તઆલા એ બુરા દિવસથી બચાવે.

## દર્સે હદીષે પાક

મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

એટલે

# મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્ક઼ાત

**અઝ** : હકીમુલ ઉમ્મત હઝ્રત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیه الرحمة والرضوان

(કાર્યાલય)

## ★ હદીષ : ૫૩ ★

અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી રિવાયત છે. ફર્માવે છે કે એકવાર હુઝૂર صلى الله عليه وسلم એવી રીતે તશરીફ લાવ્યા કે હાથ મુબારકમાં બે કિતાબો હતી[૧]. ફર્માવ્યું કે શું જાણો છો આ કઈ કિતાબો છે ?[૨] અમે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! આપના જણાવ્યા વિના નથી જાણતા[૩]. તો જમણા હાથવાળી કિતાબના બારામાં ફર્માવ્યું કે આ કિતાબ રબ્બુલ આલમીનની પાસેથી આવી છે[૪] જેમાં સર્વ જન્નતીઓનાં નામ અને તેમના બાપદાદાઓ તથા કુટુંબોનાં નામ છે, પછી અંત સુધીનો ટોટલ લગાડી દેવામાં આવ્યો છે[૫] જેથી એમાં કદી વધઘટ નથી થઈ શકતી[૬]. પછી ડાબા હાથવાળી કિતાબના વિશે ફર્માવ્યું કે આ કિતાબ અલ્લાહ રબ્બુલ આલમીનની તરફથી છે[૭] એમાં દોઝખીઓ અને તેમના બાપદાદાઓ તથા કુટુંબીનાં નામ છે પછી છેવટ સુધીનો ટોટલ લગાડી દેવામાં આવ્યો છે, હવે એમાં કદી વધઘટ નથી થઈ શકતી[૮]. સહાબાએ અર્ઝ કરી, અમલ શામાં રહ્યો યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم જો આ મામલો પૂર્ણ થઈ ચૂક્યો તો[૯] ?! ફર્માવ્યું, સીધા રહો, અલ્લાહની નિકટતા હાંસલ કરો[૧૦]. કેમ કે જન્નતીનો ખાત્મો જન્નતીઓના અમલ પર થાય છે ભલે પહેલાં કોઈ પણ કામ કરે. અને યક઼ીનન ! દોઝખીનો ખાત્મો દોઝખીઓના કામ પર થાય છે ભલે પહેલાં કોઈ પણ અમલ કરે. પછી હુઝૂર صلى الله عليه وسلمએ હાથ મુબારક વડે ઈશારો ફર્માવીને એને ઝટકી આપ્યો[૧૧]. પછી ફર્માવ્યું કે તમારો રબ બંદાઓથી ફારિગ થઈ ચૂક્યો, એક ટોળુ જન્નતી અને બીજુ જહન્નમી છે[૧૨]. (તિર્મિઝી) અબૂ ખુઝામાથી રિવાયત છે. તે પોતાના વાલિદથી રિવાયત[૧૩] કરે છે. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! જણાવો કે જે મંત્ર અમે કરીએ છીએ[૧૪] જે દવામાં અને પરહેઝ અમારા ઉપયોગમાં આવે છે[૧૫] શું અલ્લાહની તક઼દીર ફેરવી આપે છે ? ફર્માવ્યું, એ ખૂદ અલ્લાહની તક઼દીરથી છે[૧૬].

*–(અહમદ, તિર્મિઝી, ઈબ્ને માજહ)*

## ★ સમજૂતી ★

**૧.** એટલે એક જમણા હાથમાં અને બીજી ડાબા હાથમાં. હક઼્ક઼ એ જ છે કે કિતાબો ભૌતિક રૂપમાં હતી જેને સહાબા જોઈ રહ્યા હતા અને ખયાલી કે વહેમી શબ્દ નહીં, જેમ કે અમુકે વહેમ કર્યો છે. (મિર્ક઼ાત તથા અશ્અતુલ લમ્આત) આગલા લખાણથી પણ એ જ જાહેર છે.

**૨.** એટલે આ બંનેવ કિતાબો જેને તમો મારા હાથમાં જોઈ રહ્યા છો એ કયા વિષયની છે અને એમાં શું લખ્યું છે ? એનાથી પણ જણાય છે કે કિતાબો દેખાઈ રહી હતી, નહીં તો ''હાઝા'' એટલે ''આ''થી નિર્દેશ ન કરવામાં આવતો. તેમજ પછી સહાબા પૂછત કે હુઝૂર ! કઈ કિતાબો ? અને તે ક્યાં છે ?!

**૩.** એટલે કે કિતાબો તો જોઈ રહ્યા છે પણ તેના વિષય તથા તેના લખાણથી અજાણ છીએ, જો તમે માહિતી આપો તો ખબરદાર થઈ જઈએ. જાણવા મળ્યું કે હુઝૂર કિતાબોને પણ જોઈ રહ્યા છે અને તેના વિગતવાર લખાણના પણ આલિમ છે, અને લોકોને એ કિતાબો પઢાવી તથા બતાવી પણ શકે છે, એ જ **સહાબીઓનો અક઼ીદો** હતો.

૪. જેમાં રબ તઆલાના ખાસ ઈલ્મનો ઈઝહાર છે.

૫. એ રીતે કે આખી કિતાબમાં જન્નતીઓનાં નામ, સરનામાં, કામ ક્રમવાર છે અને છેવટમાં ટોટલ કે કુલ આટલા. આ હદીષથી જાણવા મળ્યું કે **અલ્લાહ તઆલાએ હુઝૂર ﷺને દરેક જન્નતી તથા દોઝખીનો વિગતવાર ઈલ્મ આપ્યો, તેમના બાપદાદાઓ, કુટુંબ કબીલાઓ અને અમલોથી માહિતગાર કર્યા.** આ હદીષ હુઝૂર ﷺના ઈલ્મની ચમકતી દલીલ છે જેમાં કોઈ તાવીલ નથી થઈ શકતી.

૬. એટલે કે રબ તઆલાએ એમાં "મુબરમ તકદીર"ની વિગત દર્શાવી છે અને મને એનો ઈલ્મ આપ્યો છે. "મુઅલ્લક તક્દીર" તથા "મુશાબેહ મુઅલ્લક"માં વધઘટ શક્ય છે. યાદ રાખશો કે લોહે મેહફૂઝમાં મિટાવવાનું તથા બાકી રાખવાનું લખાણ પણ છે અને ઉમ્મુલ કિતાબમાં કેવળ કઝાએ મુબરમનું. લોહે મેહફૂઝ સુધી ફરિશ્તાઓને ઈલ્મ પહોંચે છે પણ મારા નબીનો ઈલ્મ ઉમ્મુલ કિતાબ સુધી છે. (મિર્કાત) અહીં સહાબાએ કિરામને સંક્ષિપ્તપણે જણાવવામાં આવ્યું.

૭. ફરિશ્તાના વાસ્તા વિના, ફરિશ્તાના વાસ્તાથી ઉમ્મુલ કિતાબથી નકલ થઈને જ્યાંની ફરિશ્તાઓને પણ ખબર નથી. કેમ કે એ "કઝાએ મુબરમ" છે, જેવું કે અમે અગાઉ વર્ણન કરી ચૂક્યા.

૮. એનાથી જાણવા મળ્યું કે અલ્લાહે પોતાની "કઝાએ મુબરમ" પર હુઝૂરને માહિતગાર કર્યા.

૯. એટલે કે અંજામનો દારોમદાર રબના લખાણ પર છે, ન કે આપણા અમલો પર, તો પછી અમલોની જરૂરત જ શું રહી !

૧૦. એટલે કે **નેક અમલો** અને **સહીહ અકીદા** અપનાવો જેથી તમને અલ્લાહનો કુર્બ (નઝદીકી) હાંસલ થાય.

૧૧. એટલે કે હાથોને ઝટકો આપ્યો જેથી બંને કિતાબો ગાયબ થઈ અથવા કિતાબોને આલમે ગયબની તરફ ફેંકી. આ ફેંકવું તેમની તૌહીનના માટે ન હતું, ન એનાથી તે કિતાબો જમીન પર પડી.

૧૨. આ કુર્આન પાકની આયતથી ચૂંટી કઢાયેલ છે, અને બંદાઓથી મુરાદ ઈન્સાન છે કેમ કે જન્નતમાં સવાબના માટે ઈન્સાનો સિવાય કોઈ જશે નહીં. એ આદમ علیہ السلامનો વારસો છે જે તેમની જ ઔલાદને મળશે.

૧૩. એમના વાલિદના નામમાં મતભેદ છે, લગભગ એમનું નામ યઅમર છે જે બની હારિષ ઈબ્ને સઅદ કબીલાથી સંબંધ ધરાવે છે. આ અબૂ ખુઝામા ખૂદ તાબઈ છે, અબૂ ખુઝામા સહાબી એ બીજા છે.

૧૪. તાવીઝ, દોરા, દમ, દુરૂદ, ઝાડ ફૂંક જો કુર્આની આયતો અથવા હદીષની દુઆઓ અથવા બુઝુર્ગોના અમલથી હોય તો જાઈઝ, નહીં તો મના. એની સંપૂર્ણ ચર્ચા ઈન્શાઅલ્લાહ ! "કિતાબુત્તિબ્બ વર્રુકા"માં આવશે.

૧૫. એટલે કે બીમારીમાં દવાઓ વાપરે છે અને નુકસાનકર્તા ચીજથી બચે છે અથવા જંગમાં ઢાલ વગેરેથી દુશ્મનનો હુમલો ખારે છે.

૧૬. એટલે કે એનો ઉપયોગ જાઈઝ છે અને તક્દીરમાં એ જ લખવામાં આવી ચૂક્યું છે કે ફલાણી બીમારી ફલાણી દવા અથવા તાવીઝથી જશે અને ફલાણી મુસીબત આ ઝાડ ફૂંક અથવા આ પરહેઝથી દૂર થશે. અથવા મુસીબતોનું આવવું અને આ તદબીરોથી જવું સૌ મુક્દરમાં સામેલ છે.

તદબીર એ તક્દરની વિરુધ્ધ નથી. એનાથી જણાયું કે દોરા તાવીઝ, ઝાડ ફૂંક દવાની જેમ ઈલાજ છે, અને જાઈઝ છે કેમ કે સહાબીઓની સુન્નત તથા રસૂલુલ્લાહ ﷺની સુન્નત છે. એના વિશે એક આખુ પ્રકરણ આવશે.

شفا شریف

# શિફા શરીફ

**મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી** رحمۃ اللہ علیہ

**★ ગુજરાતી અનુવાદક ★**

ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી *(પાટડીવાળા)*

***(વિભાગ : ૨૧)***

## રસૂલુલ્લાહ ﷺના પ્રભાવ, સંયમ, મધ્યમતા તથા સજ્જનતા તથા સદ્‌વર્તાવનું બયાન

ઈમામ કાઝી અયાઝ માલિકી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, અમારાથી હાફિઝ અબૂ અલી અલ્જીબાની رحمۃ اللہ علیہએ પોતાની સનદના સાથે હદીષ બયાન કરી અને તેને બયાન કરવાની અને લખવાની રજા આપી છે. તેમણે ફર્માવ્યું કે, અમારાથી હદીષ બયાન કરી અબુલ આસ તૌલાઈએ, તેમને ખબર આપી અબૂઝર હરવીએ, તેમને અબૂ અબ્દુલ્લાહ વરાકે, તેમનાથી હદીષ બયાન કરી, લૂલૂવીએ, તેમનાથી ઈમામ દાઊદ સજતાનીએ, તેમનાથી અબ્દુર્રહમાન બિન સલામે, તેમનાથી હિજાઝ ઈબ્ને મુહમ્મદે, તેમણે અબ્દુર્રહમાનથી, તેમણે અબી અઝનાદથી, તેમણે ઉમર બિન અબ્દુલ અઝીઝ બિન વહીબથી, તેમણે ખારજા બિન ઝયદ رضی اللہ عنہથી સાંભળ્યું કે, મજલિસમાં રસૂલુલ્લાહ ﷺ તમામ લોકોથી વધારે પ્રભાવશાળી નજરે પડતા હતા અને આપની આજુબાજુ (મોં, નાક, કાન વગેરે)થી કોઈ ચીજ જાહેર થતી ન હતી.

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ (વફાત : હિ.સ. ૭૪)થી રિવાયત છે કે, રસૂલ ﷺ બેસતી વખતે પોતાના બંને હાથોથી. "એહતબા" કરતા હતા. એટલે કે ખાસ કરીને એવી રીતે બેસતા કે બંને હાથોની આંગળીઓને એકબીજામાં નાખીને ઘુંટણોનો ઘેરાવો કરી લેતા અને ઘુંટણોને ઉભા રાખતા હતા. (આને અરબીમાં "એહતબા" કહે છે.) હઝરત જાબિર બિન સમુરા رضی اللہ عنہ થી રિવાયત છે કે, નબી આખરુઝઝમાં ﷺ પલાઠીવાળીને પણ બેસી જતા હતા. અને કદી કદી બંને ગુઠણો અને જાંગોને પેટથી મિલાવીને પણ બેસ્યા કરતા હતા.

સામાન્ય રીતે આપ મૌન રહેતા અને જરૂરત વિના વાતચીત કરતા નહીં. જો કોઈ શખ્સ ગંભીરતાથી વાતચીત કરતો તો તેના તરફથી મોં ફેરવી લેતા.

સરવરે કોનો મકાં ﷺનું હસવું સ્મિત કરવા પૂરતું મર્યાદિત હતું. આપની વાત સ્પષ્ટ અને તેમાં કોઈ હેતુ વગરની વાત હોતી નહીં અને કોઈ પ્રકારનું ઢીલાપણું જોવામાં આવતુ નહીં. આપના આદર સત્કાર તથા અનુસરણના કારણે બારગાહે મુસ્તફવીમાં સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین નું હસવું પણ કેવળ સ્મિત સુધી જ મર્યાદિત રહેતું હતું. એટલે આપની મુબારક મેહફિલ ગંભીર, લજ્જાયુક્ત, ઉમદા અને વિશિષ્ટતાની છબી બની રહેતી હતી. બારગાહે રિસાલતમાં ઊંચી અવાજો કરવા અને કોઈના પર આક્ષેપબાજી અથવા કોઈનું મનદુઃખ કરવાનો સવાલ ઉપસ્થિત થતો ન હતો. જ્યારે તે મુઅલ્લિમે કાયનાત ﷺ પોતાના ઝબાને હક્ક઼ તર્જુમાન (સત્ય બોલનાર ઝબાન)થી ઈલ્મ, હિકમત, સચ્ચાઈ અને હિદાયતનાં રત્નો લૂટાવતા ત્યારે શમ્એ રિસાલતના પરવાના પોતાનાં માથાંને નીચાં કરી લેતા હતા અને એવી રીતે પૂરા ધ્યાનથી સાંભળ્યા કરતા હતા કે, જાણે કે તેમનાં માથાં પર પક્ષીઓ બેઠાં છે.

ફખ્રે દો આલમ ﷺની આ મુબારક આદત હતી કે, ચાલતા સમયે આગળના ભાગમાં નમેલા રહેતા હતા જાણે કે ઊંચી જગ્યાથી નીચી જગ્યાની

વધુ પેજ નં. ૧૫ પર....

# હરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ

## એટલે

# કાનૂને શરીઅત

લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ

અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી

### ઈસ્તેહાઝા

તે લોહી જે સ્ત્રીના આગલા ભાગેથી નીકળે અને તે હૈઝ નિફાસનું ન હોય તો તેને ઈસ્તેહાઝા કહે છે.

**મસ્અલો** : ઈસ્તેહાઝાની હાલતમાં સ્ત્રી માટે, નમાઝ, રોઝા માફ નથી, અને એવી સ્ત્રીથી સંભોગ પણ હરામ નથી.

**મસ્અલો** : જો ઈસ્તેહાઝા એટલી હદે પહોંચી ગયું કે એટલો સમય પણ લોહી બંધ નથી રહેતું કે (વુઝૂ કરી નમાઝ પઢી લઈ શકે, તો નમાઝનાં) પૂરા ટાઈમ શરૂથી લઈ છેલ્લે સુધી આજ હાલતમાં પસાર થઈ જવા પર એને માઅઝુર (લાચાર) કહેવાશે. તેણી એક જ વુઝૂથી એ જ વખતમાં જેટલી પણ નમાઝો પઢી શકશે, લોહી આવવા છતાં પણ આ એક પૂરા સમય સુધી એનું વુઝૂ તૂટશે નહીં.

**મસ્અલો** : જો કપડું કે કંઈક મૂકીને એટલા સમય સુધી લોહીને રોકી શક્તી હોય કે વુઝૂ કરી નમાઝ પઢી શકે તો તે માઅઝુર (લાચાર) ગણાશે નહીં.

### માઅઝૂરનું વર્ણન

માઅઝૂર (લાચાર) તે દરેક વ્યક્તિ કે જેને એવી કોઈ બીમારી હોય કે પૂરેપૂરો એક ટાઈમ (એક નમાઝના શરૂઆતના ટાઈમથી લઈ બીજી નમાઝના શરૂઆતના ટાઈમ સુધી) પસાર થઈ ગયો, પરંતુ વુઝૂ સાથે ફર્ઝ નમાઝ પઢી ન શક્યો તો તે માઅઝૂર (લાચાર) છે. એટલે કે નમાઝના શરૂથી લઈ આખર સુધી પૂરેપૂરા સમયમાં એટલો પણ સમય બીમારીથી આરામ ન મલ્યો કે તે વુઝૂ કરીને નમાઝ ફર્ઝ પઢી શકે.

માઅઝૂરને માટે હુકમ એ છે કે, નમાઝના સમયે વુઝૂ કરી લે અને એ નમાઝના આખર વખત સુધી (કઝા થવાનો ટાઈમ ન થાય ત્યાં સુધી) એ જ વુઝૂથી જેટલી પણ નમાઝ પઢવી હોય તેટલી પઢે. એ જ બીમારીથી એનું વુઝૂ તૂટશે નહીં. જેમ કે પેશાબના ટીપાં પડવાની બીમારી, પાખાનાની બીમારી, મરડો, જુલાબ ખૂબ જ થવો, વારંવાર હવા નીકળવું, બીમારીને કારણે દુઃખતી આંખમાંથી પાણી નીકળવું, ફોલ્લા નાસૂર, ગુમડાંથી હર વખતે પરૂનું નીકળવું, કાન, દુંટી કે છાતીમાંથી પાણી નીકળવું, આ બધી બીમારીઓ વુઝૂ તોડનારી છે. એમાં નમાઝનો પૂરેપૂરો એક ટાઈમ એવો નીકળી ગયો કે ઘણી જ કોશિશ કરવા છતાં પણ પાકી સાથે નમાઝ ન પઢી શક્યો તો ઉઝર (મજબૂરીનું બહાનું) સાબિત થઈ ગયું. જ્યારે ઉઝર (બહાનું) સાબિત થઈ ચૂક્યું તો જ્યાં સુધી દરેક નમાઝમાં એક એક વાર પણ તે ચીઝ જણાશે તો પણ માઅઝૂર ગણાશે. દા.ત. સ્ત્રીને નમાઝના પૂરા એક સમય સુધી ઈસ્તેહાઝાએ સમય ન આપ્યો કે તે પાકી સાથે ફર્ઝ નમાઝ પણ પઢી લઈ શકે, અને બીજા ટાઈમે એટલો સમય મળી શકે છે કે વુઝૂ કરી નમાઝ પઢી લે પણ આ બીજી નમાઝના સમયમાં પણ એકાદવાર લોહી આવી જાય છે તો હજુ પણ તે માઅઝૂર ગણાશે. એટલે કે ઉઝર (બહાનું) સાબિત થઈ ગયા પછી એ જરૂરી નથી કે હવે પછીની નમાઝોના સમયે પણ વારંવાર વુઝૂ તોડનારી તે બાબત થતી રહે. ઉઝર (બહાનું) થવા માટે ઘડી ઘડી–વારંવાર વુઝૂ થવું જરૂરી છે. પણ તે એટલું કે એક ફર્ઝ પણ વુઝૂ સાથે પઢી ન શકે. પછીની દરેક નમાઝોના સમયે એટલું ઘડી ઘડી–વારંવાર હોવું જરૂરી નથી. બલ્કે એક વખત જ બસ છે.

**મસ્અલો** : ફર્ઝ નમાઝનો સમય પૂર્ણ થતાં

પેજ નં. ૧૩ નું ચાલુ....

તરત માઅઝૂરનું વુઝૂ પણ જતું રહે છે જેમ કે કોઈ માઅઝૂર માણસે અસર વખતે વુઝૂ કર્યું હતું તો સૂર્યાસ્ત થતાં જ વુઝૂ જતું રહ્યું. કોઈએ સૂર્યોદય પછી વુઝૂ કર્યું તો જ્યાં સુધી ઝહોરનો સમય પૂરો ન થાય ત્યાં સુધી વુઝૂ જશે નહીં. કેમ કે હજુ સુધી કોઈ ફર્ઝ નમાઝનો ટાઈમ ગયો નથી.

**મસ્અલો** : માઅઝૂરનું વુઝૂ તે ચીઝથી નથી જતું કે જેના કારણે એ પોતે માઅઝૂર (લાચાર–મજબૂર) છે. હા અગર બીજી કોઈ વુઝૂ તોડનારી બાબત થઈ તો વુઝૂ તૂટી ગયું. દા.ત. જેને પેશાબના ટીપાંની બીમારી છે તો તેને હવા નીકળવાથી વુઝૂ તૂટી જશે, એવી રીતે હવા નીકળવાની બીમારી હોય તેને પેશાબનાં ટીપાં પડવાથી વુઝૂ, તૂટી જશે.

**મસ્અલો** : જો કોઈ રીતે ઉઝર (મજબૂરીનું કારણ) જતું રહે અથવા એમાં ઘટાડો થાય તો તે રીત કરવી ફર્ઝ છે. દા.ત. ઉભા થઈ પઢવાથી લોહી વહે છે પણ બેસીને પઢવાથી વહેતું નથી તો બેસીને પઢવું ફર્ઝ છે.

**મસ્અલો** : માઅઝૂર લાચાર માણસને એવી લાચારીનું કારણ છે કે જેનાથી કપડાં નાપાક થઈ જાય છે તો જો એક દિરહમથી વધુ નાપાક થઈ ગયું અને જાણે કે એને ધોઈને પાક કપડાંથી નમાઝ પઢી શકાય એટલી વાર તો સમય મળશે (એટલે કે એટલીવાર કપડાં પાક રહી શક્શે.) તો ધોઈને નમાઝ પઢવી ફર્ઝ છે. પરંતુ એ જાણે છે કે નમાઝ પઢતાં પઢતાં પાછાં એટલાં જ નાપાક થઈ જશે તો ધોવું જરૂરી નથી. એ જ કપડાંથી નમાઝ પઢે. પછી ભલે નમાઝની જગ્યા પણ બગડી જાય, કોઈ વાંધો નથી, અને જો દિરહમ જેટલી નાપાકી છે. અને ધોઈને પઢવા જેટલો સમય છે કે નમાઝ પઢતાં પઢતાં દિરહમ જેટલાં નાપાક નહીં થાય તો ધોવા વાજિબ છે. અને દિરહમથી ઓછાં નાપાાક છે અને મોકો પણ છે તો ધોવું સુન્નત છે અને મોકો નથી તો દરેક હાલતમાં માફ છે.

**મસ્અલો** : કોઈ ઘામાંથી પરૂં કે રગડો કે પાણી નીકળે અને વહે નહીં તો તેનાથી વુઝૂ તૂટતુ નથી. તે માણસ માઅઝૂરના હુકમમાં પણ ગણાતો નથી. એ ચીઝ નાપાક પણ નથી.

તરફ ઉતરી રહ્યા છે અને આરામથી ચાલતા હતા. બીજી રિવાયત છે કે, ચાલતા સમયે આપ મુબારક શરીરને સમેટી લેતા અને ચાલવામાં સુસ્તીને નજીક ભટકવા દેતા ન હતા. હઝરત અબ્દુલ્લાહ બિન મસઉદ رضی اللہ عنہ ફર્માવે છે કે, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ની આદતો સર્વથી અતિ સુંદર હતી.

હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ ફર્માવે છે કે, સરકારે મદીના صلی اللہ علیہ وسلم ના કલામમાં ધીમાપણુ અને શુદ્ધ ઉચ્ચાર હતા. ઈબ્ને અબી હાલા رضی اللہ عنہ એ ફર્માવ્યું છે કે, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم નું મૌન ચાર કારણે હતું : એટલે કે સહનશીલતા, સાવધાની, દૂરદર્શિતા અને મનનના કારણે. ઉમ્મુલ મુ'મિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا એ ફર્માવ્યું છે કે, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એવી રીતે વાતચીત કરતા હતા કે, જો કોઈ આપના શબ્દોની ગણત્રી કરવા ઈચ્છે તો ગણત્રી કરી શક્તો હતો.

નબી આખિરુઝઝમાં સૈયેદના મુહમ્મદ રસૂલલ્લાહ صلی اللہ علیہ وسلم ને ખુશ્બો પ્રિય હતી અને અધિક્તાથી તેનો ઉપયોગ કરતા હતા. સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ને આપ ખુશ્બોનો ઉપયોગ કરવા ઉત્સાહિત કરતા હતા કે, દુનિયાની તમારી વસ્તુઓમાંથી બે વસ્તુઓની મહોબ્બત મારા દિલમાં નાખવામાં આવી છે : એટલે કે ઔરત અને ખુશ્બો, પરંતુ મારી આંખોની ઠંડક નમાઝમાં છે. આપની મુબારક આદત એ હતી કે, પીવાની વસ્તુઓને ફૂંક મારવાની મનાઈ ફર્માવતા હતા અને પોતાના સામેથી ખાવાનો સદુપદેશ આપતા હતા. એ માટે તાકીદ કરતા હતા કે, દાતણ કર્યા કરો અને આંગળીઓનાં વેઢાંઓને સાફ રાખો અને પ્રકૃતિની આદતોની પાબંદી કરો.

# રહમતે દારૈનના صلی اللہ علیہ وسلم શયદાઈ

★ રજૂકર્તા ★

ફરજાના સાજિદ પટેલ (દયાદરા)

## હઝરત સઅદ બિન અબી વક્કાસ رضی اللہ عنہ ઈસ્લામના સિપાહી

કાદસિયાની મહાન જીત પછી હઝરત સઅદ رضی اللہ عنہએ બાબિલ સુધી ઈરાનીઓનો પીછો કર્યો અને આસપાસના આખા વિસ્તાર પર કબ્જો કરી લીધો. ઈરાનના તખ્તનો પાયો અહીંથી નજીક જ હતો. હઝરત ઉમર رضی اللہ عنہની હિદાયતના પ્રમાણે હઝરત સઅદ رضی اللہ عنہ મદાઈનની તરફ વધ્યા. રસ્તામાં ઈરાનીઓએ જગા જગા રોક્યા અને કેટલાય નાના નાના જંગ થયા પરંતુ બુલંદ હોંસલા મુજાહિદો હલ્લો બોલાવતા મદાઈન સુધી જઈ પહોંચ્યા અને એના પશ્ચિમી ભાગ (બહરાશીર)ની નાકાબંધી કરી. આ નાકાબંધી બે માસ સુધી ચાલુ રહી. છેવટે બધા ઈરાની ખાસ મદાઈનમાં જે દજલા નદીના પૂર્વ કિનારા પર આબાદ હતા તેઓ ટોળે વળી ભેગા થઈ ગયા. એમણે નદીનો પુલ તોડી નાખ્યો અને બધી હોડીઓ બીજા કિનારાની તરફ લઈ ગયા. એ સમયે નદીમાં દર્દનાક તોફાન આવ્યું હતું અને એને પાર કરવું જાહેરમાં શક્ય ન જણાતું હતું. હઝરત સઅદ رضی اللہ عنہએ આ હાલત જોઈ તો અલ્લાહનું નામ લઈને પોતાનો ઘોડો દરિયામાં નાખી દીધો. બીજા મુજાહિદોએ પણ એમનું અનુકરણ કર્યું જેવું કે :–

**બહરે ઝુલ્માતમેં દૌડા દીએ ઘોળે હમને**

દજલા નદીનાં ધસમસતા પાણી પર મુજાહિદો પેંગડાથી પેંગડુ મિલાવી એવી રીતે વધી રહ્યા હતા જેવું કે બાગના તખ્ત પર બાગની સહેલ કરી રહ્યા હોય. ઈરાની આ જોઈને વિસ્મય પામી ગયા. થોડીકવાર સુધી ટગર ટગર મુસલમાનોને જોતા રહ્યા અને પછી 'દેવા આમદંદ, દેવા આમદંદ'' (દેવ આવી ગયા ! દેવ આવી ગયા !) કહેતા દોડીને ભાગી ગયા. યઝદિગર્દ પોતાના હરમ અને ખજાનાનો એક ભાગ પહેલાં જ હલવાન મોકલી ચૂક્યો હતો, હવે પોતે પણ મદાઈનની દરો દીવારને અફસોસની નજરો જોતો ભાગી નીકળ્યો. હઝરત સઅદ رضی اللہ عنہ મદાઈનમાં દાખલ થયા તો દરેક બાજુ ઈબ્રતનાક સન્નાટો છવાયેલો હતો. અને કિસરાના આલીશાન મહેલો તથા અન્ય મહાન ઈમારતો અને હળિયારા બાગો ફાની જગતની અસ્થિરતાનું જાણે એલાન કરી રહ્યા હતા. આ દશ્યને જોઈને હઝરત સઅદ رضی اللہ عنہ ની જીભ પર એકાએક આ આયત ચાલુ થઈ ગઈ :–

''આગળના લોકો ઘણા બધા બાગો અને ઝરણાં અને ખેતરો અને ઉમદા મકાનો અને નેઅમતો છોડી ગયા જેમાં તેઓ એશો આરામની જિંદગી પસાર કરતા હતા. એવું જ થવાનું હતું અને અમે એકબીજી કૌમને એમની વારિસ બનાવી દીધી. પછી એમના પર આસમાન રડયું અને ન જમીન અને ન એમને મોહલત આપવામાં આવી.'' *(સૂરએ દુખાન)*

મદાઈનથી મુસલમાનોને કરોડો દીનારનો ગનીમતનો માલ પ્રાપ્ત થયો એમાં એવી એવી દુર્લભ ચીજો સામેલ હતી કે માણસની અક્કલ એને જોઈને દંગ રહી જતી હતી. એમાં થોડાકનાં નામ આ પ્રમાણે છે :–

નૌશીરવાંનો સોનેરી પૂર્વજ રાજાઓનો તાજ, ઝવેરાતથી સજાવેલ સોનેરી ખંજર, લોખંડી ટોપી અને તલ્વારો એકલા સોનાનો એક મોટો ઊંચો ઘોડો જેની છાતી પર યાકૂત જડેલા હતા, એના પર

સોનાથી બનાવેલ એક સવાર હતો જેના માથા પર હીરાઓનો તાજ હતો એના જેવી એક સોનેરી ઊંટણી અને એનો સોનેરી સવાર. અયવાને કિસરાનો સોનેરી ફર્શ જેનું ક્ષેત્રફળ સાઠ ચોરસ ગજ હતું અને જે કિંમતી ઝવેરાતથી સજાવેલ હતું.... વગેરે.

મુસલમાનોએ આ કિંમતી માલે ગનીમત જમા કરવામાં એવી ઈમાનદારીની સાબિતી પૂરી પાડી કે દુનિયાનો ઈતિહાસ એની મિષાલ (દષ્ટાંત) રજૂ કરવાથી આજિઝ છે. જો કોઈ મુજાહિદને મામૂલી સોય મળી કે કિંમતી ઝવેરાત તો એણે કોઈ પણ પ્રકારના ખચકાટ વિના અમીરની પાસે જમા કરાવી દીધી. આ એ જ અરબ હતા જેના પર ઈરાનવાળા ભૂખ્યા, નગ્નની મજાક ઉડાવ્યા કરતા હતા. હઝરત સઅદ رضی اللہ عنہ એ માલે ગનીમતનો પાંચમો ભાગ મદીના મુનવ્વરા રવાના કરી દીધો અને બાકી બધો મુજાહિદોમાં વહેંચી દીધો.

મદાઈનની જીતના પછી મુસલમાનોએ આગળ વધીને જલૂલા, હલ્વાન, તિકરીત, મોસલ, હય્યત અને માસબઝાન વગેરે પણ જીતી લીધાં અને અરબ ઈરાકની છેલ્લી હદ સુધી એમણે કાબૂ મેળવી લીધો. એના પછી હઝરત ઉમર رضی اللہ عنہ એ મુસલમાનોને આગળ વધવાથી રોકી લીધા અને હઝરત સઅદ رضی اللہ عنہ ને જીતેલા ઈલાકાના વાલી બનાવીને એના સંચાલનની તરફ ધ્યાન કરવાનો હુકમ આપ્યો.

# ઈમાનદારીનું ફળ


રજૂ. : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહી

*(મુતઅલ્લિમ: દારુલ ઉલૂમ કાદરિયા ગરીબ નવાઝ, લેડીસ્મિથ, સા. આફ્રિકા)*


એક જમાનો હતો કે હું મક્કા મોઅઝ્ઝમામાં રહેતો હતો, સખત ગરીબીના દિવસો હતા. દરેક જગ્યાએ ગરીબી તથા તંગીનો આલમ હતો. ફકીરી તથા તંગ દસ્તીની જિંદગી હતી. એક દિવસ ઘણાયે દિવસોનો ભૂખ્યો હું ઘરની બહાર નીકળ્યો. થોડેક જ દૂર ગયો કે રસ્તામાં એક ખૂબસૂરત થેલો જોયો, હું રોકાયો અને વિચાર્યુ કે એમાં ખરેખર કોઈ કિંમતી વસ્તુ હશે અને તેને ઉઠાવી ઘરે લઈ આવ્યો. તેને ખોલી જોયું તો આંખો ઉઘાડી જ રહી ગઈ ! થેલીમાં ખૂબ જ સરસ અને કિંમતી મોતીઓનો હાર હતો. તેને ઘરે છોડી હું બજારમાં પરત ગયો. તો જોયું કે એક નૂરાની ચેહરાવાળા બુઝુર્ગ, એલાન કરી રહ્યા હતા કે જે પણ મારો હાર મને પરત આપશે તેને પાંચસો અશ્રફીઓ હું તોહફામાં આપીશ. હું તે બુઝુર્ગને મારી સાથે લઈ ગયો અને તેમનો હાર પાછો આપ્યો. બુઝુર્ગ ઘણા ખુશ થયા અને ખૂબ જ ભારપૂર્વક મને તે પાંચસો અશ્રફીઓ આપવા લાગ્યા, પહેલાં મેં વિચાર્યુ કે લઈ લઉં ! પરંતુ તરત જ ખુદ્દારી અને ગૈરતે મને રોક્યો.

મેં કહ્યું, હઝરત ! આ અશ્રફીઓ હું કદાપી નહીં લઉં, મેં આપની વસ્તુ આપને પરત કરી છે કોઈ કમાલ નથી કર્યો, બલ્કે પોતાનો અખ્લાકી ફર્ઝ નિભાવ્યો છે.

આપનો ચેહરો ખુશીથી ચમકી ઉઠયો અને દિલની ગેહરાઈથી દુઆઓ આપી. ખુદા આપને આ દિયાનત તથા ઈમાનદારીનો એવો બદલો આપે કે આપની રૂહ ખુશ થઈ જાય.

થોડાક જ દિવસો પછી હું સફરના ઈરાદે મક્કા શરીફથી કશ્તીમાં સવાર થયો. તેમાં ઘણાયે મુસાફરો હતા. કશ્તી ખૂબ જ તેજ, ઝડપભેર પાણીના સીનાને ચીરતી પોતાની મંઝિલ તરફ આગળ વધી રહી હતી કે એકાએક પાણીની ટોચ વધવા લાગી. હવા તેજ થઈ, મોજાં ઉઠયાં અને કશ્તી સાથે ટકરાવા લાગ્યાં. અમારી નાવડી મંઝિલથી દૂર ભરદરિયામાં હિંચકા ખાવા લાગી. ખતરનાક તથા સખત મોજાએ અમારી કશ્તી તોડી નાખી. અલગ અલગ મંઝિલના મુસાફિર એક એક કરી એક જ આખરી મંઝિલ તરફ રવાના થઈ ગયા. હું પણ વિચારવા લાગ્યો કે મારો આ સફર પણ આખરી અને

આખિરત તરફનો જ છે. પરંતુ અલ્લાહ જેને જીવિત રાખવાનો ફેંસલો ફર્માવે તેનું દરિયાના મોજાં કાંઈ નથી બગાડી શક્તાં. બધા જ મુસાફરો ડૂબી ગયા પરંતુ હું તે જ લાકડા અને તખ્તા પર બેસી રહ્યો જ્યાં બેઠો હતો. નાવડીના ટુકડા ટુકડા થઈ ગયા. હવે હું હતો અને તે નાવડીનો ટુકડો હતો અને મોજાં તેને ધકેલી રહ્યાં હતાં. હું મોજાંના રહમો કરમ પર હતો તે ટુકડો લગાતાર ચાલતો રહ્યો અને ઘણાયે દિવસોના સફર બાદ મને કિનારો તથા આબાદી જોવામાં આવી. હું જમીન પર ઉતર્યો, શુક્રના જઝબા સાથે અલ્લાહની બારગાહમાં સજદો કર્યો. આ એક ખૂબસૂરત મુસલમાનોની વસ્તી ધરાવતો ટાપુ હતો. હું વસ્તીની મસ્જિદમાં ગયો. શુક્રે ઈલાહીથી મારો સીનો ફુલાઈ રહ્યો હતો. મેં કુર્આન શરીફ ઉઠાવ્યું અને દર્દભરી અવાજથી તિલાવત કરવા લાગ્યો. લોકોએ જ્યારે મારો અવાજ સાંભળ્યો તો એક એક કરી ભેગા થવા લાગ્યા અને આખા ટાપુમાં મારા આગમનની વાતો થવા લાગી. લોકો મારી પાસે આવતા, મુલાકાત કરતા અને રૂહાની સુકૂન મેળવતા. તેઓ મારી ખૂબ જ ઈજ્જત કરવા લાગ્યા. દરેક માણસ પોતાની હૈસિયત પ્રમાણે તોહફા લાવી મને પેશ કરતો અને થોડાક જ દિવસોમાં રબ તઆલાએ મને માલામાલ કરી આપ્યો. ટાપુના રહેવાસીઓ મારાથી ખૂબ જ પ્રભાવિત થઈ ગયા. એક દિવસ અમુક સમજદાર તથા વડીલ લોકો મારી પાસે આવ્યા અને કહેવા લાગ્યા;

"આપના આવતા પહેલાં અહીં એક મહાન બુઝર્ગ હતા અને ખુદા પાકની આપેલ બધી જ નેઅમતો આપની પાસે હતી. આપના આવવાના અમુક દિવસો પહેલાં જ તેમનો ઈન્તેકાલ થઈ ગયો. તેમની એક ખૂબ જ નેક અને સુંદર પુત્રી છે, જો તમે પસંદ ફર્માવો તો આપનો પયગામ અમે પહોંચાડી આપીએ. ખૂબ જ દીનદાર કુટુંબ છે, માત્ર આપની રજાની જ વાર છે. શરૂઆતમાં મેં કોઈ ખાસ ધ્યાન ન આપ્યું. પરંતુ પછી વિચાર્યું કે હું એક જવાન માણસ છું, શાદી સુન્નતે રસૂલ છે અને મારી પાસે અલ્લાહની આપેલ બધી જ નેઅમતો છે, એનાથી ઈન્કાર કરવો મારી મોટી મહરૂમી ગણાશે. મેં મારી રઝામંદી જાહેર કરી આપી. લોકો એટલા ખુશ થયા કે જાણે તેમને કોઈ નેઅમત હાથ લાગી હોય.

થોડાક જ દિવસો પછી અલ્લાહના ફઝલો કરમથી મારી શાદી થઈ ગઈ. મેં જ્યારે છોકરી જોઈ અને તેના ગળામાં હાર જોયો તો હું હેરાન રહી ગયો, હું વિચારી રહ્યો હતો કે પરવરદિગાર ! આ હાર આ છોકરીના ગળામાં કઈ રીતે આવ્યો ? આ તો તે હાર છે જે મને મક્કાની ગલીમાં મળ્યો હતો. પછી લોકોએ મને બતાવ્યું કે આ તે જ હાર છે જે ગુમ થઈ ગયો હતો અને તે હારવાળા બુઝુર્ગ આપના સસરા હતા. તે પોતાની જિંદગીમાં આપને ખૂબ જ યાદ કરતા હતા અને કહેતા હતા કે, "મેં મારી જિંદગીમાં એક એવો સાચો મુસલમાન જોયો છે કે તેની જેમ બીજો કોઈ પૂરી જિંદગીમાં જોવા નહીં મળે, તેણે લાખોનો હાર ચુપચાપ મને પાછો આપ્યો અને તેની ગૈરત તથા ખુદ્દારીમાં એ પણ પસંદ ન કર્યું કે તે પોતાના ઈમાન તથા દયાનતને પાંચસો અશરફીઓ વડે ખરાબ કરે.

તે બુઝુર્ગ ખૂબ જ આશ અને ઉમ્મીદ સાથે ફર્માવ્યા કરતા, "કાશ ! તે નવજવાન મને મળે તો મારી પુત્રીના નિકાહ તેની સાથે કરી આપત."

અને છેલ્લા દિવસોમાં તે આપને ખૂબ જ યાદ કરતા હતા. આજે અમારી આંખોએ આ સુંદર નઝારો કર્યો કે અલ્લાહ તઆલાએ પોતાના નેક બંદાની દુઆ કબૂલ ફર્માવી.

મારાં રુવાંરુવાં ખુશીથી ઝુમી ઉઠયાં, ખુશીનાં અશ્રુઓ લૂછયાં અને અલ્લાહની બારગાહમાં શુક્રનો સજદો બજાવી લાવ્યો.

અમાનત અને દયાનતનો આ મનમોહક અને ન ભૂલાય એવો બનાવ અલ્લામા ઈબ્ને રજબ علیہ الرحمۃ والرضوان એ તબકાતે હનાબલામાં કાઝી અબૂબક્ર મુહમ્મદ ઈબ્ને બાકીના હવાલાથી નકલ કર્યો છે જે પોતે કાઝી અબૂબક્રે બયાન ફર્માવ્યો.

*–(સાભાર, ઈસ્તેકામત, કાનપૂર, ૧૯૮૯)*

# ગુનાહોનો ઈલાજ

**લેખક** : હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી
**અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી
[મુતઅલ્લિમ દારુલ ઉલૂમ કાદરિય્યહ ગરીબનવાઝ–લેડી સ્મીથ, આફ્રિકા]

## નફ્સની સફાઈના બનાવો

જુઓ ! આપણા બુઝુર્ગોને દીન કઈ રીતે નફ્સ વિરુધ્ધ જેહાદ કરે છે ? આમ જ તેમને વિલાયત તથા બુઝુર્ગી નથી મળી ! ખરેખર જેણે પોતાના નફ્સને ઓળખ્યો તેણે પોતાના રબને ઓળખ્યો.

હઝરત સુહૈલ ઈબ્ને અબ્દુલ્લાહ رضی اللہ عنہ વિશે બયાન કરવામાં આવ્યું છે કે આપ પંદર દિવસમાં માત્ર એક જ વાર જમતા હતા, જ્યારે રમઝાનનો મહીનો આવતો તે સેહરી તથા ઈફતારીમાં માત્ર એક જ લુકમો ખાતા અને ઘણીવાર સિત્તેર (૭૦) દિવસો સુધી ખાતા જ નહીં. જો તેઓ ખાતા તો કમજોર થઈ જતા અને જ્યારે ફાકા કરતા તો આપ તંદુરસ્ત રહેતા. *(મુકાશફતુલ કુલૂબ)*

હઝરત સિરી رحمۃ اللہ علیہથી મરવી છે કે મેં હઝરત જુર્બાની પાસે સત્તુ (મીઠો ચણાનો આટો) જોયો જેનાથી તેઓ પોતાની ભૂખ દૂર કરતા હતા. મેં કહ્યું કે આપ ખાવા તથા બીજી વસ્તુ કેમ નથી ખાતા ? આપે ફર્માવ્યું કે બીજા ખાવાને ચાવવામાં તથા સત્તુને ખાવા દરમિયાન મેં ૯૦ તસ્બીહોનો ફરક જાણ્યો છે. (મુકાશફતુલ કુલૂબ)

હઝરત યહ્યા ઈબ્ને ઝકરિયા علیہ السلام વિશે બયાન કરવામાં આવ્યું છે કે એકવાર આપે જવની રોટલી પેટ ભરી ખાઈ લીધી, તે રાતે આપથી ઈબાદત ન થઈ શકી. તો અલ્લાહ તઆલાએ આપના તરફ વહી ફર્માવી કે, "શું તમને મારા ઘરથી બેહતર ઘર મળી ગયું છે ?! અથવા મારાથી બેહતર પડોશ મળી ગયા છે ? મારી ઈજ્જત તથા જલાલની કસમ ! જો તમે જન્નત પર એક નજર કરો અને પછી જહન્નમને જુઓ તો અશ્રુઓના બદલે લોહીનાં આંસૂ ટપકાવશો, અને કપડાના બદલે લોખંડ પહેરવા લાગશો." (મુકાશફતુલ કુલૂબ)

હઝરત અહમદ ખઝરવિય્યહ رحمۃ اللہ علیہ પોતાના નફ્સ સાથે ઘણુ જ સખત વલણ રાખતા. આથી એકવાર લોકો જેહાદ માટે રવાના થયા તો આપના નફ્સે પણ જેહાદનો આગ્રહ કર્યો. આપને માલૂમ થયું કે નફ્સનું કામ ઈબાદત તરફ માઈલ કરવું નથી માટે નફ્સ એમ કોઈ ધોકો આપવા ઈચ્છે છે, અને બની શકે કે તેનો મક્સદ સફર દરમ્યાન રોઝા ન રાખવા પડે, રાત્રે ઈબાદતથી છૂટ્ટી મળી જાય અને લોકો સાથે તાલમેલનો મોકો મળી જશે. પરંતુ નફ્સે આ બધી વાતોથી ઈન્કાર કર્યો અને કહ્યું કે આમાંથી કોઈ જ વાત નથી. તો આપે અલ્લાહની બારગાહમાં દુઆ કરી કે હે પરવરદિગાર ! નફ્સના ધોકાથી મને બચાવ ! તો અલ્લાહ તઆલાએ નફ્સના ધોકા તથા તેના ફરેબને ખુલ્લો કર્યો કે નફ્સે વિચાર્યું કે આજ સુધી મારી કોઈ જ ઈચ્છા પૂરી નથી થઈ માટે હું જેહાદમાં જઈ શહીદ થઈ જાઉં અને દરેક પ્રકારના બંધનોથી મુક્ત થઈ જાઉં. આ સાંભળી તે દિવસથી આપ નફ્સ પર વધુ સખ્તી કરવા લાગ્યા. (તઝકિરતુલ અવલિયા)

હઝરત ઝુન્નૂન મિસ્રી رحمۃ اللہ علیہની આખી જિંદગી પોતાના નફ્સ સાથે જેહાદમાં પસાર થઈ. આપનું કહેવું હતું કે **નફ્સ સાથે સુલેહ કરનાર માણસ કદી અલ્લાહનો દોસ્ત નથી થઈ શક્તો.** સામાન્ય માણસો જેમ આપને પણ સારા સારા ભોજનોની ઈચ્છા હતી પણ કદી તે ઈચ્છા પૂરી ન કરી. આપ ફર્માવે છે કે એકવાર ઈદના દિવસે મારા નફ્સે ઈચ્છા કરી કે આજે કોઈ સરસ જમણ હોવું જ જોઈએ ! તો આપે પોતાના નફ્સને ફર્માવ્યું કે જો તું બે રકાતમાં આખુ કુર્આન ખતમ

કરી લે તો તારી વાત હું માની લઈશ ! નફ્સે આપની શરત મંજૂર કરી. કુર્આન શરીફ ખતમ કર્યા પછી જ્યારે આપ મજાના ખાવા સામે બેઠા તો પહેલા જ લુકમામાં પોતાનો હાથ ખેંચી લીધો અને નમાઝ માટે ઉભા થઈ ગયા. જ્યારે લોકોએ આમ કરવાનું કારણ પૂછયું તો આપે ફર્માવ્યું કે મારા પ્રથમ લુકમા પર નફ્સે કહ્યું કે આજે દસ વરસ પછી તારી ઈચ્છા પૂરી થઈ રહી છે ! જેથી મેં લુકમો છોડી નફ્સને જવાબ આપ્યો કે તારી ઈચ્છા કદીયે પૂરી નહીં થાય ! પણ તે જ સમયે એક માણસ ઉમદા ખાણાની દેગ લઈ આપની બારગાહમાં આવ્યો કે હું ઘણો જ ગરીબ તથા બાલ બચ્ચાંવાળો છું પણ સવાર સવારમાં ઈદના કારણે મેં સારુ ખાવા તૈયાર કરાવ્યું અને સૂઈ ગયો તો ખ્વાબમાં અલ્લાહના પ્યારા નબી ﷺ તશરીફ લાવ્યા અને ઈર્શાદ ફર્માવ્યો કે જો તું મેદાને મેહશરમાં મને મળવાની ઈચ્છા રાખતો હોય તો આ ખાવા ઝુન્નૂન મિસ્રીને આપી આવ અને તેમને મારો આ પયગામ પહોંચાડી આપ કે માત્ર હાલ પૂરતી જ તમારા નફ્સથી સુલહ કરી બે લુકમા ચાખી લો. તાજદારે રિસાલત ﷺનું ફર્માન સાંભળી દસ વરસ દરમ્યાન પ્રથમ વાર મેં સારુ ખાવા ચાખી લીધું. *(તઝકિરતુલ ઔલિયા)*

હઝરત સૈયદુના જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે ઈબ્નુલ કરીબી رضی اللہ عنہ ફર્માવે છે કે એકવાર મને એહતેલામ થઈ ગયો તો મેં ઈરાદો કર્યો કે તે સમયે જ ગુસલ કરી લઉં. સખત ઠંડીની રાત હતી, નફ્સે સુસ્તી કરી અને સલાહ આપી કે હજુ ઘણી રાત બાકી છે, એટલી જલ્દી પણ શું છે ! સવારમાં ઉઠી આરામથી ગુસલ કરી લે જે. તો મેં નફ્સને સજા આપવા માટે કસમ ખાધી, કે તે જ સમયે કપડાં સહિત ગુસલ કરીશ, અને ગુસલ પછી કપડાં નીચોવીશ નહીં અને તેને પોતાના બદન પર જ સુકાવીશ ! અને મેં એવું જ કર્યું.

પ્યારા વાંચકો ! જોયું તમે ! આપણા બુઝુર્ગો નફ્સની ચાલથી બચવા માટે કેવી કેવી મુસીબતોમાં જીવતા હતા. ખરેખર અલ્લાહના કામમાં જે ઢીલ કરે તેવા સરકશ (નાફર્માન) નફ્સની આ જ સજા છે. *(કીમિયાએ સઆદત)*

અલ્લાહ તઆલા આપણને સૌને પણ આપણા બુઝુર્ગો જેમ નફ્સ વિરુધ્ધ જેહાદ કરવાની તૌફીક અતા ફર્માવે. (આમીન)

પેજ નં. ૨૩ નું ચાલુ....

હોવા છતાં તેનાથી દૂર રહેવાનો હુકમ મળ્યો, વાસના પૂરી કરવાનો હલાલ ઝરીયો હોવા છતાં તેના પર કંટ્રોલ કરવાનો ઉપદેશ થયો, જેથી તમારો નફ્સ તેની ઉપર અમલ કરવામાં નુકસાનનો ફેંસલો કરે અને તમારી અક્કલ કહે કે નેઅમતો હોવા છતાં જરૂરત પડે તેના ઉપયોગથી બચેલા રહેવું મૂર્ખામી છે, અને પછી પણ બંદો ઈશ્કો મહોબ્બતને સામે રાખી અક્કલ અને નફ્સની ખિલાફ ફેંસલો કરે કે મહબૂબના આદેશમાં મારે નથી ફાયદો જોવો કે નથી નુકસાન તરફ ધ્યાન કેન્દ્રિત કરવું ! હું નથી અક્કલનો ગુલામ કે નથી નફ્સનો નોકર ! બલ્કે હું તો મારા રબના આદેશનો ગુલામ છું ! તેટલે જ ફર્માવ્યું :

"અય ઈમાનવાળાઓ ! તમારો મહોબ્બતનો દાવો અમને કબૂલ છે." અને ગૈર મુસ્લિમો પણ તમને સત્ય મહોબ્બતવાળા કબૂલ કરી લે અને સમગ્ર જગત એક ઝુબાન થઈ તમારી ઈસ્લામ સાથેની સત્ય મહોબ્બતની ગવાહી આપે, એટલે જ તમારી ઉપર આ રોઝા ફર્ઝ કરવામાં આવ્યા કે નેઅમતો છે પણ રબની મહોબ્બતમાં તેને દૂર કરવામાં આવી છે. અને આજે પણ મુસલમાનોના રોઝા જોઈ કાફિરોએ કહેવું જ પડે છે કે આ આદેશ પર મુસલમાનો જ અમલ કરે અને નેઅમતો હોવા છતાં આ પ્રકારની પરહેઝી તેમની જ શાન છે ! તો ફર્માવ્યું, અય ઈમાનવાળાઓ ! તમારા ઈમાનની ગવાહી તો ગૈરમુસ્લિમો પણ આપી રહ્યા છે તો પછી અમે તમને "હે ઈમાનવાળાઓ !" કહી સંબોધિત કેમ ન કરીએ !

# રમઝાન શરીફની ફઝીલત તથા હિકમત

અઝ : ફખ્રે ગુજરાત હઝરત અલ્લામા **મૌલાના યુનુસ મિસ્બાહી**–પ્રેસ્ટન (યુ.કે.)

મારા પ્યારા આકા વ મૌલા ﷺના પ્યારા દીવાનાઓ તથા પ્યારી દીવાનીઓ ! રમઝાન માસની ફઝીલતમાં અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

"રમઝાનનો મહીનો જેમાં લોકોની હિદાયત માટે કુર્આન નાઝિલ કરવામાં આવ્યું." *(પારા–ર, સૂ. બકરહ)*

રમઝાન માસના રોઝા ફર્ઝ કરતાં ઈર્શાદ ફર્માવ્યો :–

"અય ઈમાનવાળાઓ ! તમારી ઉપર રોઝા ફર્ઝ કરવામાં આવ્યા જેમ કે આગલાઓ ઉપર ફર્ઝ થયા હતા કે તમને પરહેઝગારી મળે." *(પારા–ર, સૂ. બકરહ)*

અને બીજી જગાએ ફર્માવ્યું :–

"તો તમારામાં જે કોઈ આ મહિનો પામે જરૂર રોઝા રાખે." *(પાર–ર, સૂ. બકરહ)*

ઉપરોક્ત આયતોથી રમઝાન માસની ફઝીલત અને તેમાં રોઝાની ફઝીલત સાબિત થાય છે. આ મુકદ્દસ અને બરકતવાળા માસના રોઝા દસ શવ્વાલ, સન. હિ. ર માં ફર્ઝ કરવામાં આવ્યા હતા.

નબી આખેરુઝ્ઝમાં ﷺની ઉમ્મતને આગલા તમામ નબીઓની ઉમ્મતો પર શ્રેષ્ઠતા અને ઉત્તમતા પ્રાપ્ત છે. જ્યારે તેઓની ઉપર વરસમાં અમુક દિવસોના રોઝા ફર્ઝ કરવામાં આવ્યા હતા અને તેઓએ રોઝા રાખીને રબ તબારક વ તઆલાની ખુશનુદી પ્રાપ્ત કરી હતી અને રબની બારગાહથી ફઝીલતમાં વધારો કર્યો હતો તો પછી મેહબૂબની ઉમ્મતને તે નિકટતાથી મહરૂમ અને નામુરાદ શી રીતે રાખી શકાય છે ? આ હિકમતને લઈને અલ્લાહ તબારક વ તઆલાએ આગલી ઉમ્મતોની માફક આપણી ઉપર પણ રોઝા ફર્ઝ ફર્માવ્યા.

## આગલી ઉમ્મતોના ફર્ઝ રોઝા

હઝરત આદમ علیہ السلام પર દરેક મહિનાની ૧૩, ૧૪ અને ૧૫ તારીખના રોઝા ફર્ઝ હતા, ચાંદથી શરૂ થતા મહિનાની ૧૩, ૧૪ અને ૧૫ તારીખે રાતમાં ચાંદનો પ્રકાશ બીજા દિવસોથી વધારે હોય છે અને તે રાત્રીઓને "લયાલી બીઝ" કહેવામાં આવે છે અને દિવસોને "અય્યામે બીઝ" કહેવામાં આવે છે. એટલા માટે ઈસ્લામી મહિનાની આ ત્રણ તારીખોમાં રોઝા રાખવાને "અય્યામે બીઝના રોઝા" કહેવામાં આવે છે. હઝરત મૂસા علیہ السلام પર આશૂરાના દિવસનો રોઝો ફર્ઝ હતો અને દર અઠવાડિયે શનિવારનો રોઝો અને વરસના અમુક દિવસોના રોઝા પણ ફર્ઝ હતા. હઝરત દાવૂદ علیہ السلام એક દિવસ છોડીને રોઝા રાખતા હતા જેને સૌમે દાવૂદી કહેવામાં આવે છે. હઝરત નૂહ علیہ السلام હમેશાં રોઝાથી રહેતા હતા અને હઝરત ઈસા علیہ السلامની ઉમ્મત પર માહે રમઝાનના રોઝા ફર્ઝ થયા હતા અને ઉમ્મતે મુહમ્મદ ﷺ પર પણ રમઝાન મહિનાના રોઝા ફર્ઝ કરવામાં આવ્યા.

કુર્આન શરીફમાં આપણી ઉપર રોઝા ફર્ઝ થવાના વર્ણનમાં આગલી ઉમ્મતો પર ફર્ઝ કરવામાં આવ્યા હતા તેનું પણ વર્ણન થયું. એટલા માટે કે આપણી ધીરજ જતી ન રહે અને દિલોને તસલ્લી રહે કે આ પ્રમાણે ભૂખ્યા, તરસ્યા અને વાસનાઓથી દૂર રહેવામાં માત્ર આપણી જ પરિક્ષા કરવામાં નથી આવી પરંતુ આગલી ઉમ્મતોની આ જ પ્રમાણે પરિક્ષા થઈ ગઈ છે. તો તમે ધીરજ ગુમાવશો નહીં

અને હિંમતથી કામ લેશો જેથી આગલી ઉમ્મતો સમક્ષ તમારે નીચુ ન જોવું પડે.

તફસીરે કબીરમાં છે : **ઈસાઈઓ** પર રમઝાન માસના રોઝા ફર્ઝ કરવામાં આવ્યા હતા, સર્વ ઈસ્લામી મહીનાઓ ઋતુઓમાં ફરતા રહે છે. (કારણ કે ચાંદના મહિના અમુક વખત ૨૯ દિવસના હોય છે અને અમુક વખત ત્રીસ દિવસના હોય છે, એટલે સૂરજથી ગણવામાં આવતા મહિતાઓથી તેમાં વરસે ૧૧ દિવસો જેટલો ફરક આવે છે. અમુક વરસે રમઝાનનો મહિનો એક ઋતુથી બીજી ઋતુમાં ચાલ્યો જાય છે અને ઠંડીની ઋતુથી ગરમીની ઋતુમાં પહોંચી જાય છે) અને ગરમીની ઋતુમાં રોઝા રાખવા તેમને સારા ન લાગતા હતા એટલે તેમણે ચાંદવાળો મહિનો છોડીને સૂરજથી શરૂ થતો મહિનો (જેને અંગ્રેજી માહો સાલ પણ કહેવામાં આવે છે.) વસંતઋતુમાં નિયુક્ત કર્યો તો તે ગુનાહિત કામના બદલામાં ૨૦ દિવસના રોઝા વધારી ૫૦ રોઝા રાખતા હતા. તે જ પ્રમાણે **યહૂદીઓ**ની ઉપર પણ રમઝાન માસના રોઝા ફર્ઝ કરવામાં આવ્યા હતા પરંતુ તેમણે તે રોઝા છોડીને માત્ર આશૂરા (દસમી મોહરમનો દિવસ)નો રોઝો નિયુક્ત કર્યો. કારણ કે તે દિવસે હઝરત મૂસા علیہ السلامને ફિરઔનથી નજાત પ્રાપ્ત થઈ હતી.

આ હતા આગલા નબીના ઉમ્મતીઓ જેમણે પોતાની સહુલત માટે અલ્લાહ તઆલાના હુકમમાં ફેરબદલ કરી પોતે સમય નિયુક્ત કર્યો અને રબની નાફર્માનીનો વબાલ માથે લીધો. જ્યારે ઉમ્મતે મુહમ્મદ ﷺનું તે શ્રેષ્ઠ મુકામ અને મરતબો છે કે ૧૪૦૦ થી વધારે વરસો પસાર થવા છતાં શરીઅતના કોઈ હુકમમાં ફેરબદલ કરવામાં આવ્યો નથી અને થશે પણ નહીં. (સુબ્હાનલ્લાહ !)

આ ઉમ્મત પર પ્રથમ આશૂરા અને તેની જગાએ દરેક મહિનાની ૧૩, ૧૪ અને ૧૫ મી તારીખના રોઝા ફર્ઝ થયા, એક મુદ્દત બાદ તે હુકમ પણ રદ કરવામાં આવ્યો અને પછી રમઝાન માસના રોઝા ફર્ઝ કરવામાં આવ્યા, જે ક્રમ આજ દિવસ સુધી ચાલી રહ્યો છે અને આજ પ્રમાણે કિયામત સુધી ચાલતો રહેશે, તેમાં કોઈ પ્રકારનો ફરક આવશે નહીં.

પ્રથમ જયારે રમઝાન શરીફના રોઝા ફર્ઝ કરવામાં આવ્યા હતા ત્યારે લોકોને એટલી સહુલત પ્રાપ્ત હતી કે રોઝા રાખવા ઈચ્છે તો રોઝો રાખે અને રોઝો ન રાખવો હોય તો તેના બદલામાં દરેક રોઝાનો એક સદ્કો આપે. જેની વિગત સદ્કએ ફિત્ર જેવી છે, જવ હોય તો એક સાઅ અને ઘઉં હોય તો અડધો આપે. સાઅ જે આજના વજન પ્રમાણે ૪ કિલો ૯૪ ગ્રામ એક સાઅ અને બે કિલો ૪૭ ગ્રામ અડધો સાઅ થાય છે. પરંતુ એક મુદ્દત બાદ આ હુકમ રદ કરવામાં આવ્યો અને રોઝા જ ફર્ઝ કરી દેવામાં આવ્યા.

શરૂમાં એ હુકમ પણ હતો કે રાત્રે સૂતા પહેલાં ખાવા પીવાની છૂટ હતી પરંતુ સૂઈ ગયા બાદ રોઝો શરૂ થઈ જતો, પછી હવે બીજા દિવસે ઈફતાર સુધી કંઈ ખાવા પીવાની ઈજાઝત ન હોતી. એટલે કે સુબ્હે સાદિકથી રોઝાનો આરંભ નહીં પણ રાત્રે સૂતાની સાથે જ રોઝાનો આરંભ થતો, આમ ચાલતું રહ્યું. એટલે સુધી કે હઝરત સર્મા બિન કૈસ رضی اللہ عنہની બેહોશીનો અકસ્માત બન્યો. હઝરત સર્મા બિન કૈસ ઘણુ મહેનત મજૂરીનું કામકાજ કરતા હતા. રમઝાન માસમાં રોઝાની હાલતમાં મજૂરીના સખત કામે ગયા, સાંજે થાકેલા પાકેલા પાછા આવ્યા અને પત્નીને ખાવા કાઢવાનો હુકમ આપ્યો, ઔરત ખાવા તૈયાર કરવા લાગી તેટલામાં તો આપ સૂઈ ગયા, ખાવા બન્યા બાદ આપને જગાડયા પરંતુ આપે ખાવાથી મનાઈ કરી આપી કારણ કે રાતના આંખ લાગ્યા બાદ ખાવાની ઈજાઝત નહોતી અને આપે તો તે જ હાલતમાં બીજો રોઝો શરૂ કરી દીધો. દિવસના કામે ગયા તો ભૂખ અને કમજોરીને લઈને બેહોશ થઈ ગયા, ત્યારે અલ્લાહ તબારક વ

તઆલાએ આ ઉમ્મતને સહુલત આપતાં ઈર્શાદ ફર્માવ્યો : "ખાઓ અને પીઓ ત્યાં સુધી કે તમારા માટે સ્પષ્ટ થઈ જાય સફેદીનો દોરો કાળાશના દોરાથી પોહ ફાટીને."*(પારા–ર, સૂ. બકરહ્)*

એટલે કે સુબ્હે સાદિકથી રોઝાની શરૂઆત થશે, ત્યાર પહેલાં ઉઠીને ખાવું અને પીવું હોય તો તેની ઈજાઝત આપવામાં આવી છે જેથી રોઝામાં થોડી સહુલત રહે અને વધારે કમજોરીનો સામનો ન કરવો પડે. આ પણ ઉમ્મતના શ્રેષ્ઠ હોવાનો સબૂત છે કે જ્યાં તકલીફ જણાઈ ત્યાં અલ્લાહ તરફથી રાહતનો આદેશ આપવામાં આવ્યો.

શરૂમાં ઈશાની નમાઝ બાદ રોઝો આરંભ થઈ જતો હતો એટલે ઈશા બાદ ખાવા પીવા અને સંભોગથી મનાઈ થઈ જતી હતી, પરંતુ અમુક સહાબાએ કિરામથી રમઝાન માસમાં ઈશા બાદ પોતાની પત્નીઓ સાથે સંભોગ થઈ ગયો, તેઓમાં હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ પણ હતા. આપને ઘણો પસ્તાવો થયો અને પોતાની જાત પર ફિટકાર કરી બારગાહે નબી صلی اللہ علیہ وسلمમાં હાજર થઈ પોતાની ભૂલ દર્શાવી અને માફી ચાહી. તો અલ્લાહ તબારક વ તઆલાએ વધુ એક સહુલતનો આદેશ આપતાં ઈશાદ ફર્માવ્યો :–

"રોઝાની રાતોમાં પોતાની સ્ત્રીઓ પાસે જવું તમારા માટે હલાલ થયું, તેણીઓ તમારો પોશાક છે અને તમે તેણીઓના પોશાક."

અને સહાબાએ કિરામથી થયેલી ભૂલને માફ કરતાં ઈર્શાદ ફર્માવ્યો :–

"અલ્લાહને જાણ હતી કે તમે તમારો જીવ ખયાનતમાં નાખતા હતા, તો તેણે તૌબા કબૂલ કરી અને તમને માફી આપી તો હવે તેણીઓ સાથે સંભોગ કરો."

મારા આકા વ મૌલા صلی اللہ علیہ وسلمના પ્યારા દીવાનાઓ તથા પ્યારી દીવાનીઓ ! આ પ્રમાણે અન્ય સહુલતોની સાથે અલ્લાહ તબારક વ તઆલાએ આપણી ઉપર રમઝાન માસના રોઝા ફર્ઝ ફર્માવ્યા અને પ્યારો મહોબ્બતથી સંબોધિત કરતાં ઈર્શાદ ફર્માવ્યો :–

"અય ઈમાનવાળાઓ ! તમારા પર રોઝા ફર્ઝ કરવામાં આવ્યા જેમ કે આગલાઓ ઉપર ફર્ઝ થયા હતા કે તમને પરહેઝગારી મળે."

"હે ઈમાનવાળાઓ !" થી સંબોધિત કરી ઈમાનવાળાઓને હિંમત આપવામાં આવી રહી છે કે તમે તો દિલો જાનથી અલ્લાહ અને રસૂલને માનવાવાળાઓ છો અને તમારું સત્યપણે માનવું અમને કબૂલ છે. એટલા માટે તમને "સાહિબે ઈમાન" કહી સંબોધિત કરવામાં આવી રહ્યા છે, જ્યારે તમે અમને માનો છો તો આ અમારો તમને આદેશ છે તમે તમારે વાસનાઓને ત્યજી અમારા માટે રોઝા રાખો, આ તમારી મહોબ્બતની પરિક્ષા છે કે તમે જ્યારે દિલો જાનથી અમને માનો છો તો પછી અમારા કહેવાથી તમે તમારા નફ્સ સાથેની મહોબ્બત છોડો છો કે નહીં.

બીજું એ કે તમે સાહિબે ઈમાન છો અને સાહિબે ઈમાનની શાન વફાદારી છે તો પછી જ્યારે તમે સાહિબે ઈમાન છો તો અમારા હુકમ અને આદેશમાં તમારી શાને વફાદારીનો સબૂત આપો, અમે તમને જે પણ આદેશ અર્પણ કરીએ તેને ખુશી ખુશી કબૂલ કરી લો. ખાવા પીવા ન હોવાથી ભૂખ્યા અને તરસ્યા રહેવું તો મજબૂરી છે. પરંતુ ખાવા પીવાની અનેક વાનગીઓ હોવા છતાં તમે તેનાથી દૂર રહી અમારા હુકમનું પાલન કરી વફાદારીની દલીલ પેશ કરો તે જ તમારી દિલાવરી છે.

ત્રીજું એ કે કોઈક આદેશમાં જાહેરી ફાયદો જોઈ તેના પર અમલ કરવામાં આવે તો ત્યાં વફાદારીની સાથે પોતાના નફ્સની વાસના ઉપર પણ અમલ થતો હોય છે. તો અહીંયા ખાવા હોવા છતાં રોકાવાનો આદેશ આપવામાં આવ્યો, પાણી

વધુ પેજ નં. ૨૦ પર....

## દુનિયાની મહોબ્બતમાં પડનારને તેના નબીનો સંદેશ !

રજૂકર્તા : **અલ્તાફ હુસૈન મુહમ્મદ હનીફ કુરચનવી**
*(મુતઅલ્લિમ જામિઆ અશરફિયહ–મુબારકપુર, યુ.પી.)*

હઝરત હસન رضی اللہ عنہથી રિવાયત છે કે **દુનિયાની મહોબ્બત બધા ગુનાહોની જડ છે.** *(બયહકી)*

એટલે કે માનવ ગુનાહો દુનિયાની મહોબ્બત અને તેને પ્રાપ્ત કરવામાં જ કરે છે. જો દુનિયાની મહોબ્બત ન હોય તો પછી કોઈ ગુનાહ જ ન કરે. એટલા માટે અલ્લાહના ખાસ બંદાઓ દુનિયાને હકીર સમજે છે અને માત્ર આખેરતની જ ફિકરમાં રહે છે જેથી તેઓ ગુનાહ નથી કરતા.

### દુનિયાનો સંતોષી આખેરતનો ભૂખ્યો !

હઝરત સલમાન رضی اللہ عنہથી રિવાયત છે કે બેશક ! જે દુનિયામાં સૌથી વધારે પેટનો ખાડો પૂરતો હશે કયામતના દિવસે લાંબા સમય સુધી ભૂખ્યો રહેશે. *(હાકિમ)*

આ કથનમાં માત્ર પેટનો ખાડો ભરનાર મુરાદ નથી, પરંતુ તે આદમી મુરાદ છે જે દુનિયામાં ઉલ્લાસ અને આરામની જિંદગી વ્યતિત કરતો હોય છે અને આખેરતને ભૂલી જાય છે. એ પણ મુરાદ હોઈ શકે છે કે કયામતના દિવસે લાંબી મુદ્દત સુધી આખેરતની નેઅમતોથી નાઉમ્મીદ અને નાકામ રહેશે અને પોતાની ઈચ્છા અને ભૂખમાં તડપતો રહેશે, જ્યારે ગરીબો જલ્દી જન્નતમાં જગા લઈ લેશે, જેવી રીતે કે હદીષમાં આવ્યું છે કે **ફકીરો ધનવાનોથી પાંચસો વર્ષ પહેલાં જન્નતમાં પ્રવેશ કરશે.**

### દુનિયામાં ઉચ્ચતા ચાહનારનું પરિણામ

હઝરત સલમાન رضی اللہ عنہથી રિવાયત છે કે જે પણ માણસ દુનિયામાં કોઈપણ હોદ્દા (પદ) પર ઉન્નતિ પ્રાપ્ત કરવા ચાહે, પછી સફળ થઈ જાય તો આખેરતમાં અલ્લાહ તઆલા તેને તેનાથી નીચે અને ઘણા લાંબા અંતર સુધી ફેંકી દેશે. *(ઈબ્ને હબ્બાન, તબરાની વગેરે)*

અર્થાત કે જે આદમી દુનિયાની ઈજ્જત અને ઉન્નતિનો ખ્વાહિશમંદ (ઈચ્છુક) હશે પછી તેને પ્રાપ્ત કરશે તો આખેરતમાં તેને એવી જ રીતે બદ્‌નામી અને રૂસ્વાઈનો અઝાબ મળશે જેવી રીતે તે દુનિયામાં ઈજ્જત અને ઉન્નતિનો ઈચ્છુક હતો, જ્યારે કે આ હોદ્દો અને પદ દુનિયાની શ્રેષ્ઠતા અને ઉચ્ચતાના માટે પ્રાપ્ત કરે. અને જો દીનના માટે અથવા મુસલમાનોની સલામતિના માટે આ પ્રમાણે કરશે તો તેના પર કોઈ પકડ નથી.

### ઈસ્લામનો પ્રભાવ ક્યારે છિનવાઈ જશે ?!

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, **જ્યારે મારી ઉમ્મતના લોકો દુનિયાને મોટી વસ્તુ સમજવા લાગશે તો તેમનાથી ઈસ્લામનો પ્રભાવ (દબદબો) છિનવી લેવામાં આવશે.** (હાકિમ)

આજે મુસલમાનોની બેઈજ્જતીનું મૂળ કારણ આ જ છે કે મુસલમાનોએ દુનિયાને મહત્વ આપી દીધું છે અને આખેરતને ભૂલી બેઠા છે. જ્યારે કે પહેલાં મુસલમાન ગણતરીમાં થોડા હતા પરંતુ તેમનો રૂઆબ અને દબદબો પૂરી દુનિયા પર છવાયેલો હતો, કારણ જાહેર છે કે તે લોકોએ દુનિયાને મોટી વસ્તુ નથી સમજી પરંતુ દુનિયાને તુચ્છ સમજી તો દુનિયા તેમની પાસે ઝલીલ થઈને આવી અને આજના મોડર્ન યુગમાં આજે આપણે દુનિયાને જ સર્વસ્વ સમજી લીધી છે કે જે કાંઈ છે તે દુનિયા જ છે ! જેના લીધે આજે આપણે તુચ્છ દુનિયા કરતાંય પોતે બેઈજ્જત થયા અને થઈ રહ્યા છીએ. કોઈએ ઘણી સારી વાત કહી છે :–

**વો મોઅઝ્ઝઝ્થે ઝમાનેમેં મુસલમાં હો કર**
**ઔર હમ ખ્વાર હુવે તારીકે કુર્આં હો કર**

રબ તઆલા આપણને આખેરતના ખયાલ સાથે શરીઅત પ્રમાણે જીવવાની તૌફીક આપે. આમીન

## કોઈની સાથે એની તુલના યોગ્ય ગણાશે નહીં

કાર્યાલય

# અલ્લાહ અલ્લાહ છે ! કુર્આન કુર્આન છે !

ઈસ્લામ વિધર્મીઓ સાથે, સર્વ જાતિના લોકો સાથે, સર્વ વતની ભાઈઓ સાથે, સર્વ માનવ જાતની સાથે સારો વહેવાર કરવાની જ તા'લીમ આપે છે, અને **નાહક કોઈને પણ સતાવનારને 'જાલિમ' ઠરાવે છે.** જેથી મુસલમાને સર્વની ભલાઈ ચાહીને સર્વ જાતિના લોકો સાથે એકતાથી રહેવું જોઈએ. પોતાના ધર્મના સિદ્ધાંતો તથા આદેશો અને માન્યતાઓની આમાન્યા જાળવતા રહીને સહકારપૂર્વક રહેવું જોઈએ. આ તદ્દન સત્ય તથા યોગ્ય તેમજ ન્યાયની વાત છે. પણ....

**આ કૌમી એકતા નથી પણ ઈસ્લામથી જ બહાર થવું છે !**

આજ કાલ કૌમી એકતાના નામ પર "ધર્મોમાં ભેળસેળ" કરવાની જાણે ફેશન ચાલી રહી છે ! અથવા તો મુસ્લિમોને ગેરમાર્ગે દોરવા તેમના અકીદામાં (પાયાની માન્યતામાં) વસવસા કે ભંગાણ દાખલ કરવા માટે એક સુનિયોજીત આંતર રાષ્ટ્રીય ચળવળ ચાલી રહી છે, એવું કહીએ તો એ અતિશયોક્તિ નથી. કેમ કે રોજ બ રોજ અખ્બારોમાં એના સંબંધી બનાવોના સમાચારો જોરશોરથી પ્રગટ થતા રહે છે. અલ્લાહના વલીઓના મઝારો (દરગાહો) પર કે જેઓ જીવનભર તૌહીદ (અલ્લાહ એક હોવા)નો પૈગામ આપતા રહ્યા તેમને ત્યાં જ અનેક ખુદાઓમાં માનનારાઓ થકી દેવી દેવતાઓની કથાના પ્રોગ્રામો થવાના સમાચારો આપે વાંચ્યા જ હશે. હવે વાંચવા મળ્યું કે સયાજી હોસ્પિટલ, વડોદરા ખાતે "મુસ્લિમ નર્સો" દ્વારા "સત્યનારાયણની કથા" કરવામાં આવી જેમાં સત્યનારાયણ દેવની પૂજામાં મુસ્લિમો બેઠા ! (ગુજરાત સમાચાર, તા. ૧–૫–૦૭) તે ઉપરાંત તા. ૯–૭–૨૦૦૭ના "દિવ્ય ભાસ્કર" દૈનિક પત્રમાં મુસ્લિમ બહેનોના ફોટા સાથે છે કે "ભરૂચની એક પી.ટી.સી. સંસ્થામાં ૭૦ હિંદુ તથા ૨૦ મુસ્લિમ બહેનોએ જયા પાર્વતી વ્રત (અલૂણા વ્રત) રાખી પૂજન અર્ચન કર્યું હતું તથા શિવ આરાધના કરી હતી. અને તેમનાં મુસ્લિમ માંબાપોએ આ બાબતે ગર્વ લીધો !" **હે લોકો ! આ કૌમી એકતા નથી પણ ધર્મોમાં ભેળસેળવૃત્તિ છે. અને ઈસ્લામમાં એક ખુદા સિવાય કોઈની પણ પૂજા (ઈબાદત) કરવી એ મુસલમાનને ઈસ્લામથી બહાર કરી દે છે.** માં બાપો વરસોના વરસો સુધી પોતાની ઔલાદને દુનિયવી શિક્ષણ આપે છે પણ તદ્દન પાયાનું આ દીની જ્ઞાન નથી આપતાં કે પૂજા (ઈબાદત) મુસલમાન અલ્લાહ સિવાય કોઈની ન કરી શકે અને કરશે અથવા કરવાનો ઢોંગ કે રોલ પણ કરશે છતાં ઈસ્લામથી બહાર થઈ જશે. આ કટ્ટરવાદ નથી બલ્કે ઈસ્લામ ધર્મનો પાયો જ એના પર છે.

હા ! કૌમી એકતા તો એમાં છે કે સર્વ જાતિના લોકો સાથે સામાજિક તથા દુનિયાવી બાબતે મેળ મેળાપ સાથે સહકારથી રહો, એકબીજાને કામ લાગો, એકબીજાનાં દુઃખદર્દમાં મદદરૂપ થાવ... વગેરે.

વળી તા. ૨૧–૭–૨૦૦૭ના "ગુજરાત ટુડે" દૈનિક પત્રમાં સ્વામીનારાયણ આર્ટસ કોલેજ અને

શાંતિ પૈગામ સમિતિ નામની કમિટી (અમદાવાદ) થકી વિવિધ તુક્કાઓ વડે ધર્મોમાં સમાનતા, એકરૂપતા ઉભી કરવામાં આવી, ''વેદ'' તથા ''કુર્આન''માં સામ્યતા (સરખાપણુ) દર્શાવવામાં આવ્યું. જેમાં અમુક મુસ્લિમ નામધારી કહેવાતા મોલ્વીઓ તથા ધાર્મિક છીછરા જ્ઞાનવાળા પ્રોફેસરો કે ડોકટરો સામેલ રહ્યા. ગુજરાત ટુ ડે વર્તમાન પત્ર એ તેને સરસ કવરેજ આપ્યું છે ! અને આવા પ્રોગ્રામોની ટી.વી. પર ખૂબ ચર્ચા થાય છે !!

વિવિધ ધર્મોમાં ઘણી વાતો એક મેકમાં સરખી હોય એ બનવા જોગ છે, પણ એનાથી સર્વ ધર્મ તથા સર્વ ધર્મપુસ્તકો એક સમાન છે એવો અર્થ તારવવો એ બુદ્ધિગમ્ય વાત નથી. દા.ત. શરાબ, જૂઠ, ચોરી, અપ્રમાણિક્તા વગેરેથી બચવું તથા સારાં કામો કરવાના આદેશો લગભગ ધર્મોમાં હોય શકે છે પણ પાયાની અક઼ીદાની (માન્યતાની) વાતોમાં સામ્યતા હોઈ શક્તી નથી, નહીં તો ધર્મો અલગ અલગ તથા તેમનાં નામો અલગ અલગ શાથી થયાં ?!

આવા માહોલમાં મુસલમાનોને સત્ય માર્ગદર્શન માટે તથા ધાર્મિક ભેળસેળવૃત્તિથી સાવધાન રહેવા માટે આ લેખ રજૂ કરીએ છીએ.

## ભગવાન, બ્રહ્મા, વિષ્ણુ તથા શિવથી મુરાદ ''અલ્લાહ'' નથી !

ઝાકિર નાયકે **Islamic Voice-Banglor** માં લખ્યું છે કે ભગવાનનાં ૩૩ નામોમાંથી એક નામ ''બ્રહ્મા'' છે અને ''બ્રહ્મા''નો અનુવાદ (અર્થ) ખાલિક (સર્જનહાર) છે તથા ''વિષ્ણુ''નો અનુવાદ રબ (માલિક, પાલનહાર) છે.

**જવાબ** : એ છે કે પ્રથમ તો ''ભગવાન'' શબ્દ એના અર્થના એતેબારથી ખૂદ જાહેર કરે છે કે **તે કોઈ શરીરવાળી મખ્લૂક છે.** (''ભગ''નો અર્થ એક અંગ થાય છે, અને વાન એટલે વાળો) જેમ કે ''ગુણવાન'' એટલે ગુણ (ખૂબી)વાળો કે ખૂબીવાળી, ''દયાવાન'' એટલે દયાવાળો કે દયાવાળી વગેરે. અને જ્યાં સુધી ઉર્દૂ કે ફ઼ારસી શબ્દકોશમાં ભગવાનનો અર્થ ઈશ્વર, પરમેશ્વર વગેરે લખે છે તો એ કારણે કે ભગવાનનો અર્થ હિંદુઓ એવો સમજે છે. જ્યારે કે અલ્લાહ શરીરથી તથા શરીરના અંગોથી પાક છે (૫૨) જેથી **ભગવાન શબ્દ એ અલ્લાહ માટે વાપરી શકાશે નહીં.** ''બ્રહ્મા'' ખાલિક (સર્જનહાર) છે અને ''વિષ્ણુ'' રબ (પાલનહાર) છે, એટલે કે એક પેદા કરનાર અને એક પાલનહાર અને ત્રીજો ''શિવ'' જે મારનાર છે. એટલે ત્રણ ત્રણ મઅબૂદ (ખુદા) થયા અને તે સૌની પત્નીઓ પણ છે : સરસ્વતી, લક્ષ્મી, પાર્વતી. જ્યારે કે **અલ્લાહ તઆલા પત્નીથી, ઔલાદથી પાક (પવિત્ર) છે. જેથી એ શબ્દો અલ્લાહ કે ખુદા માટેના અર્થમાં લઈ શકાય નહીં.**

જેથી **જે લોકો વેદ તથા કુર્આનનો સમન્વય (સરખામણી)** કરી બંનેમાં સામ્યતા દર્શાવી રહ્યા છે અને બંને ધર્મોને સરખા દર્શાવી રહ્યા છે એ તેમનો તરંગી પ્રયાસ છે, એથી વિશેષ કાંઈ જ નથી ! એ વાત ઉપરોક્ત લખાણથી પુરવાર થાય છે.

તેમજ સૌ પ્રથમ વાત એ છે કે કુર્આન આસ્માની કિતાબ છે જેને અલ્લાહ તઆલાએ તેના પ્યારા નબી મુહમ્મદ મુસ્તફ઼ા ﷺ પર પોતાના મુક઼ર્રબ ફ઼રિશ્તા જિબ્રઈલ علیہ السلام થકી ઉતારી છે. જ્યારે કે ''વેદ'' કોઈ આસ્માની કિતાબ નથી.

## વેદ આસ્માની કિતાબ નથી

સંસ્કૃત ભાષામાં 'વેદ'નો અર્થ ''ઈલ્મ (જ્ઞાન) તથા વિદ્યા'' થાય છે, જેમ કે ''આયુર્વેદ'' (Ayurved) એટલે ''મેડિકલ જ્ઞાન'' અથવા ''હિંદી મેડિકલ વિદ્યા'', ધનૂર વેદ એટલે ''યુદ્ધ કળા'' (જંગ વિદ્યા), ગાંધર્વ વેદ એટલે ''સંગીત કલા''

ગાવા વગાડવાની વિદ્યા વગેરે.

હિંદુ ધર્મની દષ્ટિએ વેદ ચાર છે : (૧) ઋગ્વેદ (૨) યજુર્વેદ (૩) શામ વેદ કે સામ વેદ (૪) અથર્વ વેદ.

હવે જો એ ચારેવમાંથી "વેદ" શબ્દ અલગ કરી દેવામાં આવે તો "ઋગ, યજર, સામ, અથર્વ" રહેશે. તો એ કોઈ જ્ઞાન, વિદ્યા તથા કલાનાં નામો છે. જેમ કે આયૂર, ધનૂર (ધનુર), ગાંધર્વ વગેરે. અથવા વ્યક્તિઓનાં નામો છે કે ઝયદ, અમ્ર, બકર વગેરે. અથવા ગુણધર્મો છે જેમ કે શાઈર, લેખક, લહિયો, એટલે કોઈ નિશ્ચિત નથી, કોઈ પણ શાયર, કોઈ પણ લેખક, કોઈ પણ લહિયો વગેરે.

પંડિત દયાનંદે આ વાતનું કોઈ પણ સંશોધન પોતાની કિતાબમાં રજૂ નથી કર્યું, બસ એટલું કહી આપ્યું કે ઋગ, યર્જુવ, સામ અને અથર્વ, ચાર ૠષિઓનાં નામ છે. જેનાથી સાબિત થાય છે કે આ ચારેવ કિતાબોના લેખક છે અથવા સંપાદક (જમા કરનાર).

એક તરફ હિંદુ ધર્મના પંડિતો એવું પણ કહે છે કે એના લેખક અગ્નિ, વાયુ, આદિત્ય તથા અંગરા છે. ત્રીજી બાજુ સનાતન ધર્મી કહે છે કે વેદના લેખક બ્રહમાજી છે અને તેમના ૠષિઓથી ચાર કિતાબો નીકળી છે. (તેમજ તા. ૧૪–૮–૨૦૦૭ના ગુજરાત સમાચારમાં દર્શાવ્યું છે કે ભગવાન શ્રી વેદવ્યાસે એક મહાવેદમાંથી ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ સંહિતાની રચના કરી હતી.) આવી વિવિધ પ્રકારની વાતો એના બારામાં જોવા મળે છે. યાદ રાખશો ! કુર્આન અલ્લાહનું કલામ છે, અલ્લાહે હઝરત જિબ્રઈલ عليه السلام મારફત મુહમ્મદ મુસ્તફા ﷺ પર ઉતાર્યું અને તે આજે પણ તે જ સ્થિતિમાં મૌજૂદ છે જેવું ઉતર્યું હતું. એમાં નુક્તા બરાબર પણ ફરક પડયો નથી. જેથી કુર્આન સાથે અન્ય કિતાબોની સરખામણી શક્ય જ નથી.

## "બ્રહ્મા"એ અલ્લાહ નથી

એક તરફ હિંદુ ધર્મમાં બ્રહમાને ખાલિક (સર્જનહાર) કહે છે તો બીજી બાજુ તેમને મોઢાંવાળા કહે છે. એટલે **ખૂદ સ્વીકાર કરે છે કે તે શરીરવાળા** છે, જેથી સહીહ ઈસ્લામી અક઼ીદાના એતેબારથી **બ્રહ્મા, એ "અલ્લાહ" કે "ખુદા" નથી.** (કેમ કે અલ્લાહ શરીરથી પાક છે તેને શરીર નથી એ મુસલમાનનો અક઼ીદો છે.) સારાંશ કે ચાર ૠષિઓ કે અગ્નિ, વાયુ, આદિત્ય તથા અંગરા અથવા બ્રહમાને "વેદો"ના લેખક કે સંપાદન કર્તા માની લઈએ તો પણ **એ આસ્માની કિતાબ નથી.** અત્યાર સુધીમાં "વેદ"ના વિશે ત્રણ પ્રકારની વાતો સામે આવી. હવે વેદોના વિશે અધિક જાણકારી મેળવીએ.

## વેદનું સંપાદન તથા તેના પ્રકાર

વેદોના સંશોધકોનો એ ખયાલ છે કે હજારો વરસો પહેલાં ઈરાન તથા તુર્કસ્તાનના પ્રદેશોથી આર્ય લોકો હિંદુસ્તાનમાં આવ્યા. તેઓમાં શેઅર કહેવાનો શોખ હતો. અને તેઓ જાહેરી ચીજો સૂરજ, ચાંદ, તારાઓ, પહાડો વગેરેની પ્રશંસામાં શેઅરો કહ્યા કરતા હતા અને તેમને પોતાનો દેવતા માનતા હતા અને આ રીતે તેઓ ૩૩ કરોડ દેવતાના ચાહનારા હતા અને તેમને તેઓ રોજી, મૃત્યુ, જીવન, તક઼દીર વગેરે દરેક વાતના માલિક તથા અધિકારી માનતા હતા, અને તેમને પૂજતા પણ હતા.

એ વિવિધ વ્યક્તિઓના વિવિધ શ્લોકોનો સંગ્રહ વરસોના વરસો સુધી ક્રમસર ગોઠવણી વિનાનો બ્રાહમણોની પાસે ચામડાંઓમાં ભરેલો ૠષિઓ થકી મઠોમાં લપેટાયેલો રહેતો હતો અને તેઓ કોઈક કોઈકને એમાંથી મંત્રો સબકમાં પઢાવ્યા કરતા હતા. છેવટે કૌરવો અને પાંડવોના યુદ્ધ (મહાભારત) પછી પાંડવોના હુકમથી તે

સંગ્રહને ક્રમ આપવામાં આવ્યો અને "વ્યાસજી"ને તેના વ્યવસ્થાપક બનાવવામાં આવ્યા. પછી પ્રથમ બે કિતાબો સંપાદિત કરવામાં આવી "ઋગ્વેદ" કે જેને ઋગ પંડિતે એકત્રિત કર્યો હતો તથા યજુર્વેદ જેને યજુર (યજુર્વ)એ એકત્રિત કર્યો હતો.

ઘણા અરસા પછી સામ કે શામ પંડિતે ઋગ્વેદનો ક્રમ પલટીને અન્ય અધિક મંત્રો ઉમેરીને (જે પહેલાં બાકી રહી ગયા હતા) એક અન્ય કિતાબ બનાવી જેનું નામ "સામ વેદ" થયું અને હિંદુઓમાં મુદ્દતો સુધી આ જ ત્રણ વેદ ધર્મની કિતાબો બનાવવામાં આવી.

ત્યારબાદ છેવટે એક લાંબા અરસા પછી અથર્વ પંડિતે "અથર્વ વેદ" લખી અને ત્યારથી ચાર વેદ માનવામાં આવે છે.

સારાંશ કે "વેદ" એ આર્ય કવિઓ અથવા ઋષિઓ તથા જ્ઞાનિઓની કાવ્ય પંક્તિઓ (શેઅરો)નો સંગ્રહ છે. શેઅરો કે શ્લોકોમાં ઘણી બધી વાતો ભૂતકાળની તથા ભવિષ્યકાળની સામેલ છે.

## એક શંકાનું નિવારણ

જો કોઈ એવું કહે કે વેદ ઈલ્હામી કે આસ્માની કિતાબ નથી તો એમાં આપણા નબી ﷺનો ઉલ્લેખ કઈ રીતે આવી ગયો ? તો જવાબ એ છે કે આપણા આક઼ા હુઝૂર ﷺનું વર્ણન કેવળ આસ્માની કિતાબોમાં જ નથી (એટલે કે તે સહીફાઓ જે આગલા નબીઓ પર ઉતર્યા અને પછી બાદની ચાર કિતાબો તૌરાત, ઝબૂર, ઈન્જીલ અને કુર્આન મજીદ) બલ્કે જયારથી હઝરત આદમ عليه السلام આ દુનિયામાં તશરીફ લાવ્યા ત્યારથી માનવો દરમ્યાન હુઝૂર ﷺની ચર્ચા શરૂ થઈ ગઈ.

હવે જેમ કે હિંદુ પંડિતોનું માનવું છે કે વેદ ત્રણ કે ચાર હજાર વરસો પહેલાં સંપાદિત કરવામાં આવ્યા જેથી ચારેવ ઋષિઓએ શક્ય છે કે નબી કરીમ ﷺનું વર્ણન સાંભળ્યું હોય અથવા સહીફાઓ તથા આસ્માની કિતાબો પરથી તેમને જાણ થઈ હોય અને તેમણે શ્લોકોમાં હુઝૂર ﷺનો ઉલ્લેખ કર્યો હોય.

હુઝૂર ﷺથી ખૂબ જ પહેલાં અરબસ્તાન, ઈરાન વગેરેના પ્રદેશોના રાજાઓ, કાહિનો, ભવિષ્યવેત્તાઓ વગેરેએ તેમનું વર્ણન કર્યું છે, આપની મહાનતા વર્ણન કરી છે, પ્રશંસા કરી છે. જેથી જો વેદમાં હુઝૂર ﷺનું વર્ણન છે તો એનો એ મતલબ નથી કે વેદ આસ્માની કિતાબ છે.

કોઈ પણ મુસલમાનનો એ અક઼ીદો નથી અને જો કોઈનો છે તો તે ગુમરાહ છે. વેદના હવાલાથી આપણા ઉલમાએ ઘણી વાતો સરકાર ﷺની બાબતે એકત્ર કરી છે પરંતુ તેમણે વેદને આસ્માની કિતાબ નથી માની.

હઝરત શેરબે શએ અહલે સુન્નત હઝરત મૌલાના હશ્મતઅલીખાં رحمة الله عليه લખે છે :–

"પંડિત દયાનંદ 'સત્યાર્થ પ્રકાશ' ૧૧ મી સમલાસ, પેજ–૩૭ ઉપર એ વાતનો સ્વીકાર કરે છે કે ઋગ્વેદની ૨૧ શાખાઓ હતી, યજુરવેદની ૧૦૧, સામવેદની ૧૦૦૦, અર્થવેદની ૯, તો એમાંથી અમુક ઉપલબ્ધ છે બાકીની ગુમ થઈ ગઈ." એ જાણ જ નથી થઈ શકી કે કેટલું એમાંથી ઓછુ થયું છે અને કેટલું વધ્યું.

બીજી વાત એ છે કે આજે સર્વ જગતના આર્યોને ચેલેંજ છે કે, આવે અને પોતાના વેદોની અગ્નિ, વાયુ, આદિત્ય, અંગરા સુધીની સનદ તો વર્ણન કરે કે તેમના ઋષિઓથી એ આર્યો સુધી કયા કયા ઝરીયા કયા કયા માધ્યમો થકી વેદ પહોંચ્યા અને તે માધ્યમો વિશ્વસનીય હતાં કે અવિશ્વસનીય." *(હવાલો : તક઼રીરે મુનીરે ક઼લ્બ, પેજ–૧૮, પ્રકાશક : મક્તબે મુસ્તફા, બરેલી શરીફ)*

વેદ ઉપરાંત, ભવિષ્ય પૂરાણ, જરથુસ્તી ધર્મની કિતાબો ''ઝન્દ'' તથા ''ઓશ્યા'' કન્ફયૂશ્ઝમ, બુદ્ધીઈઝમ વગેરેની કિતાબોમાં તથા સિખોના ''ગુરૂ ગ્રંથ'' તથા તુલસીદાસની ''રામાયણ'' વગેરેમાં પણ આપ ﷺનું વર્ણન છે. તો એનો એ હરગિઝ મતલબ નથી કે એ આસ્માની કિતાબો છે.

એ તો આકા ﷺનો મો'જિઝો છે કે દરેક જગાએ એમનો પવિત્ર ઝિક્ર (ઉલ્લેખ) મૌજૂદ છે. અને કેમ ન હોય કે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે وَرَفَعْنَا لَكَ ذِكْرَكَ (હે મહબૂબ ! અમે તમારા ઝિક્રને બુલંદ કર્યું.) ફર્માવીને હુઝૂર ﷺના ઝિક્રને બુલંદ તથા ઉચ્ચ ફર્માવી આપ્યું છે.

## કહેવાતા ચતુર્વેદી મુક઼ર્રિરોની અસલિયત !

દેવબંદીઓ જેઓ પોતાને ''ચતુર્વેદી'' લખે છે અથવા કહેવડાવે છે તે તો તેઓ જાણે ! પણ આપણી જમાઅતના કેટલાક મુક઼ર્રિરો જેઓ પોતાને ''ચતુર્વેદી' કહેવડાવે છે તેઓ ચતુર્વેદી ક્યાંથી થઈ ગયા ?! એટલે સુધી કે એમાંથી મોટાભાગના તો હિંદી પણ બરાબર રીતે લખી વાંચી નથી શક્તા, સંસ્કૃતની તો વાત જ શું કરવી !

બુઝુર્ગોના એકત્ર કરેલા શ્લોકો (કે જે ઉર્દૂમાં લખી દેવામાં આવ્યા છે)ને રટી લીધા છે અને ગળાબાજીનો (ઝબાન ચાલાકીનો) સહારો લઈને પબ્લિકને સંભળાવે છે અને એ રીતે ચતુર્વેદી હોવાનો ભરમ નિભાવી રાખે છે. અ બધું માર્કેટમાં ભાવ ઊંચા કરવા માટે ધંધાદારી તૌર પર છે, કેમ કે શ્રોતાઓમાં વધારે પડતા લોકો આ બાબતે અજ્ઞાન હોય છે જેથી ચતુર્વેદીપણાનો કારોબારની ધૂમ મચેલી છે. અફસોસ ! મોલ્વી, મૌલાના કહેવડાવતાં તેમને શરમ આવે છે તો ચતુર્વેદી કહેવડાવીને ફખ્ર અનુભવે છે ! હવે શક્ય છે કે તે સાહેબોની દેખાદેખી કાલે ઉઠીને કોઈ બાઈબલની અમુક લાઈનો અંગ્રેજીમાં રટીને અંગ્રેજીના જાણકાર કે અજાણ મુક઼ર્રિરો પોતાને ''પાદરી'' સાહબ કે ''ફાધર'' કે ''બિશપ'' કહેવડાવવાનું શરૂ કરી આપે !

એ જ રીતે તૌરાત અથવા ઝબૂરના હવાલા ક્યાંકથી મળી જાય અને તેને રટીને પોતાને ''રબી'' કહેવડાવવાનું શરૂ કરી આપે ! અમો આ પ્રકારના ચતુર્વેદીપણાને માનતા નથી ! જો જલ્સામાં કોઈ પંડિત શુદ્ધ હિંદી કે સંસ્કૃતમાં સવાલ કરી આપે તો આ હઝરત શું જવાબ આપશે ?! આમ તો મોલ્વી સાહબ તથા મૌલાના સાહબ વગેરે કહેવડાવવામાં જે શાન છે તેની વાત જ કાંઈક ઓર છે. અલ્લાહુ અકબર ! કેટલા ફખ્ર તથા ગર્વની વાત છે કે આ રીતે તેઓ નાઈબે રસૂલ તરીકે ઓળખાશે. પણ ન જાણે કેમ તેઓ ''ચર્તુવેદી'' કહેવડાવવામાં શાન સમજે છે ! કદાચ ધંધાદારી બેજ પર મશ્હૂર થવા માટે હશે !

છેવટમાં એ પણ જણાવી દઉં કે આપણી જમાઅતના એક ઘણા જ મહાન આલિમે દીન, પ્રખ્યાત વાઈઝ તથા મુક઼ર્રિર અને પીરે તરીક઼ત હઝરત અલ્લામા સૈયદ ક઼ાઈમ ક઼તીલ દાનાપુરી સાહબ رحمۃ اللہ علیہને બાઈબલ, તૌરાત તથા ઝબૂર વગેરેની ઘણી જ જાણકારી હતી. તે ઉપરાંત આપ વેદ, ગીતા વગેરેનું પણ સારું જ્ઞાન ધરાવતા હતા અને અંગ્રેજી ભાષા સાહિત્ય તેમજ સંસ્કૃતના જાણકાર હતા, પણ તેમ છતાં પોતાને કદી ''ચતુર્વેદી'' કે અન્ય કાંઈ લખાવડાવ્યું કે કહેવડાવ્યું નથી. તેમની તક઼રીરોને ખૂદ સરકાર મુફ્તીએ આ'ઝમે હિંદ મૌલાના શાહ મુસ્તફા રઝાખાં સાહબ કિબ્લા رحمۃ اللہ علیہ પણ પસંદ કરતા હતા. અસલમાં તે પ્રોફેશનલ મુક઼ર્રિર ન હતા બલ્કે સાચા અર્થમાં મુબલ્લિગે ઈસ્લામ હતા. *(સુન્ની દુનિયા, ઉર્દૂ મંથલી, બરેલી શરીફના આધારે, જૂન–૨૦૦૭)*

# ડો. ઝાકિર નાયકના નીમ હકીમપણાનાં ભયાનક રિએકશનો

## 'ઈસ્લામિક વોઈસ' કે 'ગેર ઈસ્લામિક વોઈસ' ?!

રજૂ. ડો. અબ્દુન્નઈમ અઝીઝી-બરેલી શરીફ || અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

*ઘણા અજાણ તથા દીની ઈલ્મથી અજ્ઞાન ભાઈઓને **ડો. ઝાકિર નાયક** નામનું ભૂત દિમાગ પર સવાર થયેલ છે અને તેની વાહ વાહ કરવા લાગી ગયા છે. તેમને ખબર હશે કે "નીમ હકીમ ખતરે જાન ! નીમ મુલ્લા ખતરે ઈમાન !" એની જેમ ડો. નાયકની હાલત છે. એવાં ભૂતોને ભગાડવા માટે ડો. ઝાકિર નાયકની અસલિયત હકીકતના આઈનામાં નીચેના લખાણમાં રજૂ કરવામાં આવે છે. -તંત્રી :* બરકાતે ખ્વાજા (માસિક)

(ગતાંકથી શરૂ)

### ઈસ્લામમાં તસવ્વુફ (સૂફીપણા)નું મહત્વ

ડો. ઝાકિર નાયકે એ પણ લખ્યું છે કે, "ઈસ્લામમાં સૂફીનું કોઈ સ્થાન નથી !"

એનો જવાબ એ છે કે ઈસ્લામમાં તસવ્વુફ (સૂફીપણા)નું ઘણુ જ મહત્વ છે. સૂફીઓ શરીઅતના માર્ગદર્શન હેઠળ તરીકતની મંઝિલ પાર પામે છે. "અસ્હાબે સુફ્ફા" પણ સૂફી હતા અને જોવામાં આવે તો તસવ્વુફ (સૂફીપણા)નો ક્રમ અથવા એનો રિવાજ તેમનાથી શરૂ થયો. તસવ્વુફ શું છે ?

**(૧)** એના બારામાં હઝરત અબ્દુલ વહહાબ શઅરાની قدس سرہ لખે છે : "તસવ્વુફ શું છે ? બસ ! શરીઅતના હુકમો પર બંદાના અમલોનો નિચોડ (ખુલાસો) છે." *(તબકાતે શાફઈય્યાતિલ કુબરા, પેજ-૪, અરબીથી અનુવાદ)*

**(૨)** સૈયદી બૂઅબ્દુલ્લાહ મુહમ્મદ બિન ખફીફ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ના પ્રમાણે : **"તસવ્વુફ એનું નામ છે કે દિલ સાફ કરવામાં આવે અને શરીઅતમાં નબી ﷺની પયરવી કરવામાં આવે."** *(હવાલો ઉપર મુજબ, પેજ-૧૮)*

**(૩)** હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہ ફર્માવે છે : "અલ્લાહ તઆલા ﷻની તરફ સૌથી અધિક નજીક માર્ગ બંદગીના કાનૂનને અનિવાર્યપણે પકડવો અને શરીઅતની ગાંઠને પકડી રાખવું છે." *(બેહજતુલ અસ્રાર, અલ્લામા અબુલહસન શતનુફી, પેજ-૫૦)*

જાણવા મળ્યું કે "સૂફીએ કામિલ" વિલાયતના દરજ્જાએ બિરાજેલ હોય છે અને દરેક વલી સૂફીએ કામિલ ચોક્કસ હોય છે. (શરીઅતની પાબંદી વિના સૂફી કે વલી કોઈ થાય એ અશકય છે, વલી કે સૂફી હશે તે શરીઅતનો પાબંદ જ હશે)

જેથી આપણે કહી શકીએ છીએ કે **તસવ્વુફને ગલત ઠરાવવું અને સૂફીઓની અઝમતોનો ઈન્કાર કરવો જેહાલત તથા ગુમરાહી સિવાય અન્ય કાંઈ જ નથી.** હા ! નામ માત્રના **બનાવટી જૂઠા સૂફીઓ જેઓ તસવ્વુફના નામ પર કલંક છે. એમને આપણે પણ માનતા નથી.**

### ખુદા હાફિઝ ! કે અલ્લાહ હાફિઝ !

કેટલાક દેવબંદીઓ તરફથી વાત ઉડાડવામાં આવી છે, તેમજ ઝાકિરનાયકે પણ એવી નિરર્થક વાત કહી છે કે "અલ્લાહ (શબ્દ)નો તર્જુમો "ખુદા" નથી. અલ્લાહના નવ્વાણુ (૯૯) નામોમાં "ખુદા" નથી. અલ્લાહને કેવળ "અલ્લાહ" શબ્દ વડે જ પોકારો."

આ પરથી ઘણા ભાઈઓ "ખુદા હાફિઝ"ને બદલે "અલ્લાહ હાફિઝ" એવું તાકીદપૂર્વક બોલે

છે, જ્યારે કે હકીકત એ છે કે બંને રીતે બોલી શકાય છે, એના સંબંધી ખુલાસો નીચેના લખાણમાં વાંચશો.

જવાબ એ છે કે ૯૯ અસ્માએ ગિરામી (મુબારક નામો)માં ખુદા નથી, પરંતુ **ખુદાનો અર્થ છે : "માલિક."** અને **હકીકી માલિક અલ્લાહ તઆલા જ છે.** "ખુદા" ફારસી ભાષાનો શબ્દ છે. સદીઓથી અલ્લાહ ﷻના માટે એ શબ્દ બોલાતો તથા લખાતો આવ્યો છે. અલ્લાહ ઝાતી નામ છે અને અલ્લાહનાં ઘણા સિફાતી (ખૂબીઓ દર્શાવતાં) નામો પણ છે જેમ કે અઝીઝ, લતીફ, હકીમ વગેરે.

સારાંશ કે જ્યારે ખુદા બોલવામાં આવે છે તો અલ્લાહ જ મુરાદ લેવામાં આવે છે. બુઝુર્ગોએ એ શબ્દને અલ્લાહના માટે જ વાપર્યો છે. મુજદ્દિદે ઈસ્લામ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના બે શેઅરો જુઓ કે તેમણે અલ્લાહના માટે ખુદા શબ્દ વાપર્યો છે :–

**બખુદા ખુદા કા યહી હૈ દર,**
**નહીં ઔર કોઈ મફર મકર**

**જો વહાંસે હો યહીં આ કે હો**
**જો યહાં નહીં તો વહાં નહીં**

★ ★ ★ ★ ★

**ખુદા કી રઝા ચાહતે હૈં દો આલમ**
**ખુદા ચાહતા હૈ રઝાએ મુહમ્મદ ﷺ**

ખુદા, ખુદાવંદે કુદ્દૂસ, ખુદા તઆલા વગેરે પણ અલ્લાહ ﷻના માટે વપરાય છે.

"ફતાવા મુસ્તફવિય્યહ, ભાગ–૧"માં હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ મૌલાના શાહ મુસ્તફા રઝાખાં رحمۃ اللہ علیہ ખુદા (શબ્દ)ની તશરીહ (ખુલાસો) આ પ્રમાણે કરે છે કે "ખુદા, ખૂદ આ હૈ" **એટલે કે તે હમેશાંથી છે,** અને હમેશાંથી છે તો **હમેશાં રહેશે** એટલે હય્યુ, કૈયૂમ છે. મુફતીએ આ'ઝમે "ખૂદ આ" કહીને સૂરએ "કુલ્હુવલ્લાહુ અહદ"નો ખુલાસો આપી દીધો છે.

એટલે કે અલ્લાહ એક છે, પાક છે, ન કોઈએ જણ્યો છે, ન તેણે કોઈને જણ્યો (જન્મ આપ્યો) છે.... વગેરે. જેથી અલ્લાહ તઆલા માટે ખુદા પણ બોલી શકાય છે. *(હવાલો : સુન્ની દુન્યા મંથલી, બરેલી, જૂન–૨૦૦૭)*

[**નોંધ :** આથી **"ખુદા હાફિઝ"** કહેવામાં પણ કોઈ જ વાંધો નથી. પણ એક વાત જણાવ્યા વિના રહીશ નહીં કે મુસલમાન જ્યારે મુસલમાનથી અલગ થાય કે ફોન પર વાત ખત્મ કરે તો "ખુદા હાફિઝ" કહે કોઈ વાંધો નથી પણ તેના છેલ્લા શબ્દો તો સુન્નત મુજબ **અસ્સલામુ અલૈકુમ** અને જવાબમાં **વઅલૈકુમ સલામ** જ છે, પણ આજકાલ શરૂમાં સલામ તો કરશે પણ છેલ્લે કેવળ **"ખુદા હાફિઝ ! ખુદા હાફિઝ !"** જ ચાલે છે અને બસ ! છેલ્લે સલામ મોટા ભાગે લોકો કરતા નથી. જ્યારે કે **સુન્નત તો સલામ જ છે.** જેથી આ વાતને પણ ધ્યાનમાં રાખી વાતનો અંત સલામથી કરવાનું રાખશો. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*]

**વજન ઘટાડવા/વધારવા તેમજ સ્ફૂર્તિ માટે અકસીર ઈલાજ**

હર્બલલાઈફ ઈન્ટરનેશનલ (ઈન્ડિયા) લી.ના વજન વધારવા/ઘટાડવા તથા અન્ય શારીરિક પીડાઓ માટે શ્રેષ્ઠ ૧૦૦% ગેરંટેડ હર્બલ પ્રોડકટસ તથા બાળકોના સર્વાંગી વિકાસ માટે અત્યંત ગુણકારી હર્બલ પાવડર (મની બેક ગેરંટી)

રમઝાન માસમાં સેહરીના સમયે માત્ર ત્રણ ચમચી ન્યુટ્રીશનલ હર્બલ પાવડર દૂધ/પાણી સાથે લો. રોઝા દરમ્યાન સંપૂર્ણ સ્વસ્થ સ્ફૂર્તિમય રહો. સંપર્ક કરો :–

**ઈસ્માઈલ સાલેહ**, મોટા ચકલા, મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ, પિન. ૩૯૨૦૨૦
ફોન : (૦૨૬૪૨) ૩૨૨૫૨૨, ૨૮૨૩૨૨

# મૌલાના તાહિરુલ ક઼ાદરી વિશે જાણવા જેવું !

## Q.T.V. પર જેમની ખૂબ બોલબાલા છે ! તે

કાર્યાલય

Q.T.V. પર મિન્હાજુલ કુર્આન (પાકિસ્તાન)ના બાની મૌલાના તાહિરુલ ક઼ાદરીના પ્રોગ્રામોની આજકાલ ખૂબ બોલબાલા છે. તેમના વિશે અમને ઘણા લોકો ફોનથી તથા રૂબરૂ પ્રશ્નો કરતા રહે છે તો તેમના વિશે થોડીક ચર્ચા રજૂ કરી દઈએ છીએ. Q.T.V. પર તેમના પ્રોગ્રામોમાં તેમના થકી સર્વ વાતો, બયાનો વગેરે અહલે સુન્નત વ જમાઅત મુજબનાં જ બયાન થાય છે, જાહેરી રીતે જોતાં સુન્નિયતની જાણે તેઓ મહાન ખિદમત કરી રહ્યાનું જણાય છે, ખૂબ જ પ્રભાવિત બયાનો તેમનાં હોય છે, પણ તેમની વિરુધ્ધ ઈન્ટરનેટ પર પણ ફત્વા જારી થયેલા છે તથા **'મુસ્લિમ ટાઈમ્ઝ'** મુંબઈ (૬ ઓગસ્ટથી ૧૨ ઓગસ્ટના) અઠવાડિક ઉર્દૂ પેપરમાં તેમના સંબંધે **મૌલાના મુહમ્મદ હસનઅલી પાકિસ્તાનીના હવાલથી** છે કે :–

**(૧)** રસૂલ ﷺની ગુસ્તાખી કરતાં લખાણો પર સૈયદના મુજદ્દિદે આ'ઝમ સરકાર આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત ફાઝિલે બરેલ્વી તથા અરબ તથા અજમના મુબારક ફતાવાઓ "હુસ્સામુલ હરમૈન શરીફૈન" તથા "અસ્સવારિમુલ હિંદિયહ"ના મુબારક ફત્વાઓની તસ્દીક (સમર્થન) મૌલાના તાહિરુલ ક઼ાદરી નથી કરતા.

**(૨)** મૌલાના તાહિરુલ ક઼ાદરીએ સાફ સાફ લખ્યું છે કે, "હું તાહિરુલ ક઼ાદરી દેવબંદીઓ, વહાબીઓ, શીઆ, રાફઝી, ગૈર મુકલ્લિદોની પાછળ નમાઝ પઢવાને કેવળ જાઈઝ જ નથી સમજતો બલ્કે જ્યારે મોકો મળે છે તો તેમની પાછળ પઢી લઉં છું, બલ્કે અખ્બારોમાં ફોટા છપાયા છે કે તેમની પાછળ નમાઝો પઢી.

**(૩)** મૌલાના કૌકબ નૂરાની, અલ્લામા સઈદ અહમદ કાઝમી, તાજુશ્શરીઅહ અલ્લામા અખ્તર રઝા અઝહરી મિયાં મોહદ્દિષે કબીર અલ્લામા ઝિયાઉલ મુસ્તફા સાહબ વગેરે ઘણા મહાન ઉલમાએ તેમની સાથે આ સંબંધે મુનાઝરો કરીને તેમને લાજવાબ કરી દીધા હતા તથા એમની વિરુધ્ધ અકાબિર ઉલમાના ફત્વા પણ છપાઈ ચૂક્યા છે.

જેથી "મુસ્લિમ ટાઈમ્ઝ"માં જણાવ્યું છે કે હિંદના ઉલમા તથા લોકો તેમની Q.T.V. પરની તકરીરોથી પ્રભાવિત થઈને તેમને પેશ્વા ન સમજવા લાગે બલ્કે તેમની હક઼ીક઼ત દર્શાવતી કિતાબ "ખતરે કી ઘંટી" વગેરેનો અભ્યાસ કરે, જે પાકિસ્તાનમાં મળે છે. *(મુસ્લિમ ટાઈમ્ઝ)*

સારાંશ કે આ પ્રકારની વાતો તેમના વિશે પ્રસિદ્ધ થયેલી છે જેથી વાંચકો પોતે સમજી શકે છે કે કોઈનાં પ્રભાવશાળી બયાનોથી અંજાઈને **અક઼ીદા બાબતે તેમની સુલેહ કુલ્લિયતને દરગુઝર કરી તેમને પેશ્વા માની લેવા તથા મહાન અલક઼ાબ આપી દેવા એ યોગ્ય નથી.** એનું દષ્ટાંત એ છે કે વાસિલ ઈબ્ને અતા નામના શખ્સના હાથ પર છ લાખ લોકો મુસલમાન થયા હતા પણ તેણે નવો અક઼ીદો ઘડયો કે, "જેણે કબીરા ગુનોહ કર્યો, તે મો'મિન પણ નથી અને કાફિર પણ નથી." તો હઝરત હસન બસરી رضی اللہ عنہએ તેની ભાગદોડ, તેના હાથ પર મુસલમાન થનારાઓની સંખ્યા તેનો ઈલ્મી વકાર નથી જોયો ! બલ્કે તેને "કાફિર" જાહેર કરી પોતાની મેહફિલથી મરદૂદ કર્યો. *(સુન્ની કોણ ? પેજ–૧૩, આવૃત્તિ–૧)*

હવે આ ઉલઝન દૂર કરવાનો માર્ગ એ છે કે જ્યારે ખરેખર મૌલાના તાહિરુલ ક઼ાદરી હુઝૂરના ગુસ્તાખોને કાફિર જાણતા હોય તો "હુસ્સામુલ હરમૈન" તથા "અસ્સવારિમુલ હિંદિયહ"ને સમર્થનનું એલાન કરે તથા અગાઉ બનેલ વાતોનો સફાયો શરીઅતની રૂએ કરી આપે એવું અમારું માનવું છે. એમનાથી અતિ પ્રભાવિત કોઈ ભાઈઓ ખોટુ ન લગાડે પણ શરીઅત હેઠળના હુકમને સમજીને તેને માન આપી જે જરૂરી કાર્યવાહી છે તે જનાબ મૌલાના તાહિરુલ ક઼ાદરી થકી કરવા યોગ્ય હોય તે કરાવી આપે તો મસ્અલો હલ થઈ જાય.

# મશીન થકી ઝબહ થતા જાનવરનો હુકમ

**અઝ :** મુહક્કિકે મસાઈલે જદીદા **હઝરત અલ્લામા મુફ્તી નિઝામુદ્દીન મિસ્બાહી** (જામિઆ અશરફિયા—મુબારકપુર, યુ.પી.)

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** —તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

## સવાલ

શું હુકમ છે શરીઅતના આલિમો તથા મુફતીઓનો આ મસ્અલામાં કે :—

અહીં અમેરિકામાં ખાવા પીવાની ચીજોથી લઈને સામાન્યતઃ રોજનીશીમાં વપરાતી ચીજોમાં કેટલાય પ્રકારના ભાગો સામેલ હોય છે, અમુક જાઈઝ, અમુક શંકાસ્પદ અને કેટલાક નાજાઈઝ તથા હરામ. જેમ કે ઝબહ કર્યા વિનાની ગાય, બકરી, તથા મુર્ગી... વગેરે જાનવરોની ચરબી અને હાડકાંનો માવો વગેરે. અહીં ઝબહ કરવાનો કોઈ એવો શરઈ તરીકો નથી જેના પર ભરોસો કરી શકાય સિવાય કે માણસ જાતે પોતે જ પોતાના હાથ વડે ઝબહ કરે. બલ્કે ગવર્નમેન્ટ માન્ય કંપનીઓ પોતાનું કતલખાનુ રાખે છે જેમાં જાનવર મશીનો વડે ઝબહ કરવામાં આવે છે, એ રીતે કે ક્યાંક એવું હોય કે મશીનો ચાલતી રહે છે અને જાનવરોનાં માથાં ધડથી કપાઈ કપાઈને અલગ થતાં રહે છે, ખાસ કરીને મુર્ગીમાં. અને એક મિનિટમાં દોઢસોથી બસો મરઘીઓ કપાય છે અને ક્યાંક એવું હોય છે કે મશીન ચાલતી રહે છે અને તેની નજીક ઉભેલો કોઈ માણસ **બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર** પઢતો રહે છે. પણ તેનો આ ઝબહની સાથે એવો કોઈ સંબંધ નથી કે તેમાં હાથ પણ લગાડે, બલ્કે સર્વ કામ મશીન કરે છે, એ તો કેવળ ઉભો રહીને ઝબહનો કલ્મો પઢયા કરે છે. તેમજ એક જ મશીન વડે વિવિધ પ્રકારનાં જાનવરો કાપવામાં આવે છે જે હલાલ પણ હોય છે અને હરામ પણ, જેમ કે સુવ્વર વગેરે.

તે ઉપરાંત જો કોઈ વ્યક્તિ થકી એ રીતે આ કામ કરવામાં આવે જે તદ્દન શરીઅતના પ્રમાણે હોય કે એક વ્યક્તિ કે અમુક વ્યક્તિઓ પોતાના હાથ વડે શરીઅતના મુજબ ઝબહ કરે તો કંપનીનું એટલુ અધિક નુકસાન થશે કે શરીઅત પ્રમાણે ઝબહ ઘટીને થોડીક માત્રામાં થઈ જશે. એટલા માટે કતલખાનાના માલિકો એવું કરવા કદી પણ તૈયાર થશે નહીં. જ્યારે કે આ પ્રકારના કતલખાનાના માલિકો મોટા ભાગે યહૂદી કે ઈસાઈ છે, શક્ય છે કે ક્યાંક મુસલમાન પણ હોય. આ પ્રકારનો ગોશ્ત માર્કેટમાં સપ્લાય થાય છે. મુસલમાનોને સમજાવતાં અમુક લોકો તો રોકાઈ જાય છે પણ અમુક એવા હોય છે જેઓ મજબૂરીની રીતે અથવા જાણીબુઝીને ખાતા જ રહે છે. હવે પ્રશ્ન એ છે કે :—

**૧.** આ મશીનથી ઝબહ થયેલ ગોશ્ત ખાવો જાઈઝ છે કે હરામ ?!

**૨.** માથુ ઝબહ વખતે ધડથી અલગ પડી જાય છે તો એનું ખાવું દુરુસ્ત છે કે નહીં ?

**૩.** જો આ પ્રમાણે મશીનનાં કપાયેલાં જાનવર ખાસ કરીને મરઘી વગેરેનો વેપાર ચાહે મુસ્લિમો સાથે કે ગૈર મુસ્લિમો સાથે કરવામાં આવે તો એ વેપાર સહીહ થશે કે ગલત ? એના હલાલ તથા હરામ હોવા વિશે શો હુકમ છે ?

**૪.** એવાં કપાયેલાં જાનવરોની ચરબી અને હાડકામાંના માવાનો ઉપયોગ ખાવાની ચીજો અથવા ખાવા સિવાયની વાપરવાની ચીજો સાબુ, શેમ્પુ તથા વાસણ ધોવાનો પાવડર વગેરેમાં હોય તો તેનો

ઉપયોગ કરવું કેવું ? કેમ કે અહીં સાબુ, શેમ્પુ વગેરેમાં આ રીતે કપાયેલાં જાનવરોની ચરબી તથા માવાનો ઉપયોગ પુષ્કળ પ્રમાણમાં થાય છે. શું તેનું કેવળ ખાવું જ હરામ છે કે અન્ય બીજી રીતે પણ તેનો ઉપયોગ મના છે ? મના હોવું એ જાઈઝ તથા નાજાઈઝ હોવામાં ક્યા દરજામાં (મકરૂહ, હરામ, નાજાઈઝ) છે ?!

**૫.** અહીં જેટલી પણ ચીજો દુકાનો પર વેચાય છે તેમાં અમેરીકી ગવર્નમેન્ટના હુકમાનુસાર તેની ફોર્મ્યુલા તેના પેકેટો પર નોંધ કરેલ હોય છે. પણ કદી કદી ઘણો જ અધ્યાહન શબ્દ હોય છે, જેમ કે "ચરબી" ફક્ત લખેલ હોય છે, ન તો એમાં ગાય, બકરીની લખેલ હોય છે, ન તો ઝબહ કરેલ કે ગૈર ઝબહની વિગત હોય છે, તો તેનો ઉપયોગ કરવો કેવું ?

**૬.** શું શરીઅતમાં એવી કોઈ સ્થિતિ છે કે **બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર** પઢીને મશીનનું બટન દબાવી દેવામાં આવે તો એનાથી જેટલી મરઘીઓ કપાઈ કે ઝબહ થઈ હોય તેને ખાવું જાઈઝ થઈ જાય ? અથવા અન્ય કોઈ એવી રીત છે કે જેનાથી જાઈઝ હોવાનું પાસુ નીકળે ?

**૭.** મશીનની તે છરી જે સુવ્વર પર ચાલી ચૂકી છે, જો એ જ છરી બકરી વગેરે પર ધોયા વિના અથવા ધોઈને વાપરવામાં આવે તો શું તેનાથી ઝબહ કરેલું હલાલ જાનવર ખાઈ શકાશે નહીં ?

**૮.** ગૈર મુસ્લિમ થકી સપ્લાય થતો તથા વેચાતા ગોશતનો શું હુકમ છે ?!

**૯.** હાજીઓ માટે મક્કા–મદીનામાં તેમજ એક દેશથી બીજા દેશમાં સપ્લાય થતા ગોશતનો શું હુકમ છે ?

કુર્આન મુકદ્દસ, મુબારક હદીષો તથા ચારેવ મઝહબના ફકીહોના કથનોની રોશનીમાં જવાબ આપશો, કેમ કે અહીં ચારેવ ઈમામોના મુકલ્લિદો રહે છે. બૈયનૂ તુજરૂ.

**પ્રશ્નકર્તા : મુહમ્મદ કમરુલ હસન કાદરી**
ખતીબો ઈમામ મસ્જિદે નૂર "અહલે સુન્નત વ જમાઅત" ૬૪૪૩, પ્રિસ્ટ વુડ, હોસ્ટિન, નેક્સ ૭૭૦૮૧, ઉ. અમેરિકા

## મશીની ઝબહની કાર્યવાહીના અનુભવીઓનો રિપોર્ટ

કુવૈતની વિવિધ વ્યાપારિક તથા અનાજ સંબંધી સંસ્થાઓ તથા ઈદારાઓના પ્રતિનિધિઓએ યૂરોપ તથા દક્ષિણ અમેરિકાના વિવિધ દેશોનો દૌરો કર્યો જયાંથી કુવૈતને વિવિધ જાનવરોનો ગોશ્ત પહોંચાડવામાં આવે છે. દૌરા દરમ્યાન ત્યાંના ઝબહખાનામાં ઝબહના જે તરીકાઓ તથા વિગતો તેમના અનુભવવામાં આવી તે આ પ્રમાણે છે :–

**૧.** મશીની છરી વડે ઝબહના બારામાં એ વાત અનુભવવામાં આવી કે જાનવરને ઝબહ કરતાં પહેલાં વીજળીનો ઝટકો જરૂર આપવામાં આવે છે જેના પરિણામે ઘણીવાર ઝબહ પહેલાં જ પક્ષીનું મુત્યુ થઈ જાય છે કેમ કે પોતાની જગાએથી ઝબહખાના સુધી લઈ જવામાં પક્ષીઓ બેબસ થઈ ચૂક્યાં હોય છે, પછી તેમને વીજળીનો ઝટકો આપવામાં આવે છે.

**૨.** એ વાત જોવા મળી કે મશીની છરી વડે ઝબહમાં મોટા ભાગે ઝબહની જગા (ગળા)ને બદલે અન્ય જગાએ જેમ કે માથુ અથવા છાતીને છરી વડે કાપી નંખાય છે. અથવા પક્ષીઓની તે સર્વ રગો નથી કપાતી જેનું કપાવું જરૂરી છે, અથવા ક્યારેક ચાંચના નીચલા હિસ્સાને કાપે છે, એનું કારણ એ છે કે પક્ષીઓની બોડી તથા વજન અલગ અલગ હોય છે. એવી ગલતીઓનું પ્રમાણ ૩૦% થી પણ અધિક હોય છે.

**૩.** ગાયને ઝબહ કરતાં પહેલાં ઈલેક્ટ્રિક પિસ્તોલનો ઉપયોગ કરવામાં આવે છે જેનાથી જાનવરની ખોપડીમાં કાણુ પડી જાય છે અને એની

અંદર મગજનો એક હિસ્સો ચૂર થઈ જાય છે અને કોઈ ઉઘાડી કે પ્રાકૃતિક હરકત વિના તે જમીન પર પડી જાય છે પછી તેને ઝબહ કરવામાં આવે છે. ઝબહ થયા બાદ જોવામાં આવ્યું કે અમુક જાનવરોમાં કોઈ પ્રકારની હરકત નથી હોતી. એ જ પ્રમાણે જો પિસ્તોલ માર્યા બાદ ચાકુથી ઝબહ કરવામાં અડધી મિનિટનું પણ મોડુ કરવામાં આવે તો જાનવર મુડદા થઈ જાય છે. (આ રિપોર્ટ મજમઉલ ફિક્હિલ ઈસ્લામી–દિલ્હીના એક પત્ર થકી માલૂમ થઈ)

## ક્રમસર ખુલાસાથી જવાબો

نَحۡمَدُهٗ وَنُصَلِّیۡ وَنُسَلِّمُ عَلٰی رَسُوۡلِهِ الۡكَرِيۡمِ

મશીન થકી ઝબહ થતા જાનવરોના સંબંધે વિગતવાર જાણકારીના માટે આખી કિતાબ આપના હાથોમાં છે. અહીં અમો કેવળ જવાબોનો ખુલાસો વાંચકો સમક્ષ રજૂ કરીએ છીએ જેથી સર્વ જરૂરી હુકમો એક નિગાહમાં સામે આવી જાય.

**૧**. મશીન થકી જે જાનવરો ઝબહ થાય છે તે ચારેવ મઝહબો (હનફી, માલિકી, શાફઈ, હંબલી)માં હરામ છે, તેનો હુકમ શરીઅતની રૂએ તે જ છે જે મુરદારનો છે. કેમ કે જાનવરને ઝબહ થવા માટે સર્વ સંમતિથી એ શરત છે કે ઝબહ કરનાર સાહિબે અક્કલ (અક્કલવાળો) તથા સમજબુઝવાળો હોય, તેમજ મુસ્લિમ અથવા કિતાબી હોય. જ્યારે કે મશીની ઝબહ વ્યવસ્થામાં ઝબહ કરનાર કોઈ અક્કલ કે સમજવાળો મુસ્લિમ કે કિતાબી નથી હોતો, બલ્કે કેવળ "વીજળી" હોય છે જે યક઼ીનન આ તમામ ગુણોથી ખાલી છે.

માણસનું કાર્ય અહીં કેવળ એ છે કે મશીન સાથે વીજળીનો સંબંધ કટ થયેલ હતો તો તેણે બટન દબાવીને એ સંબંધને જોડી આપ્યો અને બસ ! ત્યારબાદ વીજળી પોતાની ખુદાદાદ હલન ચલનની શક્તિ વડે મશીનને હરકતમાં લાવે છે. મશીનમાં છરો ફીટ કરેલો હોય છે જેથી એના નીચે જે પણ જાનવર પણ આવી જાય છે તે આપોઆપ તે પોતાના અસ્તિત્વના સમયથી સતત ચલત ફિરતમાં છે. હલન ચલન તેનામાં અનિવાર્યપણે છે. હલન ચલન તેની પ્રકૃતિ છે, તે એક અજીબો ગરીબ શક્તિ છે જે ખૂદ ચાલે છે અને મશીનને ચલાવે છે. એટલા માટે કુર્આને હકીમમાં તેના કાર્યની નિસ્બત આ તરફ કરવામાં આવી છે, જેમ કે ઈર્શાદ બારી છે :–

يَكَادُ الْبَرْقُ يَخْطَفُ اَبْصَارَهُمْ

يَكَادُ سَنَابَرْقِهٖ يَذْهَبُ بِالْاَبْصَارِ

તો મશીન ચલાવવું વીજળીનું કામ છે એટલા માટે ઝબહ કરનાર પણ એ જ થઈ, જેથી એનું ઝબહ કરેલું **હરામ** થયું. એ એ જ પ્રમાણે છે કે જે સૂતેલા જાનવરની ગરદન પર ઉપરથી છરો પડી જાય અને તે તેનું ગળુ કાપી નાખે, એ યક઼ીનન હરામ છે. એ જ પ્રમાણે મશીન થકી ઝબહ થયેલ પણ હરામ છે.

આ ઝબીહા હરામ હોવાનું એક બીજુ કારણ એ પણ છે કે ઘણી બધી જગાઓ પર ઝબહનું કામ ઈસાઈ અંજામ આપે છે, અને વર્તમાનકાળના ઈસાઈનું ઝબીહા હરામ છે, કેમ કે સામાન્યતઃ નાસ્તિક હોય છે અથવા તો કમસે કમ તેમનું કિતાબી હોવાનું શંકાસ્પદ છે. તેમજ તેઓ ઝબહને માનનારા નથી એટલા માટે ફક઼ીહોએ તેમને યહૂદીથી બદતર ઠરાવ્યા છે અને ઝબહની બાબતે તેમને મજૂસીઓ (અગ્નિપૂજકો) જેવા ઠરાવ્યા છે. એ જ પ્રમાણે આજકાલના યહૂદીનું ઝબીહા હરામ છે કે તેઓ ખાસ ઝબહના વખતે અલ્લાહનું નામ ઈરાદાપૂર્વક નથી લેતા. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**૨**. મશીનથી ઝબહ કરવાની વ્યવસ્થામાં એવું થતું રહે છે કે જાનવરોનાં માથા કપાઈને ધડથી અલગ થઈ જાય છે તો તેને અમુક કહેવાતા ફક઼ીહોએ વજહે હુર્મત (હરામ હોવાનો સબબ) ઠરાવે છે, પરંતુ વસ્તુ સ્થિતિ એ છે કે એ હરગિઝ હુર્મતની

(હરામ હોવાની) દલીલ નથી, કેમ કે એના લીધે શરઈ ઝબહમાં કોઈ ખલેલ ઉભી થતી નથી. હનફી મઝહબની વિશ્વનીય કિતાબોમાં એનો સ્પષ્ટ ખુલાસો મૌજૂદ છે. એ જ ક઼ૌલ (કથન) ઈમામ અહમદ ઈબ્ને હંબલ તથા અન્ય ઈમામોનું પણ છે.

અલ્લામા ઈબ્ને કુદામા હંબલી رحمۃ اللہ علیہ એ અલ્મુગ્નીમાં એ જાહેર કર્યું છે કે, "ઈમામ બુખારી ફર્માવે છે કે એ જ ક઼ૌલ હઝરની અબ્ર ઈબ્ને અબ્બાસ તથા અતા તથા નખઈ તથા શઅબી તથા ઝહરી તથા શાફઈ તથા ઈસ્હાક તથા અબૂ ષુર તથા અસ્હાબે રાયનો છે." *(અલ્ મુગ્ની, પેજ–૫૮૦, ભાગ–૮)*

જેથી મશીની ઝબહના હરામ હોવાનું કારણ એ છે જે ઉપર વર્ણન થયું. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**૩**. મશીન થકી ઝબહ થયેલ જાનવરોનો ગોશ્ત **મુરદારની જેમ હરામ** છે એટલા માટે તેનું ખરીદ વેચાણ પણ હરામ તથા ગુનોહ છે, અલ્બત્ત ગૈર મુસ્લિમને હાથે તે વેચવાની ઈજાઝત છે જેવી રીતે તેના હાથે મુરદાર વેચવાની ઈજાઝત છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**૪**. મશીની ઝબીહાની ચરબી, ભેજુ, તેનાં હાડકાંના માવાને ખાવાની જે ચીજોમાં ભેળવવામાં આવે છે તેને ખાવું હરામ તથા ગુનોહ છે, એ સૌ મુરદારના અંશો (ભાગો) છે.

અને ખાવા ઉપરાંત બાહ્ય ઉપયોગની જે ચીજોમાં એને મિલાવવામાં આવે છે, જેમ કે સાબુ, શેમ્પૂ, વોશિંગ, પાવડર, વગેરેમાં એનો ઉપયોગ જાઈઝ તથા દુરુસ્ત છે, કેમ કે મુરદારનું ભેજુ તથા માવો સર્વ સંમતિએ પાક છે અને ચરબી રાજેહ (પસંદીદા) મઝહબ પર મુત્લક (ગમે તે રીતે) ઝહબથી પાક થઈ જાય છે, ભલે ઝબહ ગેર શરઈ હોય.

ચરબીની પાકીના બારામાં ફુકહાએ કિરામમાં મતભેદ છે એટલા માટે એની મિલાવટવાળી ચીજોના ઉપયોગના બારામાં ફત્વો જાઈઝનો છે પણ તકવો એમાં છે કે બચવામાં આવે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**૫**. નસારા (ઈસાઈ)ની ઉત્પાદન કરેલી ચીજો જેનાં પેકેટો પર કેવળ "ચરબી" લખેલ હોય છે અને તેહકીકથી એ ખબર નથી કે આ ચરબી ઝબહ થયેલ જાનવરની છે ઝબહ વિનાના જાનવરની, તો તેને ખાવું હરામ છે અને તેનો બાહ્ય ઉપયોગ જાઈઝ છે પણ બચવું બેહતર છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**૬**. આજકાલ મશીનથી જાનવરને ઝબહ કરવાનો જે તરીકો જોવા મળે છે તે ઝબહના ઈસ્લામી તરીકાથી તદન વિરુધ્ધ છે એટલા માટે વર્તમાન મશીનો થકી ઝબહ કરેલ જાનવર હલાલ હોવાની કોઈ જ સ્થિતિ નથી.

હા ! જો કોઈ એવી મશીન શોધવામાં આવે જેનો છરો વીજળીની શક્તિ વડે ન ચાલે બલ્કે કેવળ માણસની શક્તિના વડે ચાલે તો તેના થકી સો દોઢ સો જેટલાં જાનવરો એકી સાથે ઝબહ થશે તે સૌ હલાલ ઠરશે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**૭**. સુવ્વર (ભૂંડ) જે છરી વડે ઝબહ થયું તે નાપાક થઈ ગઈ, પણ ધોવાથી પાક થઈ જશે, હવે જો એવી છરી વડે હલાલ જાનવર ઝબહ થઈ જાય તો તે નાપાક થશે નહીં. અને આ છરીનો ઉપયોગ કરવું તેના હરામ હોવાની દલીલ બનશે નહીં, કેમ કે ધોઈ નાખ્યા પછી છરી પાક થઈ જાય છે અને તેના કારણે ઝબહમાં કોઈ વાંધો પડતો નથી. તે હરામ એટલા માટે છે કે વીજળી તેને મશીન વડે ઝબહ કરી રહી છે જેમ કે વર્ણન ચૂક્યું. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**૮**. જો સ્લોટર હાઉસ (ઝબહખાના)થી ગોશ્ત કોઈ ગૈર મુસ્લિમ લાવે છે અને મુસલમાન તેને વેચે છે અથવા ગૈર મુસ્લિમ જ વચે છે તો બંને સ્થિતિમાં એ ગોશ્ત ખરીદવો, તેને ખાવો, અન્યોને ખવડાવવો **હરામ** તથા **ગુનોહ** છે.

કારણ એ છે કે **જાનવર ભલે શરઈ તરીકા પ્રમાણે ઝબહ કરેલું હોય તેમ છતાં તેને**

**હલાલ રહેવા માટે જરૂરી છે કે ઝબહના સમયથી ખરીદવાના સમય સુધી તે સતત મુસલમાનની નજરો સમક્ષ રહે. થોડીવાર માટે પણ તેની નજરથી ઓઝલ ન થાય, નહીં તો હરામ થઈ જશે.** આ તે જ સ્થિતિ છે. આ બાબતમાં કિતાબી યહૂદીનો હુકમ ઈમામ શાફઈ رضی اللہ عنہ નજીક મુસ્લિમ જેવો છે, અને બાકીના ત્રણ ઈમામોની નજીક સાવધાની માટે ગૈર મુસ્લિમ જેવો છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

૯. જે ગોશ્ત એક દેશથી બીજા દેશમાં પ્લેન મારફતે સપ્લાય થાય છે એનો હુકમ પણ એ જ છે જે નં. ૮ નો છે કે **થોડીવાર માટે પણ મુસલમાનની નિગાહથી ઓઝલ થયો તો હરામ** છે. એટલા માટે **હાજીઓએ પેકેટોના ગોશ્તથી ખૂબ જ સાવધાની તથા સાવચેતી રાખવી જોઈએ, કે તે ગોશ્ત મશીની ઝબહનો હોય છે જે ચારેવ મઝહબોમાં હરામ** છે. વળી તે એક દેશથી બીજા દેશ સપ્લાય થઈને આવે છે જેમાં સામાન્યતઃ ઈસ્લામી શરતોનો લેહાઝ નથી કરવામાં આવતો. ખુદા પાક આપણને સૌને હલાલ રોજી હાંસલ કરવા અને તેને જ ખાવાની નેક તૌફીક અતા કરે. આમીન. વલ્લાહુ તઆલા અઅ્લમ.

[**નોંધ** : વિસ્તારપૂર્વક તથા તહકીકપૂર્ણ વિગતો સાથે સમજવા માટે કિતાબ ''મશીની ઝબીહા ચારેવ મઝહબોની દૃષ્ટિએ'' પ્રકાશક : અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા, તા. જિ. ભરૂચથી મેળવી શકાશે. અંજુમનના ડોનરોને તથા **રૂા. ૨૦૦/–** ભરીને મેમ્બર બનનારાઓને વરસભર છપાતી સર્વ કિતાબો ઘર બેઠાં ફ્રી માં પોસ્ટથી મળી જશે. ઈન્શાઅલ્લાહ !]

**Top Wichita Eagle U.S.A.** ના

તા. ૩૧/૭/૨૦૦૭ના ન્યૂઝ પેપરમાં આવેલ

★ **એક ગૈર મુસ્લિમ વાંચકનો અભિપ્રાય** ★

## મુસ્લિમોને દોષિત ન ઠરાવો !

રજૂકર્તા : E-Mail From Mr. Sajid Yusuf Ishaq Dayadarawala-Chicago, U.S.A.

સુન્ની અને શીઆ ઉદ્દામવાદી મુસ્લિમો છેલ્લા ૧૪૦૦ વર્ષોથી ધાર્મિક તેમજ વંશિક અંદરો અંદરના વેરઝેરને કારણે એકમેકની કતલ કરી રહ્યા છે એમ કહેવું તદ્દન વાહિયાત તથા પાયાહિન છે. (૨૪ જુલાઈ ઈરાક સિવિલ વોર અનિવાર્ય જેવું હતું માટે તેને બાજુ પર રહેવા દઈએ) પરંતુ મુસ્લિમોને બદનામ કરતા ઉપરોક્ત વિધાનો તો માત્ર રાજકરણી અને મીડિયાવાળાની એક આડંબરભરી નાપાક સાઝિશ જ છે. મધ્યપૂર્વમાં ઘર્ષણ, તંગદિલી ૧૪૦૦ વર્ષ પૂર્વે નહીં પરંતુ ૬૦ વર્ષથી ઈઝરાઈલના અસ્તિત્વ સાથે શરૂ થયું. યહૂદીઓએ તેમની પડતી દશામાં પેલેસ્ટીઅનો અને આરબોના હક્ક તેમની ભૂમિ પરથી જ છીનવી લીધા અને અમેરિકા તથા યૂરોપીય દેશોનું સમર્થન તથા ઓઈલની લાલચ વિગેરે બાબતોએ આરબોમાં બળતામાં ઘી હોમવાનું કામ કર્યું.

અમેરિકા જેવી લોકશાહી મધ્યપૂર્વમાં કાયમ થાય એ એની નેમ જ નથી ! અમેરિકા જેવી લોકશાહી એ ન્યાય, સ્વાતંત્ર્ય અને માનવીના હક્કોનું રક્ષણ કરે છે એવી લોકશાહી મધ્યપૂર્વમાં ન સ્થાપિત થાય એ જ પ્રયત્નો એમના રહ્યા છે અને બહાનાં ધર્મનાં, કલ્ચરનાં બતાવે છે. એવી કોઈ યોગ્ય પ્રણાલિ, રાજપ્રણાલિ જે સર્વ આરબોના દિલો દિમાગ જીતી શકે એ અમેરિકાની સાચી નેમ (નિય્યત) જ નથી. જે માણસ તમને ઝેર પાઈ રહ્યો હોય તે તમને ક્યારેય સાજા ન કરી શકે એવી એક આરબ કહેવત છે. અમેરિકા અને મુસ્લિમ વિશ્વની તંગદિલી બાબઈલ સમર્થિત એની વિચારધારાને અનુસરતા ઉગ્ર કિશ્ચ્યનો અને ઝિયોનીસ્ટોના કારણે છે. મુસ્લિમો ઉપર ધર્મને નામે તંગદિલી ફેલાવતા રહેવાની વાત તદ્દન અપ્રમાણિક અને ધૃણાસ્પદ છે.

જો આપણે નિષ્ઠાપૂર્વક મધ્યપૂર્વમાં તંગદિલી દૂર કરવા માંગતા હોઈએ તો આપણે જાતે જ પ્રમાણિક બનીને મૂળભૂત મુદ્દાઓને ધ્યાનમાં લેવા પડશે અને આવી ખોટી દોષારોપણવૃત્તિને તિલાંજલિ આપવી પડશે. ***–મહેર મુસ્લેહ***

*(અંગ્રેજી પરથી અનુવાદ : ઈસ્માઈલ સાલેહ–દયાદરા)*

# હુઝૂર તાજુશ્શરીઅહ્‌ની જીવન ઝરમર પ્રથમ દૃષ્ટિએ

રજૂકર્તા : **મૌલાના મોહસિન ક઼ાદરી રઝવી** *(ખતીબો ઈમામ : મસ્જિદે ગ઼ૌષિયા–બોલ્ટન, યુ.કે.)*

તાજુશ્શરીઅહ, બદરુત્તરીક઼હ, મરજએ આલમ, ફક઼ીહે આ'ઝમ, શૈખુલ અનામ, યાદગારે હુજ્જતુલ ઈસ્લામ, હઝરતુલ્ અલ્લામ, અલ્હાજ **અશ્શાહ મુફ્તી મુહમ્મદ અખ્તર રઝાખાં અઝહરી ક઼ાદરી બરકાતી** (અલ્લાહ એમની ઉમર લાંબી કરે)ની ચુંબકીય જાત, ઈસ્લામી જગત ખાસ કરીને અખંડ ભારતમાં (હિંદ, પાક., બાંગલા દેશ વગેરે) કોઈ ઓળખની મોહતાજ નથી. આપ દરેક ક્ષેત્રે પોતાના પૂર્વજોના સાચા વારિષ તથા જાનશીન છે. ઈલ્મ તથા ફઝ્‌લ તક઼્‌વો અને પરહેઝગારી, નિખાલસતા તથા લિલ્લાહિયતના પયકર, શરીઅતની પાબંદીમાં પોતાનો પૂર્વજોનો સુંદર આઈનો છે.

દુનિયાના મોટા મોટા બુદ્ધિજીવીઓ તથા તત્વચિંતકો એ વાત પર એકમત છે કે ઈન્સાની વંશનો સૌ પ્રથમ મદરસો માંની ગોદ અને ઘરનું આંગન છે. જો ઘરનો માહોલ દીની હોય તો બાળક પણ દીનના માહોલમાં ઉછરશે, અને જો ઘરનો માહોલ પશ્ચિમી હશે તો બાળક પણ પશ્ચિમી કલ્ચરવાળુ બનશે. અને જે બાળક મુજદ્દિદે વક્તના ઘરના આંગણે તથા હુજ્જતુલ ઈસ્લામ, મુફ્તીએ આ'ઝમ, મુફસ્સિરે આ'ઝમની ખાસ મહેરબાનીઓ તથા તેઓના કરમની ગોદનું પરવરિશ પામેલુ હોય તો પછી આગળ જતાં તે કેમ ન પોતાના સમયનું તાજુશ્શરીઅહ, ફક઼ીહે આ'ઝમ તથા મુફ્તીએ આ'ઝમ હોય.

એક મશ્હૂર કહેવત છે કે, **"વલી તે છે જેને જોઈને ખુદા યાદ આવી જાય." હુઝૂર તાજુશ્શરીઅહ્‌ આ કહેવતની જીવતી જાગતી તસ્વીર છે** અને ચહેરાનું નૂર એટલું છે કે જો લાખોના મજમામાં ઉપસ્થિત થઈ જાય તો દીદાર કરવાવાળાઓની આંખો અંજાઈ જાય. આપ શરીઅતના ઈલ્મના મોજાં મારતા સમુદ્ર અને સૂફીપણા (તસવ્વુફ)ના ઈલ્મના મજબૂત પહાડ છે. ઈલ્મો ફઝૂલ તથા રૂહાનિયતની દુનિયાના બાદશાહ તથા તાજદાર છે.

હુઝૂર તાજુશ્શરીઅહ્‌ ૨૩ નવે. ૧૯૪૩ મંગળ વારના રોજ બરેલી શરીફના સૌદાગ્રાન મહોલ્લામાં પેદા થયા. જ્યારે આપની ઉમર ૪ વર્ષ, ૪ મહિના, ૪ દિવસની થઈ તો આપના વાલિદ માજિદ હુઝૂર મુફસ્સિરે કુર્આને બિસ્મિલ્લાહખ્વાનીની રસ્મના માટે એક અઝીમુશ્શાન મેહફિલ ગોઠવી. દારુલ ઉલૂમના સર્વ તલબા તથા ઉસ્તાદોની શાનદાર દઅવતની વ્યવસ્થા કરી, તાજદારે અહલે સુન્નત હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ એ બિસ્મિલ્લાહ શરીફની રસ્મ અદા કરાવી.

હુઝૂર તાજુશ્શરીઅહ્‌એ કુર્આને પાક નાજરા પોતાના વાલિદા માજિદા પાસે ઘરમાં જ પૂર્ણ કર્યું. ઉર્દૂની પ્રારંભિક કિતાબો પોતાના વાલિદ માજિદ પાસે પઢયા. ત્યારબાદ તેઓ દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામમાં દાખલ થયા જયાં આપે ફારસી, અરબીથી લઈને હિદાયહ્‌, જલાલૈન શરીફ વગેરે મોટી મોટી કિતાબોની તા'લીમ દારુલ ઉલૂમના કાબેલ ઉસ્તાદો પાસે સંપૂર્ણ કરી.

મન્ઝરે ઈસ્લામ બરેલી શરીફથી ફારિગ થયા બાદ આપ ઉચ્ચ તા'લીમ પ્રાપ્ત કરવા માટે ઈસ્લામી

જગતની સૌથી મોટી યુનિવર્સિટી જામેઅ અઝહર ઈજીપ્તમાં દાખલ થયા જ્યાં લગાતાર ત્રણ વરસ સુધી તફસીર, હદીષ, ઉસૂલે હદીષ વગેરે ઈસ્લામી ઉલૂમ તથા વિદ્યાઓની તા'લીમ હાંસલ કરી અને ઈ.સ. ૧૯૬૬માં **પ્રથમ** સ્થાને કામયાબી મેળવી સનદ લઈ વતન પરત થયા.

જામેઅ અઝહર ઈજીપ્તથી ફારિગ થયા બાદ ફતવા લખવાનું કામ શરૂ કર્યુ અને લગભગ ૩૪ વરસથી આ જિમ્મેદારી આપ નિભાવી રહ્યા છે. આપના લખેલા ફત્વા પાંચ ભાગમાં નજીકમાં જ બરેલી શરીફથી છાપવામાં આવશે.

હુઝૂર તાજુશ્શરીઅહને બયઅત તથા ઈરાદતનો શરફ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہથી હાંસલ છે. જ્યારે આપની ઉમર ૨૦ વરસની હતી ત્યારે હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ મેહફિલે મીલાદમાં આપને સર્વ સિલસિલાઓની ખિલાફત તથા ઈજાઝત અર્પણ કરી. ઉપરાંત આપને હુઝૂર સૈયદુલ ઉલમા તથા હુઝૂર બુરહાને મિલ્લત (ખલીફાએ આ'લા હઝરત) તરફથી પણ સર્વ સિલસિલાઓની ઈજાઝત હાંસલ છે. વાલિદ માજિદ હુઝૂર મુફસ્સિરે કુર્આને ફારિગ થતાં પહેલાં જ આપને પોતાના જાનશીન બનાવી આપ્યા હતા, સાથોસાથ એક લખાણ લખી આપ્યું હતું.

હુઝૂર તાજુશ્શરીઅહ્‌ના મુરીદો ભારત, પાકિસ્તાન, બાંગલાદેશ, શ્રીલંકા, મોરિશિયસ, હોલેન્ડ, ઈંગ્લેન્ડ, સાઉથ, આફ્રિકા, અમેરિકા, મક્કા શરીફ, મદીના શરીફ, રિયાઝ, ઈરાક, ઈરાન, તુર્કી, લબનાન, બૈરુત, જાંબિયા, મલાવી, મોઝાંબિક, દુબઈ... વગેરે દેશોમાં ઉલમા, ફાઝિલો, મુફતીઓ, મુહક્કિકો, મશાઈખ, મુકર્રિરો, ડોકટરો, પ્રોફેસરો જેવા મહાન લોકો સહિત લાખોની સંખ્યામાં ફેલાયેલા છે, જેઓ આપની ગુલામી પામવા પર ગર્વ અનુભવે છે.

તાજુશ્શરીઅહએ્‌ પ્રથમ હજ્જ ઈ.સ. ૧૯૮૩માં અને બીજી હજ્જ ઈ.સ. ૧૯૮૫માં અને ત્રીજી હજ્જ ઈ.સ. ૧૯૮૬માં અદા કરી, તદ્‌ઉપરાંત ઉમરા તથા ઝિયારતથી પુષ્કળ વખત મુશર્રફ થયા.

હુઝૂર તાજુશ્શરીઅહએ્‌ રોજના તબ્લીગી દૌરા તથા સફર કરવા છતાં નીચે દર્શાવેલ કિતાબો તથા અરબીથી ઉર્દૂ તર્જુમાઓ અને મકાલા લખ્યા છે :–

(૧.) અલ્‌ હક્કુલ મુબીન (અરબી–ઉર્દૂ) (૨) ટી.વી., વી.ડી.ઓ. કા શરઈ ઓપરેશન (૩) તસ્વીરોં કા શરઈ હુકમ (૪) ફઝીલતે નસબ (૫) ફઝીલતે સિદ્દીકે અકબર (૬) હઝરત ઈબ્રાહીમ કે વાલિદ તારુખ કે આઝર (૭) હિજરતે રસૂલ ﷺ (૮) દિફાએ કન્ઝુલ ઈમાન (૯) મિર્અતુન્નજદિય્યહ્‌ (અરબી) (૧૦) શરહે હદીષે નિય્યત (૧૧) તીન તલાકોં કા શરઈ હુકમ (૧૨) ટાઈકા મસ્અલા (૧૩) આષારે કિયામત (૧૪) હાશિયા બુખારી (નમૂનો રઝા એકેડમીએ પ્રસિદ્ધ કર્યો, મુબારકપુરથી છપાઈ રહેલો છે.) (૧૫) સુનો ! ચુપ રહો ! (૧૬) સફીનએ બખ્શિશ (નઅતિયા દીવાન) (૧૭) અલ્‌ મુઅ્‌તકદ (અરબીથી ઉર્દૂ) (૧૮) ક્યા દીન કી મુહીમ પૂરી હો ચૂકી (મકાલો) (૧૯) અસ્માએ સૂરએ ફાતિહા કી વજહે તસ્મિયહ્‌ (મકાલો) (૨૦) જશ્ને ઈદે મીલાદુન્નબી ﷺ.

અંતમાં ખુલાસો એ છે કે તાજુશ્શરીઅહ્‌ની શખ્સિયતનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કર્યા પછી એ વાત સ્પષ્ટ થઈ જાય છે કે આપ એક જ સમયે મુફક્કિર, મુદબ્બિર, મુદર્રિસ, મુહદ્દિષ, મુહક્કિક, મુફસ્સિર, મુતર્જિમ અને મુફતી હોવાની સાથો સાથ એક સાહિબે દિલ સૂફી અને સાચા પીરે તરીકત પણ છે.

અલ્લાહ તઆલા આપનો સાયો અહલે સુન્નત પર લાંબો ફર્માવે. (આમીન)

*(અઝ : હઝરત અલ્લામા મુફતી કાઝી શહીદ આલમ, ઉસ્તાદ : જામિઆ નૂરિયા–બરેલી શરીફ)*

# અલ્લામા તેહસીન રઝાખાં એક બાકમાલ શખ્સિયત

(વિસાલ : ૧૮-રજબ-૧૪૨૮)

રજૂકર્તા : **પટેલ શબ્બીર અલી રઝવી**

ઈસ્લામના મહેકતા ગુલશનમાં ૧૪૦૦ વરસથી ઈમાન તથા ઈલ્મની ખુશ્બૂ વેરતાં અગણિત પુષ્પો ખીલતાં રહ્યાં અને પોત પોતાની વિશિષ્ટ મહેક વડે આલમે ઈસ્લામને મઘમઘાવતાં રહ્યાં. એમાં ઘણા એવાં અનેરાં પુષ્પો થઈ ગયાં જેમની ખુશ્બુથી આજે પણ આલમે ઈસ્લામ તથા સુન્નિયતની દરેક વ્યક્તિનાં દિમાગો તાજગી પામી રહેલ છે. એવા જ એક મહેકતા તથા અનેરી ખુશ્બુવાળા ફૂલનું નામ છે હઝરત અલ્લામા તેહસીન રઝાખાં رحمۃ اللہ علیہ. આપના થકી એવી નૂરાની ખુશ્બુ ફેલાયી છે કે આપની ઈલ્મી, ઈમાની, રૂહાની ખુશ્બુ દીર્ઘકાળ સુધી સુન્ની જગતને મહેકાવ્યા કરશે. અને કેમ ન મહેકાવે કે જેની પરવરિશ સમયના મહાન મુજદ્દિદ ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہના ઘરાનામાં થઈ હોય, જેમના દાદા ઉસ્તાદે ઝમન હઝરત હસન રઝાખાં رحمۃ اللہ علیہ હોય કે જેઓ પોતાના મોટાભાઈ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ તથા વાલિદે બુઝુર્ગવાર હઝરત નકી અલીખાં رحمۃ اللہ علیہના ઈલ્મ તથા અક્કલના ખજાનાથી તથા સોહબતથી ફયઝયાબ થયા હોય, જેમના વાલિદ હઝરત અલ્લામા હસ્નૈન રઝા رحمۃ اللہ علیہ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મુસ્તફા રઝાખાં رحمۃ اللہ علیہના સમકાલિન હોય કે જેમણે આ'લા હઝરતના મદરસા મન્ઝરે ઈસ્લામમાં ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝાથી તા'લીમ, ખિલાફત તથા ઈજાઝત હાંસલ કરી હોય એમનાં ફરઝંદ હઝરત તેહસીન રઝાખાં رحمۃ اللہ علیہ કેમ ખૂબીઓના માલિક ન બને !

હઝરત અલ્લામા તેહસીન રઝાખાં رحمۃ اللہ علیہએ સૈયદ શબ્બીર અલી બરેલ્વી મર્હૂમથી કાઈદાએ બગદાદી પઢયો પછી એક મકતબમાં કુર્આને કરીમ તથા ઉર્દૂ હિસાબ વગેરેની તા'લીમ પ્રાપ્ત કરી. ફારસીની પ્રારંભિક કિતાબો પૂરાના શહેરના એક મદરસામાં પઢી જે ધીર જાફર ખાનના મહોલ્લામાં આવેલ હતો. અરબીની તા'લીમના માટે વાલિદે મોહતરમે દારુલ ઉલૂમ મઝહરે ઈસ્લામ બરૈલી તથા મન્ઝરે ઈસ્લામમાં દાખલ કરાવ્યા. દૌરાએ હદીષના માટે વાલિદે મોહતરમની ઈચ્છાનુસાર અલ્લામા તેહસીન રઝાખાં رحمۃ اللہ علیہ જામિઆ રઝવિય્યહ્ મઝહરે ઈસ્લામ-ફૈસલાબાદ (પાકિસ્તાન) તશરીફ લઈ ગયા, અને ત્યાં દૌરાએ હદીષની મોહદ્દિષે આ'ઝમે પાકિસ્તાન હઝરત મૌલાના મુહમ્મદ સરદાર અહમદ રઝવી رحمۃ اللہ علیہ થી પઢી.

આપ હિ.સ. ૧૩૭૫ શાબાનુલ મોઅઝ્ઝમમાં જામિઆ રઝવિય્યહ્ મઝહરે ઈસ્લામ-ફૈસલાબાદ (પાક.)થી ફારિગ થઈ બરેલી શરીફ પરત આવ્યા. આપ ઈ.સ. ૧૯૪૯થી ૧૯૫૪ સુધીમાં ક્રમશઃ મોલ્વી, આલિમ, મુન્શી, ફાઝિલ તથા કામિલ થયા.

આ'લા હઝરત વ મુફતીએ આ'ઝમના ફય્ઝાન તથા સમયના મહાન ઉસ્તાદો જેમ કે સદરુશ્શરીઅહ્ (બહારે શરીઅતના લેખક) મૌલાના અમજદઅલી રઝવી આ'ઝમી, હુઝૂર મુફતીએ આ'ઝમ હઝરત અલ્લામા મુસ્તફા રઝાખાં બરેલ્વી, મુહદ્દિષે આ'ઝમે પાકિસ્તાન મુહમ્મદ સરદાર અહમદ રઝવી, શમ્સુલ ઉલમા મૌલાના શમ્સુદીન જોનપુરી ઉપરાંત અન્ય બાકમાલ ઉલમા થકી જાહેરી તથા રૂહાની ઈલ્મની સિંચાઈ આપના સીનામાં થઈ હતી, જેણે આપને ઈલ્મ તથા તક્વાના કમાલના દરજે પહોંચાડયા હતા.

આપે હુઝૂર મુફતીએ આ'ઝમ قدس سرہના હુકમ પર દારુલ ઉલૂમ મઝહરે ઈસ્લામ બરેલીમાં તદરીસી સિલસિલાની શરૂઆત કરી, પછી ઈ.સ. ૧૯૫૬ ઓગસ્ટમાં ફૈસલાબાદ (પાકિસ્તાન) ચાલ્યા ગયા. અને લગભગ આઠ મહિના રહીને

દૌરાએ હદીષની પરિપૂર્ણતા કરી. ત્યાંથી આવ્યા બાદ દારુલ ઉલૂમ મઝહરે ઈસ્લામ–બરેલીમાં આપે દર્સ આપવાનું શરૂ કર્યું. હઝરતે ઈ.સ. ૧૯૭૨ સુધી મઝહરે ઈસ્લામમાં દર્સે નિઝામિયાની તા'લીમ આપી. પછી બે વરસ સુધી એ જ મઝહરે ઈસ્લામમાં સદર મુદર્રિસીનની ફરજો અંજામ આપી. અને ઈ.સ. ૧૯૭૫થી દારુલ ઉલૂમ મંઝરે ઈસ્લામમાં સદર મુદર્રિસીન મુકર્રર થયા. સાત વરસ તદરીસી ફર્ઝો અંજામ આપતા રહ્યા. હજારો તલબા આપના ઈલ્મો હિકમત તથા કમાલથી ફયઝયાબ થયા, એમાંથી કેટલાક લાયક, બાકમાલ, આલિમ, ફાઝિલ, મુહદ્દિષ, મુફતી, ફકીહ બન્યા જેઓ દેશ વિદેશમાં ઈલ્મી ખુશ્બુ પ્રસરાવી રહ્યા છે.

ઈ.સ.૧૯૮૨માં જામિઆ નૂરીયા રઝવિય્યહ્–બરેલી શરીફની સ્થાપ્ના થતાં તેને ચલાવવાની સંપૂર્ણ જિમ્મેદારી હઝરત અલ્લામા તેહસીન રઝાખાં رحمۃ اللہ علیہને સોંપવામાં આવી અને હાલ જામિઅતુર્રઝા બરેલી શરીફમાં સદરની હૈસિયતથી ખિદમત આપી રહ્યા હતા. આપ અવાર નવાર તબ્લીગી દૌરાઓ પણ કરતા હતા, એવા જ એક દૌરામાં નાગપુર નજીક તા. ૩–૮–૨૦૦૭ના રોજ રોડ અકસ્માતમાં આપ શહીદ થઈ ગયા. اِنَّا لِلّٰهِ وَاِنَّآ اِلَيْهِ رَاجِعُوْنَ જીવનના અંતિમ શ્વાસ સુધી આપ દીન તથા સુન્નિયતની ખિદમત માટે ઝઝુમતા રહ્યા. આપ આપની પાછળ ત્રણ પુત્રો તથા એક પુત્રીને છોડી ગયા જેમનાં નામો આ પ્રમાણે છે : મૌલાના હસ્સાન રઝા, રિઝવાન રઝા, હબીબ રઝા તથા આરિફા બેગમ. આપની નમાઝે જનાઝા બરેલી શરીફમાં કાઝીયુલ કુઝા, પીરે તરીકત હઝરત અલ્લામા મુફતી અખ્તર રઝા અઝહરી મિયાં مدظلہ العالیએ પઢાવી, લગભગ ચાર લાખ લોકોએ જનાઝામાં શિર્કત કરી હતી.

આપના વાલિદે બુઝુર્ગવાર હઝરત અલ્લામા હસ્નૈન રઝા رحمۃ اللہ علیہએ આપને ઈ.સ. ૧૯૪૩માં ઉર્સે રઝવીના પ્રસંગે હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદના દસ્તે હક્ક પરસ્ત પર બયઅત કરાવી દીધા હતા. ૨૫–સફર હિ.સ. ૧૩૮૦માં આમ જલસામાં મુફતીએ આ'ઝમે હિંદે رحمۃ اللہ علیہ એ ઈજાઝત તથા ખિલાફત અતા કરી, એ સમયે સ્ટેજ પર સૈયદુલ ઉલમા સૈયદ આલે મુસ્તફા બરકાતી મારહરવી, બુરહાનુલ મિલ્લત મુફતી બુરહાનુલ હક્ક રઝવી જબલપુરી તથા મુજાહિદે મિલ્લત મૌલાના હબીબુર્રહમાન રઝવી ઓરિસવી વગેરે મહાન ઉલમા તથા મશાઈખે ખિર્કાપોશી કરાવી અને હુઝૂર મુફતીએ આ'ઝમે અમામો બાંધ્યો.

આપ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદની ખૂબ જ અદબ કરતા હતા તથા આપથી ખૂબ જ અકીદત હતી, જેનો ઈઝહાર આપે એક પત્રમાં આ પ્રમાણે કર્યો છે કે, ''હુઝૂર મુફતીએ આ'ઝમનો ઝોહદ તથા તકવો, બુઝુર્ગાના શફકત મારા માટે સૌથી વિશેષ આકર્ષણનો સબબ બની.'' અને હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ પણ આપનાથી ખૂબ જ પ્રેમભાવ ધરાવતા હતા. અલ્લામા તેહસીન રઝાખાં رحمۃ اللہ علیہના વાલિદ સાહબને ઘરવાળાં ''સાહિબ'' કહીને સંબોધતાં હતાં તો હુઝૂર મુફતીએ આ'ઝમ પણ ''સાહિબ'' કહેતા હતા. આપ ત્રણ ભાઈઓ છે અને સૌ અલ્લાહના ફઝલથી પોત પોતાના સ્થાને ગર્વ લેવા સમાન આલિમો તથા હસ્તીઓમાંથી છે. મુફતીએ આ'ઝમે હિંદ قدس سرہ ફર્માવતા હતા કે, ''સાહિબના જેટલા પુત્રો છે સૌ સારા છે, બાસલાહિયત તથા બાલિયાકત છે, પણ એમાં તેહસીન રઝાનો જવાબ નથી !'' વલીએ કામિલ હુઝૂર મુફતીએ આ'ઝમની પવિત્ર જીભ મુબારકથી નીકળેલા આ શબ્દો આપની મહાનતા તથા કમાલો બાબતે ઘણુ બધું કહી જાય છે. *(કિતાબ ''મુફતીએ આ'ઝમ ઔર ઉન્કે ખુલફા'ના સૌજન્યથી)*


અલ્લાહ તઆલા આ નૂરાની હસ્તીઓના ફય્ઝાનથી આપણને સૌને ફય્ઝયાબ ફર્માવે અને ગુલશને રઝાનાં આ મહેકતાં ફૂલોની ખુશ્બુથી સુન્ની જગતને કિયામત સુધી મહેકતુ ચહેકતુ રાખે આમીન. બિજાહિન્નબી કરીમ صلی اللہ علیہ وسلم.

કાર્યાલય

**અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી મૌલાના શાકિર નૂરી સાહબને**

# કા'બા શરીફમાં પ્રવેશની ખુશનસીબી પર મુબારકબાદ !

### જિસે ચાહે ઉસ્કો નવાઝ દે–યહ બળે નસીબ કી બાત હય



અમને એક અતિ ખુશીભર્યા સમાચાર મળ્યા કે હઝરત મૌલાના શાકિર નૂરી રઝવી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)ને કા'બા શરીફમાં પ્રવેશવાની સઆદતમંદી નસીબ થઈ અને મુંબઈ પરત આવી ગયા છે. તો અમોએ મુબારકબાદી માટે ફોન કર્યો અને આ નેકબખ્તી દરમ્યાન શું કૈફિયત રહી તે જાણવા અર્ઝ કરી તો જે જણાવ્યું તેને ટૂંકાવીને તેમની ઝબાનીનો અનુવાદ અત્રે રજૂ કરીએ છી એ : ''અલ્હમ્દુલિલ્લાહ ! ૧ શાબાને કા'બા શરીફનો દરવાજો ખુલે છે એ ખબર મળી તો ૨૮ રજબના (અહીંના હિસાબે ૨૭ રજબે) મુંબઈથી જિદ્દા રવાનગી થઈ. મક્કા શરીફ પહોંચી ઉમરા કર્યા. ખબર મળી કે મંગળવારે (તા. ૧૪–૮–૦૭) સવારે દરવાજો ખુલવાનો હતો તે હવે મગરિબ બાદ ખુલશે જેથી મગરિબ પહેલાં અમે હરમ શરીફમાં પહોંચી મકામે ઈબ્રાહીમની પાછળ બેઠા. મગરિબ તથા ઈશા અમે જાતે અલગ પઢી. પાસ મળી જતાં સમય થતાં કા'બા શરીફમાં પ્રવેશ આપવામાં આવ્યો. દરવાજો ખુલતાં તકબીરથી હરમ ગુંજી ઉઠયું. કુલ ૩૦૦ માણસોને પ્રવેશ મળે છે જેમાંથી ૧૦૦ સઊદીના અને ૨૦૦ અન્ય દેશોના હોય છે. (પોલીસ કોર્ડન રહે છે) સરકાર ﷺના નાલૈન પાકના સદકામાં એમાં અમને પણ એન્ટ્રી મળી. સૌ પ્રથમ હજરે અસ્વદને બોસો આપવાનો હોય છે પછી દરવાજા સાથેની સીડી પર થઈને અંદર દાખલ થવાનું હોય છે. સીડી પર પગ રાખતાં પગો ડગમગી રહ્યા હતા કે ક્યાં મારુ ગુનાહથી ખરડાયેલ વજૂદ અને ક્યાં કા'બા શરીફ ! બેશક ! હતીમમાં હાજરી એ પણ કા'બા શરીફમાં જ હાજરી છે પણ કા'બા શરીફમાં હુઝૂરે અકરમ ﷺએ દાખલ થઈને જે સ્થળે નમાઝ પઢી ત્યાં પહોંચવું એ પણ ખૂબ જ નેક બખ્તીની વાત છે. અંદર કોઈને પાંચ મિનિટ, સાત મિનિટ કોઈને દસ કે પંદર મિનિટ રહેવા દેવામાં આવે છે. ૧૦–૧૫ માણસો વ્યવસ્થામાં હોય છે તે સમય થતાં બહાર કાઢે છે. સરકાર ﷺના નાલૈન પાકના સદક઼ામાં ફકીરે કા'બા શરીફમાં પ્રવેશી બે રકાત નમાઝ પઢી. અંદર ફલોરીંગ દરવાજાના લેવલ પર જ છે નીચી નથી. સાધારણ નિરીક્ષણ કર્યું તો અંદર ગોલ્ડન કલરના બે થાંભલા છે, જમણી બાજુ કમરા જેવું છે અને દાખલ થતાં જમણે બહાર છે એવો જ નાનો દરવાજો છે તેની ડાબે અરબીમાં કાંઈક લખેલું છે. અંદરની દિવાલ પિસ્તા કલરના માર્બલની અથવા તેવો પર્દો છે. મેં વધુ નિરીક્ષણમાં સમય ન બગાડયો બલ્કે દુઆમાં મશ્ગૂલ રહ્યો, કેમ કે વ્યવસ્થાપકો ક્યાંક બહાર નીકળવાનું ન કહે. અંદર દિવાલથી વળગીને એ રીતે કે મદીના તરફ રુખ રહે જેથી બંને તરફથી સઆદતો નસીબ થઈ જાય દુઆમાં વ્યસ્ત રહ્યો. અંદર પ્રવેશેલા માણસો ટોપી, રૂમાલ, અમામા, કપડાં વગેરે વડે કા'બા શરીફની જમીન લૂછતા હતા, દિવાલ સાથે લગાડી રહ્યા હતા પણ સરકાર ﷺની નાલૈન પાકના સદક઼ામાં ત્યાં કોઈ શિર્ક, બિદઅત કહેતું ન હતું. જ્યારે બહાર નીકળવાનું થયું તો ખ્વાબ જેવું લાગતું હતું કે ક્યાં હું અને ક્યાં આ બરકતવંત જગા ! પોલીસ કોર્ડનની બહાર જ્યારે નીકળ્યો તો હાજર લોકોમાં કોઈ હાથ ચૂમતુ, કોઈ પેશાની તો કોઈ આંખો ચૂમતુ અને મને મળેલ આ સઆદતમંદી પર રશ્ક કરતું, મુબારકબાદ આપતું હતું. ત્યારબાદ હઝરત ઉસ્માન બિન તલ્હાના ભાઈ હઝરત શયબા જેમની પાસે કા'બાની શરીફની ચાવી રહેતી હતી તેમની ઔલાદમાંથી છે તેમને ત્યાં દા'વતમાં હાજરી આપી ત્યાં કા'બા શરીફને લગતા ઘણા તબર્રુકો, પૂરાણા સમયની ચાવીઓ, હુઝૂર ﷺનો લખેલ પત્ર મુબારક જે ચામડા પર છે વગેરેની ઝિયારત તેમણે કરાવી તથા કા'બા શરીફની જમીન લુછેલા કપડાનો ટુકડો તથા કા'બા શરીફના ગુસલનું પાણી પણ આપ્યું. બીજા દિવસે મદીના શરીફ હાજરી આપી એક રાત દિવસ રોકાઈને મુંબઈ પરત આવ્યો.'' –*(ફોનિક બયાન ટૂંકાવીને રજૂ કર્યું)*

આ સઆદતમંદી પર અમો સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા–ભરૂચ શાખા) તથા ''બરકાતે ખ્વાજા'' મંથલી પરિવાર તરફથી ખૂબ ખૂબ મુબારકબાદ પેશ કરીએ છીએ. રબ તઆલા તેના મહબૂબ ﷺના સદક઼ામાં આપના દરજાત બુલંદ ફર્માવે અને દીર્ઘકાળ સુધી આપનો સાયો સુન્નીઓ પર રહે અને બેહતરીન ખિદમત સુન્નિયતની થતી રહે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ઈટાલિયન ડો. મિસ લોરા વિગ્લેરીની દષ્ટિએ**

# ઈસ્લામના જંગી ક઼ાનૂન તથા તેની ખૂબીઓ

રજૂકર્તા : **મૌલાના ઈમરાન દાઉદ ઝંઘારવી,**
*મુતઅલ્લિમ દા.ઉ. કાદરિયા ગરીબનવાઝ,લેડી સ્મિથ સાઉથ આફ્રિકા*

ઈસ્લામ એક એવો ધર્મ છે જેના દરેક ક઼ાનૂન તથા નિયમો અલ્લાહ તઆલાના બનાવેલા છે, તેના ક઼ાનૂન તથા નિયમો અમ્નો સલામતીના અમીન છે, એટલે સુધી કે જંગ એક એવી ચીજ છે જેમાં હમેશાં કત્લેઆમ તથા રમખાણો જ થાય છે, તેના વિશે પણ ઈસ્લામે એવા નિયમો અને કાયદાઓ અર્પણ કર્યા છે જે અમ્નો સલામતીના પ્રતીક છે. આ વાતનો એકરાર મુસલમાન તો મુસલમાન ગૈરમુસ્લિમ પણ કરી રહ્યા છે. જેમ કે ડો. મિસ લોરા વિગ્લેરી જે એક ઈટાલિયન સ્ત્રી છે અને અરબી ભાષણ તથા ઈસ્લામી હિસ્ટ્રીની પ્રોફેસર રહી ચૂકી છે તેણે ઈસ્લામની ખૂબીઓનું આ શબ્દોમાં વર્ણન કર્યુ છે :–

"મેં દુનિયાના ઘણા બધા ધર્મો વિશે જાણકારી મેળવી તથા તેને સમજવામાં પણ દિલચસ્પી લીધી, દરેક ધર્મમાં કોઈ ન કોઈ ખૂબ જરૂર જોવા મળી, પરંતુ ઈસ્લામી ખૂબીઓએ મને હમેશાં પ્રભાવિત કરી. જયારે મેં ઈસ્લામી ઈતિહાસનું નિરીક્ષણ કર્યુ તો એ જોઈને હું આશ્ચર્યના સાગરમાં ડૂબી ગઈ કે યુદ્ધ જેવી બાબતે પણ ઈસ્લામે સારા ગુણો તથા માનવતાને હાથથી જવા ન દીધી ! આ એક એવી ખૂબી છે જે ઈસ્લામ સિવાય બીજા ધર્મોમાં શોધી પણ નહીં મળે.

ઈસ્લામના ફેલાવા તથા મુસલમાનોની સફળતાનો પછી તેની પૂર્વથી પશ્ચિમ સુધી હુકૂમત સ્થપાવી એ કોઈ સામાન્ય વાત નથી કારણ કે અગાઉની ક઼ૌમોની પણ હુકૂમત વધતી, પરંતુ મુસ્લિમોની સફળતાઓનું આશ્ચર્યમાં નાખી દેવું એ છે કે આ ક઼ૌમે થોડા સમયમાં એશિયા, આફ્રિકા અને યૂરોપના દેશોમાં પોતાની સફળતાનો ડંકો ઈસ્લામી ક઼ાયદાઓ પર અમલ કરીને વગાડયો. કારણ કે આ ક઼ૌમે જંગ કે શાંતિ, હાર કે જીત દરેક મોરચે પોતાના સારા ગુણો પેશ કર્યા જે અગાઉની ક઼ૌમોએ કદી ન કર્યું. યુદ્ધોમાં તબાહી તથા બરબાદી સિવાય બીજુ શું થાય છે ? લોકોના લોકો અને દેશના દેશ તબાહ થઈ જાય છે, (જેમ કે આજે અફઘાનિસ્તાન તથા ઈરાકમાં અમેરિકા તથા બ્રિટન તથા તેમના સાથી દેશો કરી રહ્યા છે.) પરંતુ ઈસ્લામે જંગ વિશે જે ક઼ાનૂન બનાવ્યા છે તેના પર અમલ કરી બતાવ્યો તો તે જંગના ઘા ઓછા થતા ગયા. છેવટે એ હકીકત બની ગઈ કે યુદ્ધ દરમ્યાન મુસલમાન દ્વારા બીજા કોઈનું વિના કારણે લોહી ન વહે, યુદ્ધના ક઼ાયદાઓ જોઈએ તો તેમાં **ઈસ્લામી સૌથી સારી વાત એ જોવા મળે છે કે મુસલમાન યુદ્ધ દરમ્યાન દુશ્મનને તકલીફ પહોંચવાવાળું કોઈ પગલુ ન ભરે, બલ્કે પોતાના બચાવની કોશિશ કરે ત્યારે પણ એ વાતનો ખાસ ખ્યાલ કરે કે તેનો હાથ કોઈ વૃદ્ધ માણસ, સ્ત્રી કે બાળક પર ન ઉઠે, યુદ્ધ દરમ્યાન કોઈ હથિયાર નાંખી દે તો મુસલમાન તેના પર કદાપી તલવાર ન ઉઠાવે તથા કોઈ પણ ધાર્મિક ગુરૂને તકલીફ ન પહોંચાડે, એટલે સુધી કે દુશ્મનનાં ઝાડો, ખેતીઓ અને ઈબાદતખાનાંઓને વેરાન ન કરે.**

ઈસ્લામી ક઼ાનૂન છે કે મુસ્લિમ ક઼ૌમ જ્યાં પણ કામ્યાબ થઈ પહોંચે ત્યાં વિના મૂલ્યે કે પરવાનગી સિવાય કોઈ પણ ચીજ ન અડકે, પરાજીત ક઼ૌમ સાથે સદ્‌વર્તન કરે, તેમનાથી કોઈ પ્રકારનો વાયદો કર્યો હોય તો તેને પૂરો કરે, આ ઈસ્લામના તે ક઼ાનૂન છે જેનું દષ્ટાંત દુનિયાના અન્ય ધર્મોમાં નહીં મળે.

ડો. મિસ લોરા વિગ્લેરી આગળ લખે છે કે યુદ્ધમાં હારજીત એમ ગમે તે થઈ શકે છે. આથી **ઈસ્લામે મુસલમાનોને પહેલાંથી જ બતાવી દીધું કે જો તમે જીતી જાવ તો પરાજીત કૌમને દરેક પ્રકારની ધાર્મિક, સામાજિક તથા આર્થિક આઝાદી આપો. તેઓની જાન, માલ તથા ઈઝ્ઝત તથા આબરૂની હિફાઝત કરો, તેઓની ઈબાદતગાહોનું રક્ષણ પોતાની ઉપર ફર્ઝ સમજો, જે તે દેશની ફત્હ તથા કામયાબી બાદ ત્યાંના ગૈરમુસ્લિમો અન્ય જગા પર જવા ઈચ્છે તો વિજયી કૌમનો ફર્ઝ બને છે કે સંપૂર્ણ ઈજ્જત તથા સુરક્ષા સાથે રવાના કરે.**

ડો. વિગ્લેરી પોતાના વિચારો વ્યક્ત કરતાં કહે છે કે મને ઈસ્લામની આ વાત ઘણી પસંદ આવી કે તેણે પોતાના અનુયાયીઓને તા'લીમ આપી છે કે **ક્યારેક મુસલમાનોની હાર થાય અને મેદાન છોડવાની વારી આવી પડે તો ત્યાંથી તરત રવાના ન થઈ જાય, બલ્કે એ વાતનો ખાસ ખ્યાલ રાખે કે તમારામાં કોઈ કરજદાર કે કોઈએ અમાનતમાં કોઈ ચીજ રાખી હોય તો તેને અદા કરે ત્યાર બાદ ત્યાંથી રવાના થાય !**

ઈસ્લામના આગમન અગાઉ યુદ્ધોમાં જે કૌમનો યુદ્ધમાં વિજય થતો તેનું પરાજીત કૌમની દરેક વસ્તુ પર નિયંત્રણ રહેતું. પરાજીત કૌમને ગુલામી હેઠળ રહેવું પડતું હતું. જ્યારે કે ઈસ્લામે હમેશાં માટે આ પ્રથાને નાબૂદ કરી દીધી અને હારવાવાળાઓને નાગરિક તરીકે આઝાદી, ધાર્મિક, સામાજિક તથા આર્થિક ક્ષેત્રે ખુલ્લેઆમ છૂટ આપવામાં આવતી, તેમના પર કોઈ પણ પ્રકારનું માનસિક દબાણ કરવામાં આવતું ન હતું. વાત આટલા પર જ ખત્મ નથી થતી બલ્કે પરાજીત કૌમમાં કોઈ અક્લમંદ, બુદ્ધિશાળી જ્ઞાની માણસ હોય તો તેની હૈસિયત પ્રમાણે તેનું માન રાખવામાં આવતું. ઈસ્લામી હુકૂમત સ્થાપિત થયા બાદ ગૈરમુસ્લિમોનો માલ, જમીન કે મિલ્કિયત હોય તો તેને હાથ પણ લગાડવામાં ન આવતો, બલ્કે તેને ધાર્મિક સંસ્થાના હવાલે કરી દેવામાં આવતી હતી.

આ ઈસ્લામની તે ખૂબીઓ છે જેના કારણે હું આટલી હદે પ્રભાવિત થઈ અને હું સમજું છું કે **ઈસ્લામ જ એક એવો ધર્મ છે જેની તા'લીમાત તથા કાનૂન વ્યવસ્થાથી માત્ર મુસલમાન જ નહીં બલ્કે પૂરી માનવતા ફાયદો ઉઠાવે છે. આપણે ઈસ્લામી કાનૂન તથા તા'લીમાતનું ઠંડા દિમાગે નિરીક્ષણ કરી બને તો તેના પર અમલ કરવાની કોશિશ કરવી જોઈએ કે જે મુસ્લિમ તથા ગૈરમુસ્લિમ બંને માટે લાભદાયક છે.** જંગના આ પ્રકારના કાનૂન તથા નિયમો અન્ય કોઈ ધર્મમાં જોવા નહીં મળે.

## અલીયાબાડામાં શાનદાર જલસો

**અલીયાબાડા :** મુકામે હઝરત સૈયદ હાજી અલી પીર બાવા رحمۃ اللہ علیہ નો ઉર્સ તા. ૩–૯–૨૦૦૭ના રોજ (૨૦–શાબાનુલ મોઅઝ્ઝમ હિ.સ. ૧૪૨૮)ના રોજ મનાવાશે. આ મુબારક મોકા પર તા. ૩–૯–૨૦૦૭ના રોજ ઈશા બાદ શાનદાર તકરીરી જલસો થશે જેમાં મુકર્રિરે બેમિષાલ હઝરત અલ્લામા મૌલાના અન્વાર અહમદ કાદરી (ઈન્દોર) તથા હઝરત મૌલાના સૈયદ કમર કુત્બી કારંટવી સાહબ નૂરાની બયાનો ફર્માવશે. નઅતે પાકના ગુલદસ્તા મશ્હૂર નઅતખ્વાં જનાબ મૂસા રઝા દલ (પોરબંદર) પેશ કરશે. સુન્ની અવામને હાજરી આપી સવાબે દારૈન હાંસલ કરવા અપીલ છે.

*લિ. હાજી દાઉદભાઈ અલીયાબાડાવાળા*

## બરકાતે ખ્વાજાની ટપાલ

કાર્યાલય

### બરકાતે ખ્વાજા (માસિક) ગમ્યું !

મોહતરમ એડિટર સાહબ ! **"બરકાતે ખ્વાજા"** (માસિક)નો ઓગસ્ટ ૨૦૦૬નો અંક પોતાની નિરાળી આન બાન, અનોખી શાન સાથે નઝરનવાઝ થયો અને મુખપૃષ્ઠ પર એક દૃષ્ટિ પડતાં જ તેમાં સામેલ લેખોનાં હેડીંગ દિલો દિમાગને ઝગમગાવી ગયાં. અલ્હમ્દુલિલ્લાહ ! કૌમે મુસ્લિમની આગેવાની તથા દીની દુનિયવી રહનુમાઈ કરતા ધાર્મિક તથા કરંટ ઈસ્યુઝ પર આધારિત લેખોના સમાવેશથી આ માસિકની ગુજરાતી માસિકમાં તે જ છાપ છે જે ઉર્દૂ માસિકોમાં માહનામા "જામે નૂર"ની છે. અલ્લાહ તઆલા તેને વીજળીવેગે પ્રગતિના પંથે ઊંચે અને ઊંચે પહોંચાડે. આમીન

—ઈમરાન રઝા દયાદરવી *(મુતઅલ્લિમ જામિઆ અશરફિયા—મુબારકપુર)*

★ ★ ★

મોહતરમ જનાબ પટેલ શબ્બીર અલી રઝવી સાહબ, અંજુમને રઝાએ મુસ્તફાના કાર્યકરો તથા સર્વને દુઆ સલામ બાદ, આપની સંસ્થાના મુખપત્ર **બરકાતે ખ્વાજા (માસિક)** થકી તથા વિવિધ કિતાબોનાં પ્રકાશનો દ્વારા મઝહબી ક્ષેત્રે સારી એવી પ્રશંસનીય નોંધનીય તથા સરાહનીય કામગીરી ચાલી રહી છે જેના માટે મુસ્લિમ સમાજે ગર્વ લેવો જોઈએ. વર્તમાન યુગ કોમ્પ્યુટર, ઈન્ટરનેટ તથા ઈલેક્ટ્રોનિક તથા પ્રિન્ટ મીડિયાનો યુગ છે. મુસ્લિમ, સમાજમાં દીની દુનિયવી તા'લીમનું પ્રમાણ નહિંવત છે. દીની દુનિયવી તા'લીમ વધુ મળે તે દિશામાં હજુ વધુ જાગૃત થઈ કામગીરી કરવાની જરૂરત છે. આપના લેવલની કામગીરી બદલ આપ સર્વને મુબારકબાદ !

—લિ. અ.હબીબ તરકવાડીયા (B.A.)—જસદણ

### દા.ઉ. બુખારીયામાં ઉર્સે ગરીબ નવાઝ

**ચાંચવેલ** : દારુલ ઉલૂમ બુખારીયા ફયઝુર્રસૂલ ખાતે તા. ૨—૭—૦૭ના રોઝ ઉર્સે ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ શાનો શૌકતથી મનાવાયો. મુહમ્મદ અશ્ફાક ચાંચવેલી (મુતઅલ્લિમ) થકી કલામે પાકની તિલાવત સાથે પ્રોગ્રામ શરૂ થયો. તાલિબે ઈલ્મ અર્શદ સૂરતવાળાએ નઅતેપાક તથા મુહમ્મદ સમીર (બરોડા)એ મન્કૃબત પેશ કરી. હઝરત મૌલાના સરફરાઝ મિસ્બાહી સદર મુદર્રિસીને ખ્વાજા સાહબની શાનમાં ઈમાન અફરોઝ તક્રીર કરી. —રજૂકર્તા : મુહમ્મદ રિઝવાન (કેરવાડા)

**કિલ્લાપારડી** : સુન્ની જમાઅત કબ્રસ્તાનમાં હઝરત ગુલામ શહીદ પીરબાવાના મઝાર ખાતે તા. ૪—૮—૦૭ શનિવાર ઝહોરબાદ કુર્આન ખ્વાની, અસરબાદ ગુસ્લ તથા સંદલ શરીફ તથા ઈશા બાદ અન્ય રાબેતા મુજબ પ્રોગ્રામો થયા, જેમાં ગ્રામ્યજનોએ અકીદતભેર હિસ્સો લીધો હતો. તેમજ હઝરત ઈમામ જાફર સાદિક رحمۃ اللہ علیہની ન્યાઝ પણ કરવામાં આવી હતી.

—લિ. સુન્ની જમાઅત (કિલ્લાપારડી)

**કેશોદ** : સબીલે હુસૈન કમિટી થકી ઘાંચી સમાજ પાસે મકસૂદ ચોકમાં સુલ્તાનુલ્ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہની યાદમાં શાહઝાદાએ અમીરે અહલે સુન્નત પીરે તરીકત હઝરત મૌલાના ગુલઝારબાપુ નૂરી રઝવી (સજ્જાદાનશીન ખાનકાહે રઝવિય્યહ નૂરીય્યહ—જૂનાગઢ)ની સદારતમાં શાનદાર જલસો યોજાયો જેમાં હઝરત મૌલાના મુફતી મલિક આરિફુલ્લાહ સાહબે (જામનગર) તથા અન્ય ઉલમાએ બયાનો કર્યા હતાં.

### સહાયની અપીલ

**વારાહી** : ખાતે દીની દુનિયાવી તા'લીમની વ્યવસ્થા સાથે પ્રાથમિક તથા માધ્યમિક શાળા ચાલે છે જેમાં ગરીબ, યતીમ વિદ્યાર્થીઓને રહેવા, જમવા,

કપડાં વગેરે સુવિધા મફત મળે છે. સખીદાતાઓ આ ક્ષેત્રે ધ્યાન કરી ઝકાત, ઈમદાદ, લિલ્લાહ વગેરે મોકલે. નવા કલાસ રૂમો બાંધવાના છે તેમાં પણ સહકાર કરે. **સંપર્ક કરો** : શાહમદાર બોર્ડિંગ મદ્રસા ફૈઝે મદાર, મુ. વારાહી, તા. સાંતલપુર, જિ. પાટણ, ઠે. કંડલા હાઈવે રોડ, ફોન : (૦૨૭૩૮) ૨૨૪૧૧૬.

**લંડન** : જનાબ મૌલાના મુફ્તી હારૂન રશીદ અમજદી કંબોલ્વી (ખતીબો ઈમામ કુબા મસ્જિદ, લંડન) સાહબના ત્યાં બેબીનો જન્મ થયો જેનું નામ "હુમૈરા" રાખ્યું છે જેની ખુશીમાં રૂા. ૧,૦૦૦/– **બરકાતે ખ્વાજા (માસિક)**ને મોકલ્યા છે. જઝાકલ્લાહ ! મુબારકબાદ !

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**જુહાપુરા** : (અમદાવાદ)થી જનાબ હાજી જી.એ. મોમિન અશરફી પાટડીવાળા જણાવે છે કે પોતે તથા પૌત્રી હબીબાખાતૂન ગયા વરસે હજ્જે બયતુલ્લાહ ગયાં હતાં તેઓ સહી સલામત પરત આવી ગયાં હતાં તેની ખુશીમાં 'બરકાતે ખ્વાજા' (માસિક)ને **રૂા. ૨૫૦** મોકલ્યા છે. જઝાકલ્લાહ ! મુબારકબાદ !

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ઈસ્લામિક વેલ્ફેર મિશન થકી મેડિકલ કેમ્પ

તા. ૩૧–૫–૨૦૦૭ ગુરૂવારે સાંજે ૪:૩૦ થી ૭:૩૦ સુધી સ્ત્રી રોગો તથા પ્રસૃતિ રોગોનો મફત નિદાન કેમ્પ S.D.I સાર્વજનિક દવાખાનુ–હાજીખાં બજાર ખાતે યોજાયો જેમાં ડો. શૈલાબેન મહંત (એમ.ડી.)એ ૮૩ સ્ત્રી દર્દીઓને ચકાસી નિદાન કર્યું હતું અને દવા આપી તેમજ ટ્રીટમેન્ટ માટે દવાઓ લખી આપી હતી. –રજૂ. (મેનેજર) તારિક્ભાઈ શેખ, ભરૂચ

## કિતાબ મંગાવો

**કિતાબ : બાર માહકે નવાફિલ**

સંપાદક તથા પ્રકાશક : જનાબ મૌલાના અબ્દુલગની મિયાંઅહમદ રાજેભાઈ (M.A.L.L.B.) ૫/૨૦૨૫, આસિફ સોસાયટી, બ્લોક નં. ૫, પોલોગ્રાઉન્ડ, મુ. હિંમતનગર, પિન. ૩૮૩ ૦૦૧ (S.K.) મોબાઈલ : ૯૯૨૪૭ ૮૦૧૯૧

**નોંધ** : કિતાબના નામ પરથી જાહેર છે તેમ ઈસ્લામી મુબારક દિવસો રાતોની ફઝીલત સાથે નફલો પઢવાની સારી માહિતી એમાં છે તો ઉપરોક્ત સરનામે રૂા. ૨૦ M.O. કરીને મંગાવી લેશો.

## કિતાબ મંગાવો !

કિતાબ: **શેખ અહમદ ગંજ બક્ષ મગરિબી** رحمۃ اللہ علیہ

સંકલન : જનાબ શાહિદ જી. કલીમી

કિંમત : રૂા. ૪૦ (પેજીસ : ૧૪૪)

પ્રાપ્તિસ્થાન : **(૧)** કલીમ બુક ડેપો, ત્રણ દરવાજા, અમદાવાદ, પિન. ૩૮૦ ૦૦૧ **(૨)** સરખેજ રોઝા કમિટી, મકરબા, પો. જીવરાજ પાર્ક–અમદાવાદ, ૩૮૦ ૦૫૧

સરખેજ મુકામે આ મહાન બુઝુર્ગનો ઐતિહાસિક મઝાર શરીફ આજે પણ આપની રૂહાની શાનનું એલાન કરી રહ્યો છે. આ મહાન બુઝુર્ગના જીવનના હાલાત પર અભ્યાસ પાત્ર આ પુસ્તક ઉપરોક્ત સરનામેથી જરૂરથી મંગાવશો. સંપાદક તથા પ્રકાશકને મુબારકબાદ !

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## એક અણમોલ કિતાબ

કિતાબ : **મદીના સંસ્કારી નગરી** (પેજીસ : ૨૬૪)(જઝબુલ કુલૂબ ઈલા દયારે મેહબૂબ)

લેખક : હઝરત શયખ અબ્દુલ હક્ક મુહદિષ દહેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક : જનાબ મોઈનુદ્દીન મનીયાર (હાલ : વેમ્બલી, યુ.કે.)

પ્રકાશક : સુન્ની મુસ્લિમ કમિટી, વેરી દરવાજા, ગોંડલ–૩૬૦ ૩૧૧ (સૌરાષ્ટ્ર)

પ્રસ્તૂત કિતાબ પ્રકાશકે વિના મૂલ્યે વહેંચવા પ્રકાશિત કરી છે. કિતાબનું નામ તથા મૂળ લેખકના નામ પરથી જ કિતાબની શાન જાહેર થઈ જાય છે,

જેમાં ઈમાની રૂહાની ખજાનો ભરપુર છે જે દિલોને ઈશ્કે નબીમાં ચૂર કરી આપે છે. વહાબી, દેવબંદી વગેરે હઝરત શયખ અબ્દુલ હક્ક઼ દહેલ્વી رحمۃ اللہ علیہને માનવાનો દાવો કરે છે તો મદીનાની શાન શું છે તે વાંચે અને પછી સમજે કે મદીના શહેરની આ શાન છે તો મદીનાવાળા આક઼ા ﷺની શાન શું હશે ?! તથા જે રિવાયતો આપે બયાન કરી છે તેના મુજબના અકીદા પણ અપનાવે. ખૂબ જ ઈમાન અફરોઝ કિતાબ છે. આવી કિતાબો બહાર પાડતી સુન્ની કમિટીઓ ખાસ કરીને સુન્ની મુસ્લિમ કમિટી–ગોડલને સખીદાતાઓ ભરપુર સહકાર કરે એવી અપીલ છે. અનુવાદક, પ્રકાશકને ખૂબ ખૂબ મુબારકબાદ ! *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**કિતાબ મફ્ત મંગાવો !**

કિતાબ : **વહાબીઓ પાછળ દુનિયામાં ક્યાંય નમાઝ થશે નહીં !** (પેજીસ–૬૦)

અઝ : મુફતી ગુલામજીલાની મિસ્બાહી સાહબ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

પ્રકાશક : અંજુમને રઝાએ મુસ્તફા, મુા. દયાદરા, તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, અથવા ૯૪૨૭૮ ૧૭૩૯૯ નંબરો પર S.M.S. કરો.

આ કિતાબમાં મક્કા–મદીના ખાતે રાજકર્તાઓ સઊદી, નજ્દીની અસલિયત તથા વહાબી ઈમામો પાછળ હરમ શરીફ હોય કે જગતનો કોઈ પણ ખૂણો પણ નમાઝ થશે નહીં તેની વિગતવાર સમજ આપી છે જેથી હજ્જ તથા ઉમરા માટે જનારા ખાસ વાંચે.

**શાદી પ્રસંગે મેહફિલે નઅતે પાક**

**દયાદરા** : મુકામે મર્હૂમ અબ્દુલ્લાહ મોટલીની નેક દુખ્તર શાહીનબાનુની શાદીના મુબારક પ્રસંગ નિમિત્તે મોટા ચકલા ઉપર નઅતે પાકની નૂરાની મેહફિલનો શાનદાર પ્રોગ્રામ થયો જેમાં મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ ખાલિદ રઝા (મુંબઈ) તેમજ જનાબ ફખ્રે આલમ સાહબ (ભીવંડી)એ તશરીફ લાવી સરકાર ﷺની શાનમાં ઈમાન અફરોઝ અંદાઝમાં ખાસ કરીને આ'લા હઝરત رحمۃ اللہ علیہ, હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ, હઝરત હસન રઝાખાં رحمۃ اللہ علیہ વગેરે બુઝુર્ગોના કલામો પેશ કરી દિલોને ઈશ્કે મુસ્તફાથી તરોતાઝાં કરી દીધાં હતાં. દા.ઉ. નૂરે મુહમ્મદી દયાદરાના ઉલમા, હુફફાઝ તેમજ દયાદરા જામેઅ મસ્જિદના ઈમામ મૌલાના શાહજહાં મિસ્બાહી તથા જનાબ હાફેઝ યૂનુસ કુરચનવી તથા દા.ઉ. ચાંચવેલ, આમોદ વગેરેથી ઉલમા, હાફિઝ, મુબલ્લિગોએ હાજરી આપી હતી. પૈસાના મદમાં નાચગાનના ધટીંગો કરતા લોકો તૌબા કરે અને ખુશીના પ્રસંગે સરકાર ﷺની પ્રશંસાનાં (નઅતના) પ્રોગ્રામો, ઉલમાની તક઼રીરો કરાવે એવો સંદેશ આપતો આ અનુસરણીય પ્રોગ્રામ હતો. મોટલી ફેમેલીને મુબારકબાદ !

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ઈન્તેકાલ પુરમલાલ !**

**દયાદરા** : તા. ૧૩–૮–૨૦૦૭ સોમવારના રોજ જનાબ યાકૂબ મૂસા ઘંટીવાળાનાં અહલિયા મેરૂનબેન તેમજ એ જ દિવસે જનાબ અલીભાઈ આઝાદનાં અહલિયા હુરીબેનનો ઈન્તેકાલ થઈ ગયો. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમાની મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને સબ્રે જમીલ આપે. (આમીન) તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

**કપડવંજ** : (કડીયાવાડ)થી જનાબ ઉસ્માનગની અબ્દુલગની તલાટી જણાવે છે કે તેમના વાલિદ હાજી અ.ગની રૂસ્તમભાઈ કારીગર તા. ૬–૬–૨૦૦૭ના રોજ ખુદાની રહમતમાં પહોંચી ગયા. તેમના સવાબ અર્થે તેમણે **રૂા. ૨૦૦/–** બરકાતે ખ્વાજા (માસિક)ને મોકલ્યા છે. રબ તઆલા તેના હબીબ ﷺના સદક઼ામાં મર્હૂમની મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે. (આમીન)

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

કાર્યાલય

➔ **સુન્ની શેખ યુવાન** : ઉ. ૨૩ વર્ષ, હાફિઝ કારી, આલિમ, પિતા ક્લિનિક ધરાવે છે.

➔ **સુન્ની શેખ યુવાન** : ઉ. ૨૬ વર્ષ B.A., M.A., વ્યયવસાય : બિઝનેસ, ટયૂશન, પિતા ક્લિનિક ધરાવે છે.

➔ **સુન્ની શેખ યુવાન** : ઉ. ૨૨ વર્ષ, કારી, નવ પાસ, મદ્રસામાં મુદર્રિસ, પગાર રૂા. ૩,૦૦૦/–

➔ **સૈયદ સુન્ની યુવાન** : જ.તા. ૨–૧૦–૧૯૮૧, ધો. ૧૨ પાસ, ડિપ્લોમા ઈન ડિઝલ એન્જીનીયર, હાલ : દુબઈ, સેલ્સમેન કમ ડ્રાયવર તરીકે.

➔ **મલેક સુન્ની યુવાન** : જ. તા. ૧૧–૧૧–૧૯૮૪, એજ્યુ. B.Sc., M.Sc. M.Phil (Physices), ગુજરાતી, હિંદી, અંગ્રેજીના જાણકાર.

➔ **સુન્ની પઠાણ યુવતી** : ઉ. ૨૦ વર્ષ, S.S.C. નાપાસ, નેક ખંતિલો યુવાન પસંદગી પાત્ર.

➔ **સૈયદ સુન્ની યુવતી** : જ.તા. ૨૩–૭–૧૯૮૮, એજ્યુ. બાર કોમર્સ, P.T.C. પાસ, હાલ પ્રાઈવેટ સ્કૂલમાં ટીચર, નેક સૈયદ ચુસ્ત સુન્ની યુવાન પસંદગીને પાત્ર.

➔ **સુન્ની ઘાંચી યુવતી** : જ.તા. ૧૭–૬–૧૯૮૨, એજ્યુ. M.C.A., B.C.A. (67%), સર્વિસ તથા OCP કોર્સ ચાલુ, પિતાની બેંકમાં સર્વિસ.

➔ **સુન્ની યુવતી** : ઉ. ૨૨ વર્ષ, B. A. પાસ, હાલ : ઈસ્લામિક સ્કૂલમાં શિક્ષિકા, હિંદી, ગુજરાતી, ઈંગ્લિશ, ઉર્દૂની જાણકારી, અરબી કુર્આન પઢાઈ, મહેંદી કામની જાણકારી.

➔ **કાઝી સુન્ની યુવતી** : જ.તા. ૩૧–૧૨–૧૯૭૯, S.S.C. પાસ, દીની તા'લીમ પામેલ.

➔ **શેખ સુન્ની યુવતી** : જ.તા. ૫–૩–૧૯૭૬, ઉંચાઈ : ૫.૩.' એજ્યુ. B.A. With ગુજરાતી, કોમ્પ્યુટરમાં Ms Office, DTP, Tally, Win 98 etc., પિતા રિટા. કસ્ટમ ઈન્સ્પેકટર, એજ્યુકેટેડ ફેમેલી.

➔ **પઠાણ સુન્ની યુવતી** : જ.તા. ૨૭–૭–૧૯૮૧, B.A. ઊંચાઈ : ૫.૩', વજન : ૫૨ કિલોગ્રામ, પિતા. રિટા. રેલ્વે કર્મચારી.

➔ **શેખ સુન્ની યુવતી** : જ.તા. ૧૫–૧૧–૧૯૮૩, એજ્યુ. ૧૨ પાસ, ઊંચાઈ : ૫.૧', ઘરકામ, સિલાઈકામ, કુકીંગ, નમાઝ–તિલાવતની શોખિન, હજ્જ તથા U.K.ની સફર કરેલ છે.

➔ **કાઝી સુન્ની યુવતી** : તા. ૫–૧૧–૧૯૮૪, S.S7.C. પાસ, વાન–ઉજળો, કુર્આન પઢેલી, ભણેલ ગુજરાન ચલાવે તેવો કાઠિયાવાડી સાઈડનો યુવાન અધિક પસંદગીને પાત્ર.

➔ **પટેલ સુન્ની યુવતી** : જ.તા. ૧૭–૩–૧૯૮૩, M.A.Bed (English), 1st Class, નેક એજ્યુકેટેડ સુન્ની યુવાન ઈન્ડિયા કે U.K. ખાતે પસંદગીને પાત્ર.

➔ **સૈયદ સુન્ની ચિશ્તી યુવતી** : જ.તા. ૨૦–૫–૧૯૮૪, એજ્યુ. B.A. LLB. ગુજ. યુનિ., હિંદી, ગુજરાતી, અંગ્રેજી, ભરત, વિવિંગ જાણનાર.

➔ **સૈયદ સુન્ની યુવતી** : ઉમર–૨૫ વર્ષ, B.A. પાસ, યોગ્ય સુન્ની યુવક પસંદગી પાત્ર.

➔ **કુરેશી યુવાન** : જ.તા. ૨૧–૭–૭૮, ઊંચાઈ : ૫.૭', નવ પાસ, બીઝનેસ, પસંદગી : કોઈપણ સુન્ની પર્દાનશીન દીનદાર ખાતૂન

➔ **કુરૈશી યુવાન** : જ.તા. ૧૦–૧૦–૧૯૮૨, ઊંચાઈ : ૫.૭' દસ પાસ, બિઝનેસ, પસંદગી : કોઈપણ સુન્ની પર્દાનશીન દીનદાર ખાતૂન

*(અનુસંધાન : ટાઈટલ નં. ૩ પર જુઓ......)*